
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર


## ॥ ૧૯ ॥

મહાપ્રાણ ધ્યાન નવકાર




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

## સાક્ષાત્ આત્મધ્યાનમાં લઈ જતો સીધો માર્ગ

## 'ह' વર્ણનું ધ્યાન




| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| क | ख | ग | घ | च | छ | ज |
| १-१-३-४ | १-४-२-४-१ | १-१-५ | १-४-४-१ | १-१-४-२ | ४-४-५-४ | १-१-२-४ |
| झ | ट | ठ | ड | ढ | ण | त |
| १-१-२-३-३-३ | १-२-४ | १-२-४-४ | १-२-४-४ | १-२-३-४ | १-३-१ | १-१-४ |
| थ | द | ध | न | प | फ | ब |
| १-१-४-५-४ | १-२-४-५ | १-१-४-५-४ | १-१-४-३ | १-१-३ | १-३-३ | १-१-२-४ |
| भ | म | य | र | ल | व | श |
| ५-५-५-१ | १-५-५-१ | १-१-४-५ | १-१-४-५ | १-१-४-४ | १-१-४ | १-२-४-१ |
| ष | स | ह | ए | क्ष | ज्ञ | |
| १-१-३-१ | १-१-१-२-४ | १-२-४-५ | १-५-५-२-१ | १-१-५-५-५ | १-१-२-४-५ | |

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૯ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## ☐ VOLUME - 19

May 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com


---


## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY



Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500



## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---


## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH




C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# અધ્યાત્મઘોષમાં અર્પીએ સૌ પ્રતિઘોષ



પૂર્વભવની અધૂરી રહી ગયેલી સાધનાને પૂર્ણ કરવા આ ભવમાં કર્મભૂમિ અને આર્યદેશમાં આવીને સંયમની સાધનાનું પૂર્ણપણે પાલન કરી અનેકોનાં જીવનમાં અધ્યાત્મના ભાવોનો પ્રવેશ કરાવવા માટે જ જાણે જેમનું જીવન હતું, એવા અમારા પરમોપકારી ગુરુમહારાજ એટલે પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી! તેઓનું લક્ષ્ય અધ્યાત્મ અને આત્મજ્ઞાન તરફનું જ વિશેષ હોવાથી એમની દ્રષ્ટિ હંમેશા એ બે ભાવોથી જ ભાવિત રહેતી. તેઓ જે કાંઈ ઉત્તમ વાંચતા-સાંભળતા-ચિંતન-અનુપ્રેક્ષા કરતા, તેની નોંધ રોજનીશી કે પત્રોમાં પ્રમાદ કર્યા વિના તરત જ ટપકાવાઈ જતી.

અધ્યાત્મનાં કલ્પના બહારનાં ચિંતનો આ ડાયરીઓમાં આલેખાયેલા જોવા મળે છે, તે અંતઃસ્થલમાં સ્પર્શ્યા વિના રહેતા નથી. મૈત્ર્યાદિ ભાવનાની ચિંતવના કે ભક્તિની અનુપ્રેક્ષા ચાલતી હોય ત્યારે જે ઊંડાણ સુધી જાય, તે વાંચતા થાય કેઃ અહા ગુરુદેવ! આપે આ પદાર્થોને અંતરમાં કેવા તો ઘુંટયા હશે? શ્રદ્ધાપૂર્ણ અહિંસાની વાતોમાં 'સર્વભૂતનો અદ્રોહ તે સર્વ ધર્મમાં શ્રેષ્ઠ એવી અહિંસા' એમ લખેલું મળે. પ્રેમ-દયાનાં વિષયમાં બીજાને સુખ આપવાની તથા બીજાના દુઃખે દુઃખી થવાની વૃત્તિની વાત આવે. તેઓ પ્રેમની વૃદ્ધિનો ઉપાય આત્માનું સમ્યગ્જ્ઞાન અને કરૂણાને ગણાવે. આત્માના ગુણોને સમ્યગ્ બનાવનાર જ કરૂણાતત્ત્વ છે, એમ ઉમેરી વિશ્વની વ્યવસ્થા ચલાવતી શક્તિનું નામ જ કર્મની અચિન્ત્યશક્તિ - કર્મનો સનાતન નિયમ કે કર્મનો અકાટ્ય કાયદો છે, એ વિષયક સમજણ આપે. સમગ્ર વિશ્વ કર્મને અર્થાત્ કરૂણાને અર્થાત્ ધર્મને આધિન છે, એ રીતે અદ્ભૂત અનુપ્રેક્ષાથી કળામય રીતે અંતમાં મૈત્રી-ભક્તિ-અહિંસા-પ્રેમ-કરૂણા-કર્મ-એ સૌને ધર્મનાં જ એકાર્થવાચી બતાવે.

અરે, સાહેબજીએ પ્રતિષ્ઠા સંબંધી સુદીર્ઘ લખાણોમાં જે માર્મિક ભાવો પ્રગટ કર્યા છે, તે તો કમાલ કમાલ તથા વાચકને સ્વાનુભૂતિ કરાવનાર બને છે. પ્રતિષ્ઠા વિધિમાં સ્થાપનાના ઉદ્દેશથી વિધિની પ્રવૃત્તિ છે અને સ્થાપનામાં ભાવથી સર્વ ગુણોનો આશય કરવાનો હોવાથી પ્રભુના સર્વ ગુણો વડે 'स एवाऽहम्' થાય, એ રીતે પરમાત્મમંદિરની પ્રતિષ્ઠા પોતાના આત્મામાં સ્થાપિત થાય છે. 'આ બિંબ પ્રતિષ્ઠિત છે એટલે મારો આત્મા નિશ્ચયથી પરમાત્મા છે' એવો પ્રતિષ્ઠાકારકનો ભાવ આ પ્રતિમામાં વિધિપૂર્વક પ્રસ્થાપિત થયેલો છે, તેનું સ્મરણ કરાવનાર હોવાથી પોતાનો આત્મા પણ સિદ્ધ પરમાત્મા જેવો છે, એવી શ્રદ્ધા આવે છે. આવા આત્મસ્પર્શી ચિંતનોનો ખજાનો એટલે આ અક્ષયપાત્રોમાં સમાવિષ્ટ હસ્તલિખિત ડાયરીઓ.

**મૌનમાંથી મુખર થઈ રહેલી રોજનીશીઓ... જાણે નિરવતામાં ડૂબેલાં મહાલયોએ હવે જ દાયકે અધ્યાત્મની વાત માંડી છે ત્યારે તેના ઘોષમાં આવો, સૌ પ્રતિઘોષ અર્પીએ.**

જેમની રગેરગમાં ચૈતન્યશુદ્ધિ વહી રહી હતી, તેવા પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યનાં 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ખજાનાનું જે રીતે દર મહિને અવિરત પ્રકાશન થઈ રહ્યું છે, તેને પરમોચ્ચ રીતિએ તૈયાર કરાવી આપણા સુધી પહોંચાડનારા પૂજ્ય પંન્યાસજી મહારાજનાં પરમ ભક્ત મુંબઈનાં સુશ્રાવકશ્રી **સી.કે.મહેતા**ની જબ્બર-અનહદ ઉદારતાને ધન્યવાદ દેવા જ પડે. વળી અંતરથી નવાજવી પડે શ્રમભક્તિ રાજકોટનાં અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈ મહેતાનાં સુપુત્ર દિપકભાઈનાં ધર્મપત્ની **ભારતીબેન**ની. ૩૦-૩૦ સાથીદારો સાથેનાં તેઓનાં કાર્યસાતત્યને કાબીલેદાદ કહેવું જ પડે. આ અમુલ્ય ગ્રંથો, જે ભવિષ્યની એક અધ્યાત્મનિધિ રૂપે બની રહ્યાં છે, તે સૌને આત્મસમદર્શિત્વનાં ભાવ સુધી ખેંચવામાં સહયોગી બની રહેશે, તેવી શ્રદ્ધા છે.

મે, ૨૦૧૯
**હાલાર તીર્થ, આરાધનાધામ.**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

સાહેબજીનાં આ ચિંતનો અત્યારે મારી આવી અસ્વસ્થ તબિયતમાં મને જે અપૂર્વ સમાધિ આપી રહ્યાં છે, તે જ બતાવે છે કે મારા ઉપર ગુરુમહારાજની કેવી અનહદ કૃપા છે, જે આવા અશાતાનાં ઉદયમાં શાતા આપનાર અપૂર્વ ચિંતન મળી રહ્યું છે.

- પં.વજ્રસેનવિજય



# આ હસ્તલિખિત અક્ષયપાત્રો બનાવે છે વિરહને સહ્ય...

સંવત્ ૨૦૩૦માં રાજસ્થાનનાં શિયાળાની એક થરથરતી સાંજે હું પૂજ્ય ગુરુમહારાજનાં વંદન કરવા ગયેલો, જ્યાં મારા મનમાં ઘોળાતો પ્રશ્ન મેં પૂછી લીધેલોઃ 'સાહેબજી, મુંબઈમાં મોટર-કારમાં મુસાફરી કરતાં હોઈએ અને સીગ્નલ આવે કે તરત જ ભિક્ષુકોનો હાથ લંબાયો જ સમજો! તેઓને નાણું આપવું તે તેઓની ભીખ માંગવાની ટેવને પોષવાની ક્રિયા ગણાય કે આપણા દાનધર્મને પોષવાની?'

પૂજ્ય સાહેબજીએ ખૂબ જ માર્મિક ઉત્તર આપતા કહેલુંઃ 'સી.કે., જ્યારે પણ આપણી સામે કોઈનો હાથ લાંબો થાય, ત્યારે તે હાથ ખાલી પાછો ન જવા દેવો. આપણને દાન દેવા મળે અને આપણો કરૂણાભાવ પોષાય તેમાં તેઓ પરમ નિમિત્ત બની રહ્યા છે, એમ સમજી તેઓનો તો ઉપકાર જ માનવાનો. તેઓ તે નાણાનું શું કરશે તે વિષયે વિચારવાની બદલે તેના લેવા માટે લંબાયેલા સીધા હાથ ઉપર આપણો દાન દેવા લંબાયેલ ઊંધો હાથ જ શોભે, એમ વિચારવાનું.'

આજે સંવત્ ૨૦૭૬માં આવી અનેક લઘુ શીખ સ્મરણમાં લાવીને સુદીર્ઘ બોધ અર્પતા તેઓના આ હસ્તલિખિત અક્ષયપાત્રો જોઈને મારૂં આંખ-હૈયું ઠરીને ભાવવિભોર બને છે અને મનને તેમનો વિરહ સહ્ય બને છે. પૂજ્ય ગુરુમહારાજનાં આ શબ્દતિલક સૌને મોક્ષમાર્ગે શુકનવંતા નીવડે એવી જિનેશ્વરને પ્રાર્થના.

મે, ૨૦૧૯
મુંબઈ

સી. કે. મહેતા









જ્ઞાનાનુસ્મૃતિનન્દનં સજ્જનશ્રિતપદઃ-,
ક્રોપાદિવ્યંજનાનુસરન્ લબ્ધાસ્તુષ્યવલોકઃ ।
સદ્યઃ પઙ્કત્યમલમતિહૃન્મોદિનાનધ્યમગ્નું
ગંભીરાર્થં પ્રવચનિધિં ભારતીં તાં સ્તવીમિ ॥

પૂ. સાગરજી મહારાજના મતે ભણવાલાયક વિવિધ ગ્રન્થો

(૧) પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજના ગૂઢ સ્તવનો.

(૨) યોગશાસ્ત્ર, વીતરાગસ્તોત્ર, તત્ત્વાર્થસૂત્ર, પ્રશમરતિ, અષ્ટક, ષોડશક, જ્ઞાનસાર અને વિશિષ્ટપણે અધ્યાત્મસાર.

(૩) આગમવાંચન માટે ન્યાય તથા વ્યાકરણ ભણ્યા બાદ આવશ્યકસૂત્ર, દશવૈકાલિક, ઓઘનિર્યુક્તિ પિંડનિર્યુક્તિ, ઉત્તરાધ્યયન સૂત્ર, આચારાંગ સૂત્ર, અવશ્ય ક્રમસર ભણવા.

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજીના
અભિપ્રાયથી ભાષાજ્ઞાન મેળવીને સૌ પ્રથમ:

(૧) આગમ શાસ્ત્રોમાંના આવશ્યકાદિ અન્ય મૂળ ગ્રન્થો.

(૨) વિશિષ્ટભાગના જ્ઞાન માટે નિશીથ, બૃહત્કલ્પ, વ્યવહાર.

(૩) પૂજ્ય હરિભદ્રસૂરિજી આદિના ગ્રન્થો ક્રમસર ભણવા.

હાથથી અને હસ્તાક્ષરથી આશીર્વાદમાં પ્રભુનો સંચાર થાય છે. સત્સંગના ઓજસ અને પ્રભાવથી આત્માનું ઉત્થાન અને કલ્યાણ થાય છે. અક્ષરોમાં આટલી તાકાત છે, તો પછી મહાપુરુષોના નિવાસસ્થાનોમાં, ત્યાંના પવિત્ર પરમાણુઓમાં આટલી તાકાત હોય એમાં આશ્ચર્ય નથી. મહાત્માઓ અને તેમને સ્પર્શીને આવતા સમીરથી રોગો-કષ્ટો નાશ પામે છે. આ શ્રદ્ધા સત્ય છે, અનુભવસિદ્ધ છે.

## 'નમો' પદના સાધકને...

'નમો' પદથી નમસ્કાર કરનાર સાધકનું ઉત્તમાંગ અને 'અરિહંતાદિ' પદો વડે પરમેષ્ઠિ ભગવંતોના કનિષ્ઠાંગની કલ્પના કરીને થતું સ્મરણ આત્મશુદ્ધિ અને પાપનાશનું અમોઘ સાધન બને છે. પૂજ્ય તત્ત્વોનાં સ્મરણ-અસ્મરણ-ચારિત્રને પૂજકના મસ્તકનો, હાથનો, સ્મરણનો માનસિક સંબંધ પણ ભાવોત્પાદનમાં અપૂર્વ કાર્યસાધક બને છે.

પાંચ વખત 'નમો' પદના ઉચ્ચારણની સાથે બંને અવયવોનો સંબંધ થતો રહે અને 'એસો પંચનમુક્કારો'ના ઉચ્ચારણ વખતે એ પાંચે વખતે થએલા સંબંધની ક્રિયાનું સ્મરણ થતું રહે તો પાપનાશ અને મંગળનું આગમન ઘણા ઝડપથી થતું અનુભવાય. દ્રવ્યનમસ્કારને ભાવનમસ્કારમાં પલટાવવાનું બીજું સાધન અરિહંત, સિદ્ધાદિ પાંચે વસ્તુનું, તેઓના પ્રભાવનું અને સ્વરૂપનું સૂક્ષ્માતિસૂક્ષ્મ ચિંતન છે. એ પાંચેનું અસ્તિત્વ વિશ્વમાં શુદ્ધિનું અપૂર્વ કાર્ય કરે છે.

અગ્નિ, જળ, વાયુ અને બીજા સનાતન ભૌતિક તત્ત્વોની જેમ પાંચેય પરમેષ્ઠિઓનું આધ્યાત્મિક અસ્તિત્વ પાપમળના નાશ અને મંગળતત્ત્વની ઉત્પત્તિનું કાર્ય સતત અપ્રમત્તપણે કરી રહેલ છે, એમ વિચારવું.

# મન અને સુખ-દુઃખ

સુખ-દુઃખ મનના, જન્મ-મરણ શરીરના અને ભૂખ-તરસ
પ્રાણના ધર્મ છે. સુખ તથા દુઃખથી મનને દુઃખ થાય છે,
અરેરે આત્મા કહે કે 'મને દુઃખ થાય છે.'
મારું-તારું, સારું-ખારું એ મનના ઉભા કરેલા ખેલ છે.
મનને સ્થિર કરવા નામજપની આવશ્યકતા છે.
જપ વડે મન સ્થિર થાય છે અને
મનની મલિનતા-ચંચળતા દૂર થાય છે.
સ્થિર ધ્યાન વિના પ્રભુનું કે આત્માનું દર્શન થાય નહિ.

o આત્મનિવેદન ભક્તિ એ ભક્તની માતા છે.
ઈશ્વરમાં મમતા એ સમર્પણમાર્ગ છે, કિન્તુ વસ્તુમાં જ
મમતા એ સ્વાર્થમાર્ગ છે. ભક્ત તે કે જે વિષયસંગોનો
મનથી ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે છે.
પ્રભુ એ વિશેષ કરીને ત્વચા અને આંગળીઓના
ટેરવાંમાંથી ઝરે છે. પ્રેમયુક્ત પ્રભુથી પ્રસન્નતા આવે છે
તથા સંતોષ, આનંદ અને સુખનો અનુભવ થાય છે.

o

*Nothing is so deceitful*
*as your own mind.*
*A brave man knows no malice.*

## નિયતિવાદની દૃષ્ટિ

નિયતિવાદનું તાત્પર્ય એ લાગે છે કે સર્વ કાર્યો નિયત છે. કારણો ઉપસ્થિત કરવામાં તથા તે માટેના પુરુષાકારમાં થતાં અભિમાનને પ્રશમાવવા માટે નિયતિવાદ પ્રબળ સાધન છે. સર્વ કાર્યો નિયત ગણી કે તેમાં પરમાત્માની કૃપાદૃષ્ટિ ગણી, બંને પાછળ આશય એક જ છે: સ્વકર્તૃત્વાભિમાનનું નિરાકરણ. ભવિષ્યની પ્રથમ જ ક્ષણમાં મારી જે પર્યાય (નિયત) થવાનો છે, તેમાં કારણ બની શકે એવી મારી વર્તમાન પદ્ધતિ થવી જ જોઈએ. તાત્પર્ય કે 'વર્તમાન પર્યાય ભવિષ્યત પદ્ધતિ દ્વારા નિયંત્રિત છે, અહીં આપણું કશું જ ચાલતું નહીં' એ નિયતિવાદની દૃષ્ટિ છે.

o 'વ્યક્ત' એટલે જડ, 'અવ્યક્ત' એટલે ચૈતન્ય,
'ક્ષર' એટલે જડ, 'અક્ષર' એટલે ચૈતન્ય.

દેખાય છે તે 'જડ'; નહીં દેખાતું છતાં છે તે 'ચૈતન્ય'.
દેખાય છે તે 'બાહ્ય'; નહીં દેખાતું છતાં છે તે 'આંતર'.

વાસના તે સદૈવ યુવાન માયા. તે નિત્ય નવું રૂપ ધરે છે. તે કદીય વૃદ્ધ કે બુઢ્ઢી થતી નહીં. વાસના જ 'અવિદ્યા' છે. મનુષ્ય ઘરડો થાય- માયા ન થાય. માનવ પાસે વાસનાઓને ઓછી કરવાનો, તેને બુઢ્ઢીશાઢ્ઢી બનાવવાનો કીમિયો છે.

તે કારણે અર્થાત્ વાસનાઓનું રૂપ બદલાવે
એ વાસનાઓને ભગવાનને ચરણે ધરવા તે.
'ભગવાન' અર્થાત્ ઈશ. 'ઈશ' અર્થાત્ ઈશ્વર.
જેના હાથમાં સત્તા-કાબુ હોય, જેનામાં શક્તિ-સામર્થ્ય હોય,
જે પોતાની શક્તિથી જ તે વાસનાઓ ઉપર શાસન કરે
પણ પોતે વાસનાઓથી શાસિત ન થાય, તે ઈશ-ભગવાન.
આવો કાબુ મેળવવા માટે આપણી જીવનદોરી ભગવાન
સાથે બાંધી દેવી જોઈએ, એ પછી સૃષ્ટિ આપણને બાંધી
શકે નહિ. કાબુ વગરના લોકોને જ સૃષ્ટિ બાંધી લે છે.

## ચૈતન્યનાં બે સ્વરૂપો

એક ઈશ અર્થાત્ સર્વ સત્તાધીશ, સમર્થ સ્વરૂપ.
બીજું અનીશ અર્થાત્ અસમર્થ અને નિર્બળ સ્વરૂપ.
પરમાત્મા ઈશ છે, જીવાત્મા અનીશ છે.
જીવાત્મા પણ વાસનાઓના ત્યાગથી ઈશ બને છે.
જગત અસત્ અને વિનાશી છે,
છતાં તેના તરફ આટલું બધું આકર્ષણ, ખેંચાણ કેમ?
જગતમાં જીવો ઉપર કર્મનું પ્રભુત્વ, કર્મ ઉપર ધર્મનું,
ધર્મ ઉપર પરમર્ષિ ભગવંતોનું અને
તેઓના ઉપર પ્રધાન પરમર્ષિનું પ્રભુત્વ સિદ્ધ છે.

Imp.

જો બહુલકર્મી જીવો કરતાં લઘુકર્મી જીવો સર્વ જીવોને વધુ સહાયક થાય છે, તો ક્રમશઃ સર્વ કર્મનો નાશ કરનારા કૃતાત્માઓ વધુ સહાય કેમ ન કરી શકે?

જો સિદ્ધો કશું કરતાં ન હોય તો પરમકલ્યાણહેતુ શી રીતે?

હેતુ હોય અને છતાં અકિંચિત્કર - એ શી રીતે બને?

હેતુને અકિંચિત્કર માનવામાં બૌદ્ધ મત આવશે.

જેને આપણે ઉપકરણો કહીએ છીએ, તે સ્થૂલ છે.

સ્વભાવ એ પોતે જ મહાન ઉપકરણ છે. જો સિદ્ધો સ્થૂલ ઉપકરણોથી સહાય કરે, તો તેમનો સ્વભાવ જ નાશ પામે.

સ્વભાવ = અન્ય ભાવરૂપ ઉપકરણાદિનો અભાવ.

ઉપકરણાદિથી સહાય કરવામાં સિદ્ધો પરતંત્ર બને, તે અનિષ્ટ છે.

જીવોનાં મન સાથે સિદ્ધોનો ગાઢ સંબંધ છે,
પણ કેવી રીતે એ કહેવું કઠિન છે.

આપણી સુકૃતાનુમોદનાને સમ્યક્ વિધિ - શુદ્ધાશય - પ્રતિપત્તિરૂપ અને સમ્યક્ નિરતિચાર કરનાર કોઈ હોય, તો એ અરિહંત - સિદ્ધાદિનું અચિન્ત્ય સામર્થ્ય છે.

એ રીતે આપણું મન અને સિદ્ધોનો સંબંધ સ્પષ્ટ થાય છે.

જગતનાં ઇતર જીવો પાસે જેટલાં ઉપકરણો છે,
તેટલાં સાધુભગવંતો પાસે ક્યાં છે?

છતાં પણ સુખ કરનાર કોણ?

બાહ્ય ઉપકરણોથી કે પુણ્યકર્મથી જ સુખ થાય અને
તે વિના ન જ થાય એ વાત જરા પણ યુક્તિગમ્ય નથી.
સામર્થ્ય અચિન્ત્ય હોવાથી જ્યાં મનનો પણ વિષય નથી,
ત્યાં પુદ્ગલવિલાસથી શું?

o સંયોગ-વિયોગ ચાલુ જ છે અને બંને દુઃખરૂપ છે.
અનિષ્ટનો સંયોગ, ઇષ્ટનો વિયોગ એ કોઈથી નિવારી શકાતો
નથી, તો પછી આ સૃષ્ટિ ઉપર આટલું આકર્ષણ શા માટે?
એનો જવાબ જીવની મૂર્ખતા અને મોહ છે.
સૃષ્ટિ તરફની આપણી દૃષ્ટિ જ આત્મીયતા વગરની છે.
આત્મીયતાની દૃષ્ટિ કેળવાય તો જ મોહ પેદા ન થાય.
'આ વસ્તુ મારી છે' એમ આપણે સમજવા માંડીએ,
તો આત્મીયતાનું નિર્માણ થાય.
આપણું પોતાનું જે હોય તે જાય જ નહિ
અને આપણું જે ન હોય તે જતું જ રહે.
જે આપણું નથી, તેના ઉપરનો આત્મીયભાવ એ મોહ છે.
સ્ત્રી-પુત્ર, ધન-સમૃદ્ધિ, સ્વજન-કીર્તિ
એ બધા ઉપર આત્મીયભાવ એ પ્રેમ નથી પણ મોહ છે,
એ બધા તરફની આસક્તિનું જ નામ 'મોહ' છે.

અજ્ઞાનથી મોહ - સાચી સમજને લીધે આત્મીયતા જન્મે છે.

આત્મીયતાથી મોહ નહિ, પણ પ્રેમ જન્મે છે.

ચોંટી રહેવું એ માનવનો સ્વભાવ છે, પણ કોને ચોંટવું?

સૃષ્ટિને કે સૃષ્ટિના સર્જનહારને?

પોતાની મા સાથે કેવો સંબંધ રાખવો,

એનો ઉત્તર વિજ્ઞાન નહિ આપી શકે.

એ માટે તો પોતાના અંતરને જ પૂછવું પડશે.

૦ 'મરણ' એટલે પ્રકરણ, 'મોક્ષ' એટલે અંતકાળ.

'જીવન' એટલે આસક્તિ અને તેમાંથી પરિણમતી આત્મીયતા.

આસક્તિ ન હોય તો જગતમાં જીવન જેવું કશું જ ન રહે.

જીવનને ટકાવનારું બળ આસક્તિ છે.

કોઈની ભોગાત્મક તો કોઈની ઈશ્વરાત્મક હોય એટલું જ.

'અહં' એ 'મોહ' છે, 'મમ' એ 'મન' છે.

'મોહ' મરે તો 'મન' મરે, બાપ મરે તો બેટા મરે.

પરમ-લબ્ધીઓ ઉ અદ્ધા પરમ-લબ્ધિરૂત્વર્થાઃ

પરાર્થહેતુત્વેન। અર્થાત્: વળી શ્રેષ્ઠ લબ્ધિઓ પદાર્થો છે, કલ્યાણકે પરોપકાર એ કલ્યાણ છે. - પંચસૂત્ર-સૂ-૨

ધમ્મો ઉદ્સસ અંતેસહં । સર્વહિતકારીમૈત્ર્યાદિરૂપતયા।

અર્થાત્: મૈત્ર્યાદિસ્વરૂપે સર્વહિતકારી ધર્મ એનું ઔષધ છે.

- પંચસૂત્ર-સૂ-૨

o તેણં કાલેણં તેણં સમએણં xxx

મહાવીરસ્સ અંતેવાસી બહવે નિગ્ગંથા ભગવંતો મણેણં

સાવાણુગ્ગહ સમત્થા xxx ।

મનસૈવ શાપાનુગ્રહૌ કર્તું સમર્થાઃ, એવં વાચા કાયેન ચ।

- શ્રી ઔપપાતિક સૂત્ર (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

o 'નમો અરિહંતાણં' આદિ પદોનો જાપ

સુકૃતની સર્વોત્કૃષ્ટ અનુમોદનારૂપ છે.

સુકૃતની અનુમોદનાથી સુકૃત કરવાની પાત્રતા વિકસે છે.

ભાવનું દાન એ સર્વશ્રેષ્ઠ સુકૃત છે.

તેમાં સહાયભૂત પવિત્ર દ્રવ્યોનું મૂલ્ય પણ અસાધારણ ગણાય.

દ્રવ્ય મારફત ભાવમાં જવાય અને

ત્યાંથી અભાવ સ્વભાવરૂપ બની શકાય.

o સર્વ-સત્ત્વ-હિતાન્વેષી ।

તત્તચ્ચિત્રોપાયોપાદાનેન સામાન્યેન

સર્વસત્ત્વપ્રિયકરણપરાયણઃ ।

- ધર્મસંગ્રહ, ગ્રન્થના ૬૬ ગુણમાં ૮મો ગુણ (પરિશિષ્ટ-૨)

o પ્રેમને મરવાનું મન થયું અને એણે શંકાનું ઝેર પીધું.

શ્રદ્ધાને જન્મ આપવાનું મન થયું અને

એણે ભક્તિને જન્મ આપ્યો.

શ્રદ્ધા એ 'મા' છે અને ભક્તિ તેની દીકરી.
એટલે તેની હું પૂજા કરું છું,
જ્યારે ભક્તને તો હું અનન્ય ભક્તિ ચાહું છું.

V. [signature]. મોટાપણું સામાન્ય રીતે પ્રશંસા પામી શકે,
પણ પ્રેમ પામી શકે નહિ.

પ્રેમમાં તો સરળાપણાની અપેક્ષા રહે. માત્ર સરળાપણું જ નહિ, પણ પોતાના પ્રિયજનથી ક્યાંય કેટલેય નીચે ઉતરીને જીવવાની વિશિષ્ટ વિરલ નમ્રતા આવશ્યક છે. જ્યાં સુધી પોતે માત્ર સામાન્ય જ નહિ, પણ શૂન્ય થવાની તૈયારી ન બતાવે, તો પ્રિયજનમાં પ્રેમનો ઉદ્ભવ સર્જાવા ન શકે. પોતાની સાથે વિશેષતાને અંદર સમાવી લઈ તથા

સામાન્ય થઈને રહેવું એ અતિકઠિન છે,
પરંતુ વિશેષતાના પાયામાં આ સામાન્યની
સ્વરૂપ સાધનાનું જ બળ રહેલું હોય છે.
જે શૂન્ય કે સામાન્ય થઈ શકે છે,
તે સમ્રાટનું સામર્થ્ય જન્માવી શકે છે.

यस्य नाऽहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वाऽपि स इमान् लोकान् न हन्ति न निबध्यते ॥
(परिशिष्ट-३)

o ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन् सर्वभूतानि यंत्रारूढानि मायया ॥ (પરિશિષ્ટ-૪)

o જે પ્રવૃત્તિ અહંભાવરહિત હોય છે,
તે મોટે ભાગે કલ્યાણપ્રદ જ હોય છે.

અહંરહિતના યોગક્ષેમ પ્રભુ જ સુલભ રીતે ચલાવે છે.
સર્વ એના પ્રિય અને એ સર્વનો પ્રિય બને છે.

દરેક મહાપુરુષોની ખ્યાતિમાં પોતાના અહંભાવનો ત્યાગ
અને પોતાની વિશેષતાઓનું સામાન્યમાં વિસર્જન જ
મહત્ત્વનો ભાગ ભજવે છે.

ભાવને વિમલ રાખવા, અહંભાવથી સતત મુક્ત રહેવા તથા
'બધાનું મંગલ થાઓ, બધા ભલે મંગલકામનાયુક્ત બનો',
એવા વિશ્વમંગલ અથવા સર્વ મંગલભાવની આરાધનામાં
શાસ્ત્રકારોએ પરમ માંગલ્ય પ્રબોધ્યું છે.

o 'લઘુતા મેં પ્રભુતા બસે, પ્રભુતા સે પ્રભુ દૂર,
કીડી મિસરી ચુન લૈ, હાથી ફાકત ધૂર'.

વિશિષ્ટરૂપે પ્રકટવાનું પ્રાણીમાત્રને ગમે તો છે, પણ સાચું
વિશિષ્ટરૂપે પ્રાકટ્ય = વિશિષ્ટતા સમાવી લેવાની કલા પ્રાપ્ત
કરવામાં રહેલું છે. સંતોનાં જીવન સામાન્ય થવાની સૂક્ષ્મ
સાધનાના પરિણામે જ અસામાન્ય બની શક્યાં છે.

નમસ્કારમંત્ર એ વિશિષ્ટ મટીને સામાન્ય થવાની
સ્થૂળ સાધનારૂપ હોવાથી જ મહામંત્ર મનાય છે.
'નમવું' એટલે સામાન્ય બનવું, શૂન્ય થવું નહિ,
પોતાની વિશેષતાઓને ભૂલીને બીજાની આગળ કરવી.

<u>નમવું એ સામાન્યની સાધના છે.</u>
<u>એ સાધના જ અસામાન્ય સ્થિતિ આણી આપે છે.</u>
<u>નમવું એ પ્રેમની સાધના છે.</u>

પ્રેમ હંમેશાં પોતાની વિશેષતાઓને ભૂલી જાય છે અને
પ્રિયજનની વિશેષતાઓને આગળ કરે છે.

<u>સામાન્ય બે પ્રકારના</u>

(૧) તિર્યક્ સામાન્ય (૨) ઊર્ધ્વતા સામાન્ય.

નમસ્કાર મહામંત્રમાં
ઉભય પ્રકારના સામાન્યની સ્થૂળ સાધના રહેલી છે.
પરમર્ષિઓ સામાન્યની સાધના નહિ, વિશેષને સામાન્યમાં સમાવી દેવાની વિશિષ્ટ સાધનકળા - એ જેના પ્રભાવે પરમ વિશેષપદને વરે છે, તેથી તેમનો નમસ્કાર પણ સામાન્યની સાધનારૂપ બનીને વિશેષ પદવીને અપાવનાર થાય છે.

o સ્મૃતિની સહાય વિના માનવીનો બૌદ્ધિક વિકાસ શક્ય નથી. સ્મૃતિથી ચપળતા વધે, પરન્તુ માણસને બચવા

અને સુખ લેવા માટે એટલી ચપળતા કામ આવતી નથી.
એ માટે મનની શાંતિની પણ ઘણી આગત્યતા છે.
એ શાંતિ સ્મૃતિથી નહિ પણ વિસ્મૃતિથી જ મળે છે.
છતાં માનવ સ્વભાવ કેવો વિચિત્ર છે? જેની સ્મૃતિ
આવશ્યક છે, તે બધું વિસ્મૃતિના વાદળમાં અદૃશ્ય થાય છે.
જેનું વિસ્મરણ આવશ્યક છે,
તે સ્મૃતિપટ ઉપર ચિરાંકિત બની રહે છે.

આસો સુદી ૮

નમસ્કારની પરિણતિ કે નમ્રવૃત્તિને
નમસ્કાર કરવો તે ભાવનમસ્કાર છે.
'નમઈ નમ:|' અર્થાત્: નમસ્કારભાવને હું નમું છું.
આમ એ સ્વતંત્ર મંત્ર બન્યો.
તીર્થંકરપદમાં પરોપકારની પ્રતિષ્ઠા છે.
ગણધરપદમાં નમસ્કારભાવની પ્રતિષ્ઠા છે.

નમ્રવૃત્તિ

તીર્થંકરોના પૂર્વભવોની, કેવળજ્ઞાન પામ્યા પછીની,
ગણધર ભગવંતોની, મુનિ અને મહંતોની, સમ્યગ્દૃષ્ટિ
જીવોની અને પોતાની પણ નમ્રવૃત્તિને નમસ્કાર કરવાથી
દ્રવ્યનમસ્કાર ભાવનમસ્કારમાં પલટાઈ જાય છે.

## જૈન દર્શનનું મૌલિક રહસ્ય

'સર્વના વિચારથી ધર્મની શરૂઆત અને એકના ધર્મથી સર્વને લાભ' એ વિચારધારા જૈનધર્મનો પાયો છે.

મિચ્છત્તચઓ સમ્મત્તં નાણાઇમઇં સુહં ચ પરિણામં ।
ઇહરં પુણ તુહ સમણં ભણિઅં સમ્મત્તહેઉત્તિ ॥૧॥

(પરિશિષ્ટ-૫)

મૈત્રી નિખિલસત્ત્વેષુ, પ્રમોદો ગુણશાલિષુ ।
માધ્યસ્થ્યમવિનેયેષુ, કરુણા દુઃખદેહિષુ ॥
ધર્મકલ્પદ્રુમસ્યૈતા, મૂલં મૈત્ર્યાદિભાવનાઃ ।
યૈર્ન જ્ઞાતા ન ચાભ્યસ્તા, સ તેષામતિ દુર્લભઃ ॥

(પરિશિષ્ટ-૬)

In general, pride is at the
bottom of all great mistakes.

I sought my Soul,
but my Soul I could not see.
I sought my god,
but my god eluded me.
I sought my brother,
and I found all three.

0 ઉપદેશપદ - ગાથા ૩૫૮માં આવે છે કે:

અધ્યાત્મયુક્ત અનુષ્ઠાન જ પરમાર્થથી અનુષ્ઠાન ગણાય છે.
અધ્યાત્મ વિનાનું અનુષ્ઠાન તનુમલ કે શરીરના મેલ જેવું છે.
અધ્યાત્મ કોને કહેવાય? એ વિષયક ટીકામાં લખ્યું છે કે:
ઔચિત્ય પ્રમાણે વ્રતયુક્તતા, આગમાનુસારે તત્ત્વચિન્તન
અને મૈત્ર્યાદિ ભાવયુક્તતા - આ 'અધ્યાત્મ' છે.

દીવો તાણં સરણં ગઈ પઈટ્ઠા ।

(૧) દ્વીપ : ભવસમુદ્રમાં ડુબતા જીવો માટે દ્વીપ સમાન.
(૨) ત્રાણ : અનર્થનો પ્રતિઘાત કરવામાં હેતુ, શરણ.
(૩) શરણ : ભવના ભયથી ભીત જીવોને આશ્રયસ્થાન.
(૪) ગતિ : સુખને માટે જેનો આશ્રય કરાય તે ગતિ છે.
(૫) પ્રતિષ્ઠા: ભવરૂપી કુવામાં પડતા જીવોને આલંબનરૂપ.

દુષ્કૃતગર્હા = ઉપશમ - દર્શન.
સુકૃતાનુમોદના = વિવેક - જ્ઞાન.
ચતુઃશરણ = સંવર - ચારિત્ર.

શું ન માનવામાં આવે તો કૃતઘ્નતા ગણાય?

'ભગવાન મહિમાવંત છે,
માટે તેમની પૂજા કરવાનું જીવને આકર્ષણ થાય છે.
તેમાં પ્રભાવ પૂજા કરનારનો નહિ પણ ભગવાનનો છે'
નિમિત્તને ઉપકારી માનવાથી જ મન નિમિત્તમાં લાગી શકે.

'નિમિત્ત ઉપકાર કરનાર છે' એ દેશના પ્રથમ ૩ નયની છે,
એ પછીના ૪ નય ઉપાદાનના ઉપકારને બતાવે છે,
તેથી દૂષિત બની માટે દુષમકાળના દોષથી
પછીના ૪ નયોની દેશના આપવાનો નિષેધ કર્યો છે
અને શ્રી આર્યરક્ષિતસૂરિજી ભગવંતે પહેલા ૩ નયની
મુખ્યતાએ આગમોને ૪ અનુયોગમાં વહેંચી દીધા છે.
<u>૩૫૦ ગાથાના સ્તવનની ઢાળ-૧૫, ગાથા-૧૫માં કહ્યું છે કે:</u>

'તેહ કારણ થકી સર્વ નય નવિ કહ્યાં,
કાલિક શ્રુતમાંહિ તીન પ્રાયે લહ્યા.
દેખી આવશ્યકે શુદ્ધ નય ધુરે લહ્યા,
જાણીએ ઉલટી નીતિ *જોટિક તહાં? *એક મત

વ્યવહારનય નિમિત્તને ઉપકારક માને છે.
નિશ્ચયનય નિમિત્ત કારણને માત્ર અવલંબ સંનિધિરૂપ
અને પોતાના ભાવને જ અસાધારણ કારણ માને છે.
નિમિત્તને ઉપકારક માન્યા વિના
શુદ્ધભાવનો અંશ પણ જાગી શકતો નથી, તેથી કહ્યું છે કે:

શુદ્ધ નય ધ્યાન જેહને સદા પરિણમે,
જેહને શુદ્ધ વ્યવહાર હિયડે રમે,
મલિન વસ્ત્રો યથા રાગ કુંકુમ તણો,
હીન વ્યવહાર ચિત્ત એહથી નવિ ગુણો.

આસો વદી ૨, બુધવાર

'નમસ્કારની પરિણતિ' એટલે શું ?

નમસ્કાર એ જ આપણો પરમ ધર્મ છે, કેમકે આપણાથી
પ્રભુને નમસ્કાર સિવાય બીજું કાંઈપણ થવું શક્ય નથી.
બીજું જે કાંઈ કરીએ તે નમસ્કારરૂપ હોય તો સાર્થક છે,
અન્યથા તો અહંકારરૂપ બનીને પતનનો હેતુ થાય છે.
માનવાથી શક્ય માત્ર નમસ્કાર છે, બીજું બધું અશક્ય છે.
અશક્યનો આગ્રહ અને શક્યની ઉપેક્ષા એ
મહામોહ છે, મિથ્યા અભિનિવેશ છે, માટે તે અધર્મ છે.

'નમસ્કારની પરિણતિ' એટલે
ગુણ માનવાની વૃત્તિ.

ઉપકારીઓના ઉપકારને સ્વીકારવાની સાથે જેનાજેનાથી
ગુણ અને ઉપકાર થતો હોય તે સર્વના ઉપકારને અને
ગુણને સ્વીકારવાની વૃત્તિ તે 'નમસ્કાર પરિણતિ' કે
વ્યવહારનયનું પરિભાવન છે.

વ્યવહારનય પરનો ઉપકાર સ્વીકારે છે. તે નયની ભાવનાથી
સતત ભાવિત થનારને નમસ્કારની પરિણતિ આવે જ.
તે પરિણતિ બોધરૂપ, શ્રદ્ધારૂપ અને અનાશ્રવરૂપ હોવાથી
સમ્યગ્ જ્ઞાન - દર્શન - ચારિત્રસ્વરૂપ છે.

V.V. Imp.

આસો વદી ૩, ગુરૂવાર

નમસ્કારનો પરમાર્થલાભ લાવવા માટે:

(૧) પોતાનામાં રહેલા અગણિત દોષો જોવા જોઈએ.
જો દોષનો લેશ પણ પોતાનામાં દેખાય,
તો ત્યાં સુધી પોતાની જાતને નિર્ગુણી માનવી જોઈએ.

(૨) બીજાનો નાનો ગુણ જોઈને પણ હર્ષ ધારણ કરવો જોઈએ.
ભવચક્રમાં ગુણની પ્રાપ્તિ અતિ દુર્લભ છે,
તેથી બીજાના નાના ગુણને પણ નાનો ન માનતાં
મેરૂ જેટલો મોટો માનવો જોઈએ.

(૩) ભવચક્રમાં ભ્રમણ કરતાં બીજા જીવોને જે ત્રાસ
ઉપજાવ્યો છે, તેનું દુઃખ ધારણ કરવું જોઈએ અને
તેની શુદ્ધિ માટે અંતઃકરણની ક્ષમા યાચીને
પ્રાયશ્ચિત તરીકે બધા જ જીવોનું સુખ ઈચ્છવું જોઈએ.

(૪) બીજા અનેક જીવોએ અજાણતાથી પોતાને જે ત્રાસ
ઉપજાવ્યો હોય, તે બધાને ખરા અંતઃકરણથી ક્ષમા આપીને
તેનો બદલો લેવાની વૃત્તિ સદંતર છોડવી જોઈએ. પોતે
આજ સુધી તેની અંતઃકરણથી ક્ષમા ન આપી શક્યો, તેનું
દુઃખ થવું જોઈએ. તેના પ્રાયશ્ચિતરૂપે અપકારી જીવો પણ
દુઃખ-દોષ-પાપમુક્ત થાઓ, એવી ભાવના કરવી જોઈએ.

પોતાના અપરાધની માફી આપનાર સાધુપુરુષોને જોઈને
પોતાના અપરાધીને પણ માફી આપતાં શીખવું જોઈએ.
તે ગુણ પ્રગટાવવા ક્ષમાવાન મહાપુરુષોની પ્રાર્થના કરવી.

(૫) વર્તમાન જન્મનાં સૂક્ષ્મ કે ગુપ્ત પાપો પણ
જે ભાવે તે સેવાયા હોય તે ભાવથી
યોગ્યની સમક્ષ પ્રગટ કરીને નિઃશલ્ય થવું જોઈએ.
તે ફરી ન કરવાની બુદ્ધિથી તેની શુદ્ધિ કરવી જોઈએ.
આલોચના રૂપી આ તપ અભ્યંતર હોવાથી અત્યંત જ
દુષ્કર છે, છતાં તે વિના અભ્યંતર તપના બાર પ્રકારો
તેને યથાર્થ ફળ આપી શકતા નથી,
એટલા માટે સર્વ સાધનાઓની સફળતાના
બીજરૂપ આલોચના-પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થવું જોઈએ.

(૬) સર્વ જીવોનાં દારૂણ દુઃખો અને
તેનાં કારણરૂપ પાપોને જોઈને હૃદય દ્રવિત થવું જોઈએ.
અહિંસા ભાવના સતત સેવવી જોઈએ કે:
'દોષ અને દુઃખથી બધા મુક્ત થાઓ.'

(૭) આરાધક આત્માઓના ધર્મ ભાવના અભાવનું
દુઃખ થવું જોઈએ અને એ અભાવને ટાળવા માટે
સર્વદા પંચ પરમેષ્ઠિની પ્રાર્થના ચાલુ રાખવી જોઈએ.

(૮) સર્વ જીવોને સ્વરૂપથી સિદ્ધ સમાન જાણીને તેમના પ્રત્યે પૂજ્યભાવ ધારણ કરવો જોઈએ. દુઃખથી રીબાતા જોઈને તેમના પ્રત્યે કરૂણાભાવ ધારણ કરવો જોઈએ.

જીવોને નિકાચિતકર્મથી બંધાયેલા જોઈને તેમના સૌ પ્રત્યે માધ્યસ્થભાવ ધારણ કરવો જોઈએ. બધા પોતાની સમાન સુખ-દુઃખની લાગણીવાળા છે, તેથી સૌ પ્રત્યે સહાનુભૂતિ ધારણ કરીને પોતાની જેમ જ 'તેમને સંપૂર્ણ સુખની પ્રાપ્તિ અને સર્વ ક્લેશની નિવૃત્તિ જલ્દીમાં જલ્દી થાઓ' એવી ભાવના કરવી જોઈએ.

આસો વદી ૪, ગુરૂવાર

મોહક્ષયાત્ જ્ઞાનદર્શનાવરણાન્તરાયક્ષયાચ્ચ કેવલમ્ ।

અર્થ: કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે જ્ઞાન-દર્શનાવરણાદિ કર્મપ્રકૃતિઓનો ક્ષય અને તેના માટે મોહક્ષય આવશ્યક છે.

મોહના ૨ પ્રકારો

(૧) દર્શનમોહ (૨) ચારિત્રમોહ.

દર્શનમોહ વિશ્વનું વિસ્મરણ કરાવી કેવળ સ્વાર્થ-વિષયક જ ભાવ પેદા કરે. તેનો નાશ મૈત્ર્યાદિભાવોથી થાય.

ચારિત્રમોહ હિંસાદિ પાપોનું આચરણ કરાવે છે. તેનો નિરોધ વ્રત-નિયમરૂપ ચારિત્રના પાલનથી થાય છે.

મૈત્ર્યાદિભાવોથી વૃત્તિ સુધરે છે.

વ્રત-નિયમના પાલનથી પ્રવૃત્તિ સુધરે છે.

મોહ એ સ્વાર્થસ્વરૂપ છે. તેનો પ્રતિપક્ષ વિવેક છે.

વિવેક એ મૈત્ર્યાદિભાવ સ્વરૂપ છે,
તેથી ધર્મનું મૂળ મૈત્રી અથવા કરુણા કહેલ છે.

'સ્વદયામાં પરદયાનો નિયમ-પરદયામાં સ્વદયાની ભજના'
એ વાક્યનો અર્થ નીચે મુજબ છે:
'સ્વદયામાં પરદયાનો નિયમ' એનો અર્થ જેનામાં સ્વદયા
ઉગી છે, તે અવશ્ય પર પ્રત્યે દયાવાળો હોય જ.
તે નિયમા સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવવાળો હોય.
'પરદયામાં સ્વદયાની ભજના'નો અર્થ એ છે કે
પરદયા જો ઐહિક કીર્તિ આદિના હેતુએ થાય,
તો પરદયા થવા છતાં સ્વહિત ન થાય,
પરન્તુ જો તે ઐહિક હેતુએ ન હોય અને શ્રી જિનાજ્ઞાના
પાલન અર્થે અથવા નિષ્કામભાવે પરભવના કલ્યાણ
માટે હોય, તો તે સ્વહિત કરે જ. આ નિષ્કર્ષ છે.

'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના
એ તીર્થંકરત્વનું બીજ છે અને
આત્મસમદર્શિત્વ એ સિદ્ધત્વની યોનિ છે.

આસો વદી-૫

વિપાક-વિચય, ધર્મધ્યાન કે કોઈપણ ધર્મધ્યાનની યોગ્યતા પ્રાપ્ત કરવા ભાવનાઓથી ભાવિત મનવાળા બનવું જોઈએ.

બધાને પોતાના આત્મા સમાન જોવું,

સર્વના કલ્યાણની કામના કરવી,

સર્વ પ્રત્યે કરુણાભાવ - આત્મસમાનભાવવાળા બનવું,

એ ધ્યાન માટેની યોગ્યતા છે.

આ સિવાય ધ્યાન માટેનો પ્રયાસ વિડંબનારૂપ છે.

'ભાવનાઓથી મન નિર્મળ અને સમભાવવાળું બને છે, એ પછી જ ધ્યાનની યોગ્યતા આવે છે'

આ સર્વ દર્શનમાન્ય સિદ્ધાંત છે.

અરિહંતની ઉપાસના અને અરિહંતને કેન્દ્રસ્થાને રાખી થતું ધર્માનુષ્ઠાન એ મૈત્ર્યાદિ ભાવોની પરિકર્મણા વિના થતી ધર્મક્રિયાઓની નિષ્ફળતા સમજવાને પર્યાપ્ત છે.

અરિહંત પરમાત્મા ઉત્કૃષ્ટ મૈત્રીભાવવાળા છે, તેથી તેઓનું આલંબન ન લેનારને એકાંત કોટિકાળે પણ મુક્તિ નથી, એવો શાસ્ત્રકાર ભગવંતોનો સ્પષ્ટ અભિપ્રાય છે.

'પ્રભુ યોગાસ્વરૂપ હતા' એનો અર્થ:

યોગાની અદ્ભુત સંપદા પ્રભુને સિદ્ધ થઈ હતી.

સિદ્ધાદ્ભુતયોગસમ્પદે । અર્થાત્: સિદ્ધ થઈ છે અદ્ભુત યોગસંપદા જેને (એવા પરમાત્માને નમસ્કાર થાઓ). આ સ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રભુને નમસ્કાર કરવાનો છે.

### ક્રિયા વખતે પ્રભુનું ધ્યાન ચાલુ રાખવાનું પ્રયોજન

પ્રભુમાં રહેલા મૈત્ર્યાદિભાવોનું અનુમોદન-બહુમાન કરવા તથા તે ભાવો પ્રાપ્ત કરવાનો મનોરથ કરવા માટે છે અથવા પ્રભુ વડે ભક્તનું રક્ષણ થઈ રહ્યું છે, તેમાં પ્રધાન હેતુ પ્રભુમાં રહેલા મૈત્ર્યાદિભાવો છે, એ ન ભૂલવા માટે છે.

## ધ્યાનયોગ

જૈન ધર્મે તપને મહત્ત્વ આપ્યું છે,
જ્યારે બૌદ્ધ ધર્મે ધ્યાનને મહત્ત્વ આપ્યું છે.
આ ધ્યાનની ઉપાસના એટલે કોઈ ઇષ્ટદેવતાનું ધ્યાન ધરવું, જાપ કરવા, માળા ગણવા એમ નહિ, પરન્તુ
મનને વિચારોના તરંગોથી મુક્ત કરવું.

આ ધ્યાનયોગના પ્રરૂપકોનું એમ કહેવું અને માનવું છે કે:
જાનબૂઝી વિચારોથી મુક્ત બનવામાં નથી,
વિચારમુક્ત આંતરિક દશા પ્રાપ્ત કરવામાં જ ખરું સુખ,
સાચા લાભનો ઉદય રહેલો છે.
વિચારની ચાલુ ક્રિયા એ અસુખ કે અલાભનું કારણ છે.

વિચારોની ક્રિયામાત્રથી ઉપર ઉઠીને
વિચારાતીત દશા પ્રાપ્ત કરવી, એ ધ્યાનયોગનું ધ્યેય છે.
બૌદ્ધ ધર્મીઓની આ શાખાને 'ઝૈન બુદ્ધિઝમ' કહે છે.
'ઝૈન' એટલે ધ્યાન. આ ધ્યાનની પ્રક્રિયા પૌર્વાત્ય બૌદ્ધ
ધર્મી દેશોમાં જુદી-જુદી ચાલી રહેલી જોવા મળે છે.
બર્મા, થાઈલેન્ડ, કંબોડીયા, ઈન્ડોનેશિયા, મલાયા, સીલોન
અને નેપાલ આદિ દેશોમાં આ ધ્યાનનો અભ્યાસ ચાલુ છે.

ઝૈન બુદ્ધિઝમ તરફ આજના બૌદ્ધધર્મીઓ
વધારે ને વધારે ઢળતા જાય છે.

આ ધ્યાનની પરંપરાનો આપણે ત્યાં લોપ થયો છે,
તેને પુનઃ પ્રસ્થાપિત કરવી જોઈએ અને જરૂરી ચિત્તશાંતિ,
સ્વસ્થતા, પ્રસન્નતા મેળવવા લોકોને આવા ધ્યાન તરફ
વધારે ને વધારે વાળવા જોઈએ, એમ ઘણાનું માનવું છે.
જૈનધર્મની વિચારસરણીમાં ધ્યાનના તત્ત્વને મહત્ત્વનું
સ્થાન છે. જૈન તીર્થંકરની મૂર્તિઓ ધ્યાન દશામાં જ
અવસ્થિત છે, એમ છતાં આજના જૈનોના જીવનમાં અને
જૈન સાધુઓની દિનચર્યામાં ધ્યાનને કોઈ ખાસ સ્થાન
મળેલું નજરે પડતું નથી. આ બાબત ઉપર જૈન સમાજે
ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઈએ. - પદ્મનાભ જૈન

સેવાડી, ચૈત્ર વદી ૫

અર્હંના ૭ દ્વાર : સ્વરૂપ, અભિધેય, તાત્પર્ય, ક્રમ, યોગ,
પ્રણિધાન અને તાત્ત્વિક નમસ્કાર છે.

સ્વરૂપ: અભેદ - નિયત સિદ્ધચક્રરૂપ તત્ત્વનું પ્રથમ બીજ.
સ્વરૂપથી ચ્યુત ન થનાર કળકૂટ મંત્રાક્ષર સમ છે.

Imp. સંયુક્ત વર્ણોવાળો મંત્ર - 'હ' એ મંત્રાક્ષર છે,
બાકીના અ વગેરે વર્ણો પરિકર છે.
પરિકરયુક્ત મંત્ર કાર્યસાધક છે.

મુદ્રા - મંડલાદિ બાહ્ય, કલા - બિંદુ - નાદ અભ્યંતર પરિકર છે.

અભિધેય: પ્રથમ પરમેષ્ઠિ, સર્વ જગતહિતકર, અનુપમ સૌંદર્ય, અનેક અતિશય, આમર્ષૌષધિ આદિ લબ્ધિવાન, સમવસરણ, છત્રત્રય, અશોકવૃક્ષ, સ્વર્ણ સિંહાસન, ચતુર્મુખ ધર્મદેશના પ્રવૃત્તિ, સર્વ પીડાઓનું પરમૌષધ, સર્વ સંપત્તિઓનું પરમબીજ, ચક્રાદિ લક્ષણોયુક્ત દેહ, સર્વોત્તમ પુણ્યપરમાણુ નિર્મિત, રાગાદિમલોથી રહિત, નિર્વાણનું પરમ સાધન, અસાધારણ માહાત્મ્ય, દેવેન્દ્ર-યોગીન્દ્ર વંદ્ય, પરમાપ્ત, દેવાધિદેવ, ઘાતિકર્મરહિત, અનંત ચતુષ્ટયસહિત, સૂર્યથી અધિક, સર્વ તેજોમાં ઉત્તમ તેજ, સવિતા, યોગક્ષેમકર, સુપ્રસન્ન, આરાધ્યતમ.

તાત્પર્ય: સિદ્ધચક્રનું આદિ બીજ. અંકુર પુણ્યાનુબંધી પુણ્ય,
શાખા ભુક્તિ, ફળ મુક્તિ, હ બીજ સર્વ બીજોમાં અગ્રણી.
સર્વ ચક્રોનું સર્વમાન્ય બીજ 'રકાર' છે.

બીજું તાત્પર્ય દ્વાદશાંગોપનિષદ્, દ્વાદશાંગી અર્હંનો વિસ્તાર,
સમસ્ત દ્વાદશાંગીનું પ્રયોજન અર્હંરૂપ દિવ્ય આત્મસ્વરૂપનું
જીવને ભાન કરાવવું તે છે, એટલે દ્વાદશાંગી ભિન્ન ભિન્ન
રીતે શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્તિના ઉપાયો વર્ણવે છે.

ક્ષેમ-યોગ: રક્ષણ તે ક્ષેમ અને પ્રાપણ તે યોગ.
અર્હં સકલ ભવ્યોના યોગ-ક્ષેમને વહન કરાવવા સમર્થ છે.
ભક્તિને અને ધ્યાનને પરવશ બનેલો મહામંત્રાધિરાજ
મદને પરવશ બનેલા મદોન્મત્ત હાથીની જેમ
વિઘ્ન રૂપી વૃક્ષોને મૂળમાંથી ઉખેડી નાખે છે.
સર્વ વિઘ્નોનો નાશ કરવો તે ક્ષેમવહનતા છે.
સર્વ ઈચ્છિતોનો પ્રાપ્ત કરાવવા તે યોગવહનતા છે.

આ મંત્રાધિરાજ રાજ્યાદિ દૃષ્ટ અને સ્વર્ગાદિ અદૃષ્ટ ફળોને
મેળવી આપે છે, તેથી કલ્પવૃક્ષતુલ્ય છે અને સંકલ્પાતીત
મોક્ષફળ આપનાર હોવાથી કલ્પવૃક્ષથી પણ અધિક છે.
અનુક્રમે ફળ ન આપતા આ મંત્રાધિરાજ એક સાથે
અનેક સંકલ્પોને પૂર્ણ કરે છે, તે એની વિશેષતા છે.

## અરહં ચિન્તનકણિકાઓ

(૧) શ્રુતશાસ્ત્રરૂપી સમુદ્રનું મંથન કરી તેમાંથી આ નવકારના અક્ષરો રૂપી રત્નો અને તેમાં પણ ખાસ પહેલાં પદનાં અક્ષરો રૂપી મહારત્નો કાઢ્યાં ન હોય તેવો ભાસ થાય. દેવાધિદેવની દુઃખનિવારક શક્તિ અને કૃપાથી પ્રાપ્ત સંકલ્પ-વિકલ્પરહિત આનંદાવસ્થાનો અનુભવ થાય છે.

અરિ + હંત = વિશ્વના ભાવશત્રુઓનો નાશ કરનારા.

વીતરાગ = ભાવશત્રુઓનો સમાન ભાવે નાશ કરનારા.

ભાવશત્રુઓનો નાશ એટલે સર્વ દુઃખોનો નાશ.

પ્રાણીમાત્રનું દુઃખ દૂર કરનારા તે અરિહંત.

આ શક્તિ તેમનામાં રહેલા મહાકરૂણાથી પ્રાપ્ત થાય છે.

મહાકરૂણાના પ્રભાવે ત્રિભુવન પૂજનીકપણું છે.

બીજનું જન્મ રૂપી ઉગવું નાશ પામી

શુદ્ધ ચૈતન્ય પ્રગટ થયું છે તે અરૂહંત.

(૨) અરિહંત, અરહંત અને અરૂહંત

આ ત્રણે અર્થમાં સર્વ દેવોનું દેવપણું સમાઈ જાય છે. ભાવશત્રુઓનો, સર્વ દુઃખોનો અને જન્મ-મરણનો નાશ કરનારા તે સાચા દેવ છે. કેવળ પોતાના જ નહિ, પણ સમગ્ર વિશ્વના દુઃખ, દોષ અને કર્મનો નાશ કરનારા.

આ ત્રણે ભગવંતોના કલ્યાણકો જ વિશ્વમાં
તેમનું દેવાધિદેવપણું સર્વોપરી સાબિત થાય છે.
'દેવત્વ' તે છે જેમાં ચૈતન્ય શુદ્ધ થયેલું છે, કરુણા
પરાકાષ્ઠાએ પહોંચેલી છે અને તે કલ્યાણકો જેમાં પ્રાણી
માત્રનાં દુઃખોનો નાશ કરવાની અચિન્ત્ય શક્તિ રહેલી છે.
(૩) ગુણોને નમવું તે નમસ્કાર છે. જેનાથી આપણાને ગુણ
થઈ રહ્યા હોય તે સર્વને નમવું, તે સર્વને સન્માનની
નજરે જોવું તે ભાવ નમસ્કાર તથા સાચો નમ્રભાવ છે.

સન્માનનું દાન તે સર્વથી શ્રેષ્ઠ દાન છે.

સંક્લેશ એ પાપનું અને વિશુદ્ધિ એ પુણ્યનું કારણ છે.

માર્ગાનુસારીતા એટલે ન્યાયવૃત્તિ.

માર્ગાનુસારીના બધા ગુણોમાં મુખ્ય ન્યાયવૃત્તિ જ છે.
ન્યાયવૃત્તિમાં બધા જ ગુણોનો સમાવેશ કરી શકાય છે.
જીવનમાં ન્યાયવૃત્તિ આવે કે જીવ માર્ગાનુસારી બનેછે.

જગતને જે ગમે તે આપો. સૌને નિખાલસતા-નિરીહતા
ગમે છે. નિખાલસ અને નિરીહ બનો. જગત તમને ચાહશે.

દુઃખ એ સુખનો પડછાયો છે.

તમારે દુઃખ ન જોઈતું હોય તો સુખને છોડી દેવાથી
એના પડછાયા રૂપી દુઃખ આપોઆપ ખસી જશે.

અચલગઢ, ચૈત્ર વદી ૧૩

(૪) મનમાં ભરેલી મમતા કાઢવાનો એકમાત્ર ઉપાય સમતા છે.
સમતાનો આધાર નમનતા છે, જે નવકારથી કેળવાય છે.
નવકાર એ શ્રુત અને સમ્યક્ત્વ સામાયિક રૂપ છે અને
તેથી પ્રગટતી સર્વ જીવો પ્રત્યે સમાનતાની લાગણી દેશવિરતિ
અને સર્વ વિરતિ સામાયિકને ખેંચી લાવે છે.

પ્રભુએ સામાયિક ધર્મને ઉપદેશ્યો છે
અને તે એક જ ધર્મ મોક્ષનો ઉપાય છે, એમ કહ્યું છે.

સમત્વ પ્રાપ્તિનો પ્રથમ ઉપાય નવકાર છે.
નમવાથી મમતા જઈ સર્વ પ્રત્યે સમતાભાવ પેદા થાય છે.
શ્રી જિનશાસનનું રહસ્ય ટુંકમાં નવકાર અને સામાયિક છે.
નવકાર દ્વાદશાંગીનો સાર અને સામાયિક તેનો સંક્ષેપ છે.
મનની મમતા કાઢવાના પ્રથમ ઉપાય તરીકે નવકાર અને
પછી સમતારૂપ બનવા માટે સામાયિક છે.

સમત્વની સાધના એ શ્રી જિનશાસનની સાધના છે.

જેમ જેમ સર્વ જીવો પ્રત્યે સમત્વ સધાતું જાય,
તેમ તેમ જીવોના શત્રુભૂત કર્મ
અને તેના ફળ રૂપ ભવ આકરો લાગતો જાય છે.
જીવને શત્રુભૂત 'ભવ' એટલે ૫ વિષયો અને ૪ કષાયો.

જીવ સાથે મિત્રભાવ થવાથી જીવના શત્રુભૂત કર્મ અને કષાય પ્રત્યે શત્રુભાવ આપોઆપ પેદા થાય છે.

નવકાર એ જીવો પ્રત્યે મિત્રભાવ સાધવાની સાધના છે.

સામાયિક એ મિત્રભાવને સ્થિર કરી અસ્થિમજ્જાવત્ બનાવવાની સાધના છે. નવકાર વિનાનું મન અનાદિ સહજમળના કારણે સ્વવિષયક મમતાભાવથી ભરેલું છે, તેથી આર્તરૌદ્ર રૂપી અશુભ ધ્યાન કર્યા જ કરે છે. તેમાંથી તેને છોડાવવા સર્વવિષયક સમતાભાવ પેદા કરવો જોઈએ.

એ પેદા કરવા નમ્રતાભાવ કેળવવો જોઈએ.

ધર્મનું સુસ્પષ્ટ તત્ત્વ મૈત્રીભાવનો વિકાસ છે.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવને વિકસાવવાની સાધનાનું નામ જ શ્રી નવકાર, શ્રી સામાયિક અને શ્રી જિનશાસનની એકની એક સાધના છે.

तत्त्वं धर्मस्य सुस्पष्टं मैत्र्याभाव विकासनम् ।
परोपकार निर्माणं शमवृत्तेरुपासनम् ॥१॥

વિષય-કષાયના વિપાકોનો વિચાર કરવાથી પ્રાપ્ત થતો સમતાભાવ લૌકિક છે. જીવો પ્રત્યેના મૈત્રીભાવથી થતો વિષય અને કષાયો પ્રત્યેનો શત્રુભાવ લોકોત્તર છે, તેથી તેનો અભ્યાસ અંતે અસંગપણામાં પરિણમે છે.

(૫) 'તરને કી આધીનતા, ડુબને કી અહંકાર.'

'શરણ' એટલે અરિહંતથી સાધુપર્યંતનો વ્યવહાર અથવા

આજ્ઞાપાલનનો અધ્યવસાય કે પ્રયત્ન.

તે વાંદરીના બચ્ચા જેવું સમર્પણ છે અને

એ પ્રયત્નના પરિણામે મળતો ફળ લાભ એ

બિલાડીના બચ્ચા જેવું સમર્પણ છે.

'આજ્ઞા એ જ મોક્ષ' જેમકે તે મોક્ષનું અવન્ધ્ય કારણ છે.

તેના આદિથી જ 'અહં'થી છુટાય છે.

પ્રભુનું ધ્યાન, પૂજનાદિ સમસ્ત ક્રિયા આજ્ઞાપાલનરૂપ છે.

આજ્ઞાનો વિષય સકલ સત્ત્વહિતાશય છે.

તેની સિદ્ધિ જે વિધિનિષેધો વડે થાય, તેનું પાલન પણ

સકલ સત્ત્વહિતાશયની પુષ્ટિ માટે જ થાય છે.

રાજાની આજ્ઞાનું પાલન એ જ સૈનિકોનો ધર્મ.

રાજાના વિજયમાં પ્રજાનો વિજય છે

તેથી સૈનિકોનો વિજય એ રાજાનો વિજય ગણાય છે.

રાજાના વિજય માટે

પ્રયત્ન કરનાર સૈનિક એ રાજાની આજ્ઞાનો પાલક છે.

o

Spiritual disipline is a kind of military discipline.

દેલવાડા, આબુ, વૈશાખ સુદ ૨

(૬) પરસ્પરોપગ્રહો જીવાનામ્।

ભગવાનને આપણે ભાવ આપીએ તો ભગવાન આપણને પ્રભાવ આપે છે, માટે આપણામાં ભાવ જાગે છે. આવી રીતે ગુરુ-શિષ્યભાવ જીવ-જીવ પ્રત્યે ભાવ વડે પરસ્પર ભાવ વધે છે. એ જ આ સૂત્રનું તાત્પર્ય છે. નમો અરિહંતાણં વડે આપણે ભગવાનને ભક્તિભાવ આપીએ, તેના બદલામાં પ્રભુ આપણને મુક્તિભાવ આપે છે.

એ રીતે mutual relation છે.

જીવત્વનો ભાવ reciprocal છે, એટલે જીવો પ્રત્યે મૈત્રીભાવ આપવો એ ધર્મ થઈ પડે છે.

(૭) જો જીવના શુદ્ધ આત્મદ્રવ્ય તરફ લક્ષ્ય નહીં આપતાં માત્ર વર્તમાન પર્યાય તરફ જ લક્ષ્ય રાખવામાં આવે, તો ભવિષ્યમાં અરિહંત થનારા દ્રવ્ય તીર્થંકરોને નમસ્કાર કઈ રીતે થઈ શકે?

સ્વાર્થનિર્વેદ = પરાર્થ બહુમાન - ભગવદ્ બહુમાન.

ભગવદ્ બહુમાન એ સદ્દેશનાની યોગ્યતા પેદા કરે છે અને તે બહુમાન ભવનિર્વેદ સ્વરૂપ છે.

ભવનિર્વેદ = ભગવદ્ બહુમાનનો તાત્પર્યાર્થ.

ભવનો હેતુ આર્તરૌદ્ર ધ્યાન છે અને તેની ઉત્પત્તિનું મૂળ
સ્વવિષયક સુખ-દુઃખની તીવ્ર ચિંતા હોયછે
ભવનિર્વેદનું સ્વરૂપ સ્વાર્થનિર્વેદ અને પરાર્થબહુમાન છે.
તેનાથી જ સદ્દેશના એટલે કે
અહંકાર-મમકાર-રાગ-દ્વેષરહિત થવાની દેશના સુણવાની
યોગ્યતા આવે છે અને સદ્ધર્મ પ્રાપ્તિ થાય છે.
સદ્ધર્મનું સ્વરૂપ સકલ સત્ત્વહિતાશય અને તેને પુષ્ટ
કરનારી અણુવ્રતરૂપ કે મહાવ્રતરૂપ પરાર્થપોષક ક્રિયા જ
સ્વાર્થસિદ્ધિકારક બની શકે છે.

(૮) વૈરાગ્ય વગરનું જ્ઞાન તે સાચું જ્ઞાન નથી.
ત્યાર બાદનું જ્ઞાન જ વાસ્તવિક જ્ઞાન છે.
તપ-વૈરાગ્ય ભવન ધ્યેય પ્રાપ્ત કરવામાં અનન્ય સાધન છે.
ભક્તિ સ્વાભાવિક છે. તે કેમ કરવી તે શીખવાતું નથી
પણ વૈરાગ્યના બળથી સ્વાભાવિકપણે થતી જાય છે.

o

Intution is natural.
Intellect is on the surface.

સત્યેપિ ભેદાપગમે નાથ તવાહં ન મામકીનસ્ત્વમ્ ।
સામુદ્રો હિ તરંગઃ ક્વચન સમુદ્રો ન તારંગઃ ॥ (પરિશિષ્ટ-૭)

(૯) વિષયોમાં દોષદર્શનથી થતો વૈરાગ્ય એ પ્રાથમિક છે.
જીવોમાં ગુણદર્શનથી થતો વૈરાગ્ય એ ચઢીયાતો છે.
જીવોની હિતચિંતાથી થતા આત્મહિતથી
વિષયોનું ચિંતન કરવારૂપી વૃત્તિ ટળી જાય છે.

વિષયોમાં દોષદર્શન થવા છતાં અનાદિ અભ્યાસવશ
વિષયોના સંસર્ગ સમયે રાગવાસના જાગી જાય છે.
વિષયોના સ્થાને જીવોનું વિશિષ્ટ ચિંતન કરવાથી અરિહંત
કે જગદ્વત્સલભાવથી સકલ જીવોનું આત્મકલ્યાણ ભાવન નહિ,
જીવોનું હિતચિંતન દાખલ થવાથી તેનું નિવારણ થાય છે.

વિષયોનું ચિન્તવન તો આત્મામાં
અભિલાષભાવને પેદા કરીને દુર્ગતિમાં લઈ જાય છે.
જીવોના હિતવિષયક ચિંતનથી મૈત્રી-પ્રમોદાદિ ભાવો જાગે,
પુણ્યાનુબંધી પુણ્યાદિ ગુણો થવાથી તેમાં વિઘ્નભૂત એવા
વિષયો અને કષાયો ઉપરનો વૈરાગ્ય દૃઢીભૂત થાય છે.

દોષદર્શનજનિત વૈરાગ્યની સાથે
ગુણદર્શનજનિત વૈરાગ્ય ભળવાથી તે સદ્ગતિ પ્રેરક બને.

આ વિશ્વમાં રહેલા સર્વ જીવોને
પોતાના જેવા જ ગણે કે સૌને આત્મતુલ્યપણે જોવાથી
આત્માના શત્રુ સમા દ્વેષભાવ શમી જાય છે.

(૨૦) रागी दोषान् न पश्यति ।
વિષયોનો રાગ વિષયોમાં રહેલા દોષોનું દર્શન થવા દેતો નથી.
द्वेषी गुणान् न पश्यति ।
દ્વેષવાસના જીવોમાં રહેલા ગુણોને
સાગર જેવડા આપણને થઈ રહેલા ગુણોને જોવા દેતી નથી.
રાગવાસના દૂર કરવા માટે જેમ વિષયોમાં દોષદર્શનની
જરૂર છે, તેમ દ્વેષવાસનાનો નાશ કરવા માટે જીવોમાં
ગુણદર્શનની કે જીવોથી થઈ રહેલા ગુણદર્શનની જરૂર છે.
ગુણદર્શન અને દોષ દર્શન બે મળીને વૈરાગ્ય પૂર્ણ બને છે
એટલે મૈત્રી सत्त्वेषु भावतः। અને आत्मनिग्रह मा क्रिया।
આદિ જે સ્વતંત્ર સાધનો શાસ્ત્રવાર્તામાં બતાવેલાં છે.
જો કે દ્વેષની ઉત્પત્તિ પણ રાગભાવમાંથી થાય છે, તેથી
વિષયોમાં રાગનાશ કરવાના એક જ અભ્યાસથી બંનેનો
નાશ થાય છે, તો પણ અનાદિ રાગવાસનારૂપી પ્રબળ શત્રુને
નાશ કરવા બંને બાજુથી ભુમલો લઈ જવાની જરૂર છે.
દ્વેષની ઉત્પત્તિ પણ સર્વનિરપેક્ષ એટલે કે
સ્વ પ્રત્યેના રાગભાવમાંથી થયેલી છે,
તેથી તેનો નાશ સ્વસાપેક્ષ, સર્વ પ્રત્યેના હિતના ચિંતન
વડે જ સરળ, સહજ તથા સુલભ બને છે.

જીવો પ્રત્યે અનુરાગ ન હોવો એ જ વિષયાનુરાગ છે.

વિષયોનો રાગ એ સ્વરાગનો સૂચક છે.

તેનું નિવારણ સર્વ પ્રત્યેના અનુરાગથી થાય છે,

તેથી સર્વાનુરાગ જ વિષયો પ્રત્યેનો વૈરાગ્ય પદાર્થ છે.

રાગનો નિગ્રહ કરવા માટે વિષયો પ્રત્યે વૈરાગ્ય કેળવવો,

દ્વેષના નિગ્રહ માટે જીવો પ્રત્યે મૈત્રીભાવ કેળવવો અને

મોહ - અજ્ઞાન - વિપર્યાસનો નાશ કરવા માટે

સદ્ગુરુ યોગે સમ્યગ્જ્ઞાન -

ગુણદોષમાં ગુરુલાઘવનું સંજ્ઞાન પ્રાપ્ત કરવું.

એ ત્રણે ય મળીને મોક્ષમાર્ગ બને છે.

દ્વેષની ઉત્પત્તિ રાગભાવમાંથી,

રાગની ઉત્પત્તિ મોહભાવમાંથી અને

મોહની ઉત્પત્તિ અજ્ઞાનદોષમાંથી થાય છે.

તેથી એક અજ્ઞાનના નિગ્રહથી

મોહ, રાગ અને દ્વેષ ત્રણે દોષોનો નિગ્રહ થાય છે,

તેમ એક દ્વેષનો નિગ્રહ કરવા માટે

મૈત્રીભાવ કેળવવાથી દ્વેષભાવ જાય છે અને

રાગભાવનો નિગ્રહ થાય છે, કેમકે

દ્વેષના નિગ્રહમાં રાગભાવ બાધક થાય છે.

આબુ, દેલવાડા, વૈ. સુદ ૫

દ્વેષ દૂર કરવા રાગ દૂર કરવો,
રાગ દૂર કરવા મોહ દૂર કરવો અને
મોહ દૂર કરવા માટે અજ્ઞાન ટાળવું અતિ આવશ્યક છે.

મૈત્રીભાવની સાધનાની જેમ
જ્ઞાન વડે થતી વૈરાગ્યભાવની સાધના પણ
રાગ, દ્વેષ અને મોહરૂપી ત્રણે દોષોનો નિગ્રહ કરે છે.
આમ છતાં ભેદનયથી ત્રણે દોષોનો નિગ્રહ કરવા માટે
ત્રણે સાધના સ્વતંત્ર માનવી પણ અનિવાર્ય બને છે
તથા અનેકાંતવાદ તો જ બચવાય છે.
વળી જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણ સ્વતંત્ર ગુણ છે, તેથી તેને
પ્રગટાવવા માટે ત્રણેના પ્રતિબંધક ત્રણ દોષ રાગ-દ્વેષ
અને મોહનો નાશ કરવા માટે સ્વતંત્ર સાધના જરૂરી છે.
વૈરાગ્યથી રાગ, મૈત્રીથી દ્વેષ અને જ્ઞાનથી મોહ નાશ પામે છે.

(૨૨) માતા-પિતાનો દુષ્પ્રતિકાર ઉપકાર બીજી કોઈ રીતે
વળે તેમ નથી, માટે તેમણે જન્મ આપ્યો તેથી અધિક
વસ્તુ બદલામાં આપવાથી જ તે વળે તેમ હોવાથી
જન્મના બદલામાં ધર્મ પમાડવાથી જ વળી શકે અને
ધર્મ પમાડવા માટે પોતે પહેલાં ધર્મ પામવો જરૂરી છે.
તે ધર્મની પ્રાપ્તિ દીક્ષા લીધા વિના થતી નથી.

જેમ દીક્ષા લેવા દુષ્પ્રતિકાર ઉપકારનો પ્રત્યુપકાર કરવા માટે
અનિવાર્ય છે, તેમ સર્વ જીવોના ઉપકારનો પ્રત્યુપકાર બીજી
કોઈ રીતે થઈ શકે તેમ ન હોવાથી મુક્તિ મેળવવી જોઈએ.
મુક્તિમાં ગયા બાદ જ સકલ સ્વકાર્યમાંથી છૂટીને કૃતકૃત્ય
થયા બાદ જ સર્વજીવોના ઉપકારનો પ્રત્યુપકાર થઈ શકે છે.
કૃતજ્ઞતાને સમજનાર માટે જેમ દીક્ષા અનિવાર્ય છે,

તેમ દીક્ષાનું ફળ પરિપૂર્ણ મુક્તિ છે,

તે મેળવવા પણ અનિવાર્ય કર્તવ્યરૂપ થઈ પડે છે.

મુક્તિમાં ગયા બાદ જ સર્વથા, પરાર્થકરણ શક્ય છે.

પરાર્થકરણના હેતુથી જ મુક્તિ અને

તેવા વિશેષ હેતુથી જ તેના કારણરૂપ ભાગવતી પ્રવ્રજ્યા છે.
(૨૨) નમવું = ઝૂકવું, દબવું, શમવું, ગમવું, સન્માન આપવું,
આત્માનું દાન કરવું અને પોતાનું કાંઈપણ ન રાખવું.
એક નમવાની ક્રિયાથી બધી ક્રિયા આપોઆપ થઈ જાય છે.

o

*Visit of the Lord to a servant is*
*the source of great joy.*
*It destroys all miseries.*
*Turn towards the divine and*
*all difficulties will disappear.*

(૨૩) તમ્મિ પયત્તો ઓહેણં વીયરાગ વયણમ્મિ ।
બહુમાણો કાયવ્વો ધીરેહિં કયં પસંગેણં ॥ (પરિશિષ્ટ-૨)

વીતરાગ વચનમાં બહુમાન એ ધર્મબીજ છે,
તેથી તેમાં અતિશય યત્ન-પ્રયત્ન કરવો જોઈએ.

વીતરાગ વચન = વીતરાગ આગમ પ્રતિપાદિત શુદ્ધ સમાચાર,
અપુનર્બંધકથી માંડી અયોગિકેવલિપર્યંત શુદ્ધ સમાચાર.
તેને વિષે બહુમાન ભાવ એ સૌનું કર્તવ્ય છે.
જેનું નામ 'ધર્મબીજ' ઇત્યાદિ છે.
બહુમાન એ બીજ છે અને શુદ્ધ સમાચરણ એ ધર્મ છે.
શુદ્ધ સમાચરણમાં આચરણ એ ઔદયિકી ક્રિયા છે
અને શુદ્ધ સમાચરણમાં ભાવ એ ક્ષાયોપશમિકી ક્રિયા છે.

'આત્માનં વિદ્ધિ ।'

આચરણને શુદ્ધ બનાવનાર ભાવ એ
જીવો પ્રત્યે મૈત્ર્યાદિ પરિણામ છે.

o

Know thyself i.e. know thy
destined distinct place in
this cosmos and act accordingly.
This knowledge consists in
knowing our assests and liabilities.

(૨૪) પદાર્થો અને અનુભાવકની પરસ્પર થતી પ્રતિક્રિયામાંથી
અનુભવનો જન્મ થાય છે તથા,
જ્ઞાતા અને જ્ઞેયની પ્રતિક્રિયામાંથી જ્ઞાન પ્રગટ થાય છે,
તેથી જ જ્ઞાતાના મનની અવસ્થા અને પરિવર્તન પ્રમાણે
એકની એક વસ્તુનો જુદો જુદો અનુભવ થાય છે.
એકની એક વસ્તુ જોઈએ જ પણ જ્ઞાતાના મનની
અવસ્થા બદલાતાં જુદી લાગે છે, એ સર્વસિદ્ધ સત્ય છે.
એક બાજુ ચંચળ મન બદલાતું જાય છે,
બીજી બાજુ દુનિયાની વસ્તુઓ ઝડપથી ફરતી જાય છે.
એ બે વચ્ચે સુમેળ અને સંવાદિતા જાળવવા મનુષ્ય
વ્યર્થ ફાંફાં મારે છે અને છેવટે નિરાશાને નોતરે છે.
મનુષ્યના વિનાશનું કારણ તેનું મન યા અસંભાવના છે.
સુષુપ્તિની દુનિયામાં ભય દુઃખ અને દર્દને સ્થાન નથી,
તે જ નિયમ સમાધિની દુનિયાને લાગુ પડે છે.
શત્રુ કેવળ તેનું મન અને મનની માયા જ છે.
ભ્રાંતિ ઉપજાવનાર મન અને તેની માયાનાં
ભયંકર વમળો અને વાસનાઓને શાંત કરવા જોઈએ.
(૨૫) પરિશ્રમ અને વિવેક દ્વારા મનને કેળવી શકાય છે.
માયામય સંસારથી મન ઊંચી લઈ સ્વયં જ્યોતિનો અનુભવ

કરવા માટે દર્શાવેલ વિસ્તૃત સાધના પ્રક્રિયાને 'ધ્યાન' કહે છે.
ધ્યાનબળે વ્યાપકતાનો 'અહમેવાસ્મિ'નો અનુભવ થાય છે,
'જગત અસ્થિર મનની ભ્રાંતિ હતી' એવો અનુભવાય છે.

સત્ય ખરેખર સ્વયં હોય છે.

સચ્ચિદાનંદના અનુભવમાં
સાધ્ય, સાધક અને સાધનની ત્રિપુટી અદૃશ્ય થાય છે.
ત્રણે એક અદ્વૈતમાં વિલીન થાય છે.
'સત્યોઽહં, શિવોઽહં'નો અનુભવ થાય છે.

ધ્યાન દ્વારા જ મનુષ્ય આ નિરંતર બદલાતા કાળ, સ્થળ
અને વાતાવરણની વચ્ચે સંવાદિતા જાળવી શકે છે.
જ્યારે જીવ પૂર્ણ સાથે એક થાય છે, ત્યારે ઇચ્છા-
વાસના અને લાલસાયુક્ત જીવનનો અંત આવે છે તથા
જીવ પૂર્ણ સુખ - પૂર્ણ આનંદનો અનુભવ કરે છે.
જ્યારે વ્યક્તિ પોતાના ભ્રામક અહંકારનો ત્યાગ કરી અને
સમસ્ત સમષ્ટિમાં એકાકાર થઈ જાય છે,
ત્યારે તે જીવ મટી જઈને સ્વયમેવ શિવ બની જાય છે.
પૂર્ણતા, આનંદ અને શક્તિ એકાર્થક છે.
મનનું વિસર્જન એટલે જ પૂર્ણતાનું સર્જન.
દિવ્ય જીવન એટલે આંતરજીવન.

આપણે આપણા દરેક શબ્દ અને આચાર-વિચાર

માટે સદા સજાગ અને સચેત રહેવું જોઈએ.

જીવનમાં ઉદ્‌ભવતા વિચાર, વાણી અને વર્તન પાછળ રહેલ

મનોકામના, હેતુ અને ઇચ્છાઓનું શાંત ચિત્તે અવલોકન

કરી બુદ્ધિ વડે પરીક્ષણ કરતાં રહેવું જોઈએ.

<u>હેતુનું નિરીક્ષણ કરવું તેનું જ નામ 'આત્મનિરીક્ષણ' છે.</u>

કોઈ ક્ષતિ અને અવગુણ માલૂમ પડે તો તુરત જ તેના

જડદાએ વિરોધી ભાવાત્મક ગુણની સ્થાપના કરવી જોઈએ.

(a) આત્મનિરીક્ષણ (b) આંતરખોજ (c) નકારાત્મક ક્રિયા

(d) ગુણ પ્રસ્થાપનની ભાવાત્મક ક્રિયા.

(૨૬) <u>પ્રત્યેક પ્રવાહી પોતાની સપાટીને સમાન રાખે છે.</u>

<u>દરેક પ્રવૃત્તિની પાછળ હેતુ સ્વસુખનો છે, તે બદલી</u>

<u>સર્વ સુખનો કરવામાં આવે, તો સપાટી સમાન બને છે</u>

અને સાધક-સાધ્યનો યોગ કે જોડાણ થાય છે.

એક પારાવાર-આસુરી તો બીજો માનવ-દૈવી અંશ છે.

'અહંકારને બહાર કાઢ કે જેથી હું પ્રવેશી શકું.'

પ્રભુના પ્રવેશને અવકાશ આપવા માટે

અહંકારને બહાર કાઢવાની જરૂર છે.

અહંકારના સ્થાને ઈશ્વરની કૃપાને સ્થાન મળવું જોઈએ.

અવગુણોને દૂર કરી સદ્‌ગુણોને પ્રસ્થાપિત કરી.

અવગુણમાત્રનું જનક અહંકાર છે.

સદ્‌ગુણમાત્રનું જનક નમસ્કાર છે.

(૨૭)(a) સ્થૂલ શરીર: અન્નમય - પ્રાણમય કોષોથી,
વિશ્વ (વ્યષ્ટિ), વિરાટ (સમષ્ટિ).

(b) સૂક્ષ્મ શરીર: મનોમય - વિજ્ઞાનમય કોષોથી,
તૈજસ (વ્યષ્ટિ), હિરણ્ય ગર્ભ (સમષ્ટિ).

(c) કારણ શરીર: આનંદમય કોષોથી બનેલ,
પ્રાજ્ઞ (વ્યષ્ટિ), ઈશ્વર (સમષ્ટિ).

(d) ૐ : ઉત્તરોત્તર સૂક્ષ્મ કોષોથી બનેલ,
સર્વસ્વ - સર્વવ્યાપક, પવિત્ર અને નિગૂઢ તત્ત્વ છે.

જમીન - અન્નમય, પાણી - પ્રાણમય, પવન - મનોમય,
વાદળ - વિજ્ઞાનમય, આકાશ - આનંદમય કોષોથી બનેલ છે,
અને એ સૌ ઉત્તરોત્તર વધુ વ્યાપક છે.

गुरु आणाइ ठियस्स य बज्झाणुट्ठाणसुद्धचित्तस्स ।
अज्झप्पज्झाणम्मि वि एगग्गत्तं समुल्लसइ ॥

અર્થ: ગુરુ આજ્ઞામાં રહેનાર તથા
બાહ્યાનુષ્ઠાનથી ચિત્તની શુદ્ધિને મેળવનાર પુણ્યાત્માઓને
અધ્યાત્મ ધ્યાનમાં એકાગ્રતા મળે છે.

तांबूल - देह - सत्कारः विकथेन्द्रिय - पोषणम् ।
रसलौल्यं दिवानिद्रा यतीनां पतनानि षट् ॥१॥

<u>અર્થાત્</u> : તાંબૂલ (મુખવાસ), દેહ સત્કાર (ટાપટીપ), ઇંદ્રિય (વિકારો)ને પોષવું, વિકથા (નિરૂપયોગી કથા), રસલોલુપતા (સગવડોનો લાભ લેવો) તથા દિવાનિદ્રા (સુખશીલતા) - સાધુ માટે આ છ પતનના કારણો છે.

<u>ઉપદેશમાળામાં કહ્યું છે કે</u>:

सुट्ठु विउज्जममाणं पंचेव करिंति रित्तयं समणं ।
अप्पथुइ परनिंदा जिब्भोवत्था कसाया य ॥

આત્મસ્તુતિ, પરનિંદા, રસના, ઉપસ્થ, કષાયો - એ પાંચનો ત્યાગ કરું. પ્રભો! સદ્‌બુદ્ધિ આપજે, કુબુદ્ધિ ટાળજે તથા બધાનું કલ્યાણ કરજે.

(૯૮)ધ્યાન દ્વારા મન - બુદ્ધિને સૂક્ષ્મ કરી, શાંત બનાવી, આપણે આપણા અંતરની ખોજ કરવી અને આપણા વાસ્તવિક સ્વરૂપમાં તદ્રૂપ થવાનો જ પ્રયત્ન કરવો.

<u>સુખાસનમાં બેસી, શરીરને શિથિલ કરીને શ્રદ્ધા અને ભાવનાપૂર્વક મંત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ.</u>

ચેતનાની ત્રણ અવસ્થા છે: જાગૃત, સ્વપ્ન, સુષુપ્તા. મન - બુદ્ધિના સંયોગથી સૂક્ષ્મ શરીરનું નિર્માણ થાય છે.

આપણા શરીરની પેલે પાર, પ્રેમસ્વરૂપ આત્માનું રાજ્ય છે.
તેને તુરીયાવસ્થા અથવા ચોથી અવસ્થા કહે છે.
આ ચંચળ જગતનું સ્થિર મધ્યબિંદુ એટલે 'આત્માનુભવ'.
તેના સાક્ષાત્કારની પ્રક્રિયા એટલે 'ધ્યાન' તથા
ધ્યાનનું પ્રથમ પગથિયું એટલે ભૌતિક જગતના
આનંદ-પ્રમોદ અને વિષયસંગથી દૂર રહેવું તે.
દમન = આત્મનિષેધ. ઉર્ધ્વીકરણ = ખોટા મૂલ્યાંકનોનો ત્યાગ.
આમ દમન અને ઉર્ધ્વીકરણમાં ફરક છે.
દમનથી અવનતિ - વિવેકજ્ઞાનપૂર્વકના ત્યાગથી ઉન્નતિ.
મન અને બુદ્ધિને અનુસરીને
સ્થૂળ શરીર અને તેના માયાવી પદાર્થોનો મોહ તજવો.
સામાન્ય જીવન આદત અને સહજ વૃત્તિઓથી દોરાય છે.
(૧૯)આ દેખાતું જગત અપૂર્ણ, અવાંછનીય, માયાવી છે,
કેમકે તેને જોનાર ઇંદ્રિયો અને મન અપૂર્ણ કે ભ્રાન્ત છે.
ધ્યાન એ આત્મપ્રતીતિની પ્રક્રિયાઓની મૂળ સાધના છે.
સૂક્ષ્મ શરીર = મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર.
મન = સંકલ્પ-વિકલ્પ. બુદ્ધિ = દૃઢ સંકલ્પ અથવા નિર્ણય.
ચિત્ત = હેયોપાદેય વિવેકશક્તિ કે રાગદ્વેષાત્મક વૃત્તિ.
અહંકાર = મારું - મારાપણું.

મનોમય કોષમાં પ્રવેશ કરવાનો સરળ રસ્તો ભક્તિયોગ.

જ્ઞાનમય કોષમાં પ્રવેશ કરી

તેના પણ પર જવાનો સ્પષ્ટ અને સરળ માર્ગ જ્ઞાનયોગ.

બંને માર્ગોની સાધના એક જ છે.

મનને નિયંત્રિત કરવાથી બુદ્ધિ આપોઆપ વશ થઈ જાય.

બુદ્ધિ શાંત થયા પછી આત્માની ભૂમિમાં પ્રવેશ થાય છે.

મનોમય ક્ષેત્રની પાર આત્મસ્વરૂપનું સામ્રાજ્ય વસે છે.

મનને શાંત કરવું એટલે અહંકારનું વિસર્જન કરવું.

એક પાર કર્યે બાકીના ૩ આપોઆપ પાર થઈ જાય છે.

ધ્યાન = વિચારપ્રવાહને અટકાવવો, બુદ્ધિની સીમા વટાવવી,
અહંકારનો નાશ કરવો, ચિત્તને દ્રવિત કરવું, પીગળાવવું.

(૨૦) માનવ જ વસ્તુને અર્થ અને મહત્ત્વ અર્પે છે.

જગતનું અસ્તિત્વ અને મહત્ત્વ માનવને આભારી છે.

વિચારોનું બાહ્યજગતમાં પ્રાગટીકરણ એટલે આચરણ.

સુષુપ્તાવસ્થામાં પાપ કે પુણ્ય થઈ શકતા નથી.

વિચારોનો પ્રવાહ સુકાય એટલે ક્રિયા થંભી જાય છે.

વિચારોનું ઉગમસ્થાન ઇચ્છા અને વાસના છે.

વાસનારૂપી જ્વાળામુખીમાંથી વિચારોરૂપી લાવારસ ફૂટે છે.

વાસનાનું મૂળ અજ્ઞાનપંક છે.

'આપણે ચૈતન્યસ્વરૂપ છીએ' એ સત્યનું
વિસ્મરણ થવું, એ જ અજ્ઞાનના અંધકારમાં ડૂબવું છે.
અધ્યાત્મની ભાષામાં આત્મવિસ્મૃતિ એ 'અજ્ઞાન' અને
આત્મસ્મૃતિ એ 'જ્ઞાન' ઇત્યાદિ છે.

અજ્ઞાનમાંથી શરીર - મન - બુદ્ધિ - અહંકાર જન્મે તથા
દેહ-મન-બુદ્ધિના અહંભાવમાંથી ભવાભવ પેદા થાય છે.

જો કે ગમે તેવા ઘોર અજ્ઞાન વચ્ચે પણ
આત્માના અસ્તિત્વ વિષે કાંઈક જાગૃતિ તો રહે જ છે.
બ્રહ્મજ્ઞાનના પ્રકાશથી જ અજ્ઞાનાંધકાર દૂર થાય છે.
આ જ્ઞાનને જ 'આત્મદર્શન' કે 'આત્માનુભવ' કહે છે.

(૨૨) અજ્ઞાન, ઇચ્છા (વાસના), વિચાર અને ક્રિયા
ખરું જોતાં એક જ વસ્તુ છે.

અવિદ્યા કે અજ્ઞાનને બુદ્ધિક્ષેત્રમાં ઇચ્છા કે વાસના કહેવાય.
મનના ક્ષેત્રમાં વાસના વિચારરૂપે પ્રગટે છે અને
બાહ્યજગતમાં તે ક્રિયારૂપે વ્યક્ત થાય છે.
આમાંથી કોઈ એક ઉપર કાબુ આવે ત્રણે ઉપર કાબુ આવે.
અજ્ઞાનનું સ્થૂલતમ સ્વરૂપ આચરણ છે,
જેને શુદ્ધ કરી વિચાર ઉપર પ્રભુત્વ મેળવી શકાય છે.
વિચાર પવિત્ર બને ત્યારે ઇચ્છા નિર્મળ થાય છે.

ઇચ્છા પવિત્ર થાય તેમ સત્ત્વની માત્રા ઝાઝી થાય છે
અને સત્ત્વ ઝાઝુ થયે જ્ઞાનનો સ્વયમેવ પ્રાદુર્ભાવ થાય છે.
આ રીતે આચાર - વ્યવહારની શુદ્ધિ દ્વારા પરંપરાએ
આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે, માટે જ ધ્યાનના પ્રારંભમાં
નૈતિક અને ધાર્મિક જીવન જીવવાનો ઉપદેશ દેવાય છે.

સાધના માર્ગે પૂર્ણ બ્રહ્મચર્ય અનિવાર્ય છે.

ત્યાં સર્વાંગ અને સર્વ ઇંદ્રિયો ઉપર સંયમ જરૂરી છે.
જરૂરથી વધુ ખાવું, ફાવે તેમ બોલવું, ગમતું સાંભળવું,
કોઈપણ ઇંદ્રિયનો નિરંકુશ ઉપયોગાદિ બ્રહ્મચર્યભંગ કરે છે.

(૨૨)શત્રુને ઓળખવો તે તેનો સામનો કરવા બરાબર છે.

સૂક્ષ્મ શરીરને પાર કરવાની સાધનક્રિયા એ જ ધ્યાન.

નકારાત્મક ક્રિયા પ્રગતિ માટે ભૂમિકા તૈયાર કરે છે,
પણ કેવળ નકારાત્મક ક્રિયાથી કોઈ ઉન્નતિ થતી નથી.
આ પ્રમાણે તૈયાર થયેલ ભૂમિમાં
યોગ્ય બીજ રોપી, તેને રોજ પાણી પાવું જોઈએ.
એ પછી જ છોડ મોટા થશે અને તેને ફળ આવશે.
ભાવાત્મક મૂલ્યોના પ્રસ્થાપન વિના માત્ર નકારાત્મક ક્રિયાથી
સાધક પોતાને શૂન્યવત્ - જડ બનાવે છે.
આ જડતા અને પોકળતા કેવળ નિરાશાને જ નોતરે છે.

ભાવાત્મક પ્રવૃત્તિના પ્રસ્થાપન વિના મન કચડાઈ જશે.
આવું કચડાયેલું અને દબાયેલું મન
મનુષ્યનો ભયંકર શત્રુ છે માટે મન ઉન્મુખ બનાવવું જોઈએ.
ઉન્મુખ બનેલું મન ભિક્ષુક રહેતું કે દમન કરતું નથી,
પણ ઈશ્વરલીન અને નિષ્કામ બને છે.
ઉન્મુખ મન ક્રૂરતા અને હિંસાના સ્થાને
જીવમાત્રનું કલ્યાણ ચાહે છે.
આવું મન ઈર્ષ્યાને સ્થાને
પ્રેમ, ક્ષમા, દાન, સત્ય અને સંતોષનું સંસ્થાપન કરે છે.
મન શાંત બને ત્યારે પ્રાણીમાત્ર ઉપર પ્રેમ વરસાવે છે.
વાસનાના ત્યાગથી વિશુદ્ધ અને પવિત્ર થયેલું સાધકનું મન
શક્તિશાળી અને પ્રગતિશીલ બને છે.
આવી રીતે કેળવાયેલું મન
ઈશ્વરમાં લીન થઈ અદ્વૈતનો અનુભવ કરે છે અને
સર્વ પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવે છે.
આવા મનવાળો માનવ બાહ્યજગત અને બાહ્યવસ્તુઓનો
ગુલામ ન બનતાં તેનો રાજા બને છે.
માટે જ સર્વ ધર્મશાસ્ત્રકારો
ત્યાજ્ય ગુણો સાથે ગ્રાહ્યગુણોનું સવિસ્તૃત વર્ણન કરે છે.

(૨૩) ધાર્મિકવૃત્તિના પ્રદર્શનને બદલે મૌનમાં રાચવું યોગ્ય છે.
ધ્યાનની સફળતાનો આધાર ભક્તિ-શરણાગતિ ઉપર છે.

જેટલા પ્રમાણમાં પ્રેમરસ વહેવડાવી શકીએ,
તેટલા પ્રમાણમાં મન ઉપર વિજય થાય છે.

તેનો ટુંકામાં ટુંકો રસ્તો એટલે અહંકારના ટુકડે ટુકડા કરી,
તેને ફેંકી કાઢી, ભીતરમાં રહેલાં સત્યને શોધી કાઢવું.

ફક્ત ઔષધિ મેળવવાથી કંઈ રોગ મટતો નથી,
દર્દીએ નિયમિત રીતે દવા પીવી જોઈએ તથા
ઔષધિ શરીરમાં પહોંચીને પચી પણ જવી જોઈએ, તેમ
સાધન, પ્રક્રિયા કે તત્ત્વજ્ઞાનનો માત્ર અભ્યાસ નહિ ચાલે.

આપણામાંના અવગુણ રૂપી રોગને
સત્યરૂપી ઔષધિના સેવનથી મટાડવો જોઈશે.

સમગ્ર જીવન દયા, પ્રેમ અને સહાનુભૂતિભર્યું બનાવો.
સ્વાર્થ, અહંકાર, લોભ અને વાસનાનો સંપૂર્ણ ત્યાગ કરો.
પોતાના આત્માની પુનઃ ખોજ જ મનુષ્યને પૂર્ણ-શાશ્વત
ચૈતન્યનો સાક્ષાત્કાર કરાવશે. તે જ બધા રોગનું ઔષધ છે.
આ જ આધ્યાત્મિક દુષ્કાળ અને બૌદ્ધિક જળપ્રલય છે.
આવા વખતે ધ્યાન જ એક ઔષધિ-પ્રભાવક (પ્રાણદાન) છે.
માનસિક જપ એ પોતાના મન જોડે વાત કરવાની ક્રિયા છે.

(૨૪) સમસ્ત જીવરાશિના ઉપકાર તરફ આવવાને જ
જીવ મુક્તિમાર્ગમાં આગળ વધે છે.

કોઈ જીવ કરુણાનો, કોઈ પ્રમોદનો, કોઈ માધ્યસ્થનો અને
કોઈ મૈત્રીનો વિષય બની આગળ વધવામાં ઉપકાર કરે છે.

આવું સમજવું ઉગવું તે ભાવનમસ્કાર છે.
તે નમસ્કારભાવમાં જીવને સ્થિર રાખનાર અને
અહંકારભાવને નિવારી આપનાર છે.

નમસ્કારભાવ એટલે નમ્રભાવ, કૃતજ્ઞભાવ, વિનીતભાવ.
અહંકારભાવ એટલે બીજાને પોતાનો ગુરુ બનાવવાનો ભાવ.
તે ભવ વધારવાનો માર્ગ છે.

બીજાનો ગુરુ માનવાનો ભાવ તે મુક્તિનો માર્ગ છે.
એકમાં સ્વની પ્રધાનતા છે, બીજામાં પરની પ્રધાનતા છે.
જેમાં સ્વનું ગૌરવ પોષાય તે ભવનો માર્ગ.
જેમાં પરનું ગૌરવ થાય તે મોક્ષનો માર્ગ.
સ્વને મુખ્ય બનાવવાથી સર્વ ભૂલાય છે.
પરને મુખ્ય બનાવવાથી સ્વ ભૂલાય છે,
સ્વની ચિન્તવના આર્તરૌદ્ર રૂપ ધ્યાન કરે છે, પરંતુ
સર્વની અને તે ન બને ત્યાં સુધી પરની ચિંતવના
ધર્મ અને શુક્લધ્યાનને લાવે છે.

(૨૫)ભારંડ પક્ષીને એક મુખ અને બે શરીર હોય છે,
તેથી બે તે ભિન્ન ઇચ્છા કરે તો મૃત્યુ પામે છે.
તેમ અપ્રમત્તપણે બે શરીરમાં એક ઇચ્છા રાખવી પડે છે,
તેવી જ રીતે અપ્રમત્ત મુનીઓ
સ્વ અને સર્વના સુખની સમાન ઇચ્છા ટકાવી રાખે છે.
જો ભિન્ન ઇચ્છા કરે તો તેમનો અપ્રમત્તભાવ નાશ પામે.
સર્વના હિત વિરુદ્ધ કોઈપણ સ્ખલિતનો વિચાર તે 'પ્રમાદ'.
સર્વના હિતની સમાન ભાવના તે 'અપ્રમાદ'.

(૨૬)જગતમાં જે કાંઈ શુભાશુભ સર્જન થાય છે, તેનો
મુખ્ય સંચાલક એક ભાવ છે. દ્રવ્ય એ ભાવનું વાહક છે.
ભાવની લેવડ-દેવડ દ્રવ્યથી થઈ શકે છે.
ભાવથી વાસિત થયેલાં મન-વચન-કાયાનાં દ્રવ્યો
ભગવાન બની શુભાશુભ અસરો નીપજાવે છે.
શુભાશુભ અસરોનું મૂળ ઉત્થાન અરિહંતોથી થાય છે.
અશુભ દ્રવ્યો-અશુભ ભાવોથી પર રહી શુભ દ્રવ્યો અને
શુભભાવોનું આલંબન લેવાનો શાસ્ત્રકારોનો ઉપદેશ છે.

(૨૭)દુનિયામાં માત્ર સ્વને પ્રેમ કરવાથી કામ ચાલતુ નથી.
બીજાનું દૃષ્ટિબિન્દુ, લાગણી, ભાવના
વગેરે સમજવામાં જ જીવનનો ખરો અર્થ રહેલો છે.

(૨૮) શૃંગારરસ તથા હાસ્યરસમાં વિકાસની, અદ્ભુતરસ તથા વીરરસમાં વિસ્તારની, બીભત્સ તથા ભયાનકરસમાં ક્ષોભની અને રૌદ્ર તથા કરુણરસમાં વિક્ષેપની સ્થિતિ હોય છે.

શમપ્રકર્ષોઽનિર્વાચ્યઃ । મુદિતાદેસ્તદાત્મતા । અર્થાત્: 'શમ' નામના સ્થાયી ભાવનો પ્રકર્ષરૂપ શાંતરસ અનિર્વાચ્ય છે. તે સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ચિંતા-ભય વગેરેથી પર છે અને મુદિતા, મૈત્રી, કરુણા અને ઉપેક્ષાથી પ્રતીત થાય છે. ચંદ્ર વગેરે વિભાવ છે, નિર્વેદ વગેરે સંચારીભાવ અને રોમાંચાદિ અનુભાવ છે. ભાવની જ પરિપુષ્ટ સ્થિતિ 'રસ' છે.

ક્રિયાનું પુનરાવર્તન ટેવનું રૂપ પકડે છે.

ઇંદ્રિયો ટેવવશાત્ સ્વયમેવ વર્તતી જણાય છે.

ટેવરૂપ થયેલા સંસ્કારો બળવાન હોય છે,

એટલા માટે પ્રથમ અનુભવ વખતે ચેતવાનું હોય છે.

નામજપથી મોટો કોઈ ધર્મ નથી, પરંતુ પ્રભુનું નામ ચોવીસે કલાક રટાતું નથી એટલે જ આપણા પ્રભુપ્રીતિ ઓછી પડે છે, એટલે જ બાહ્ય કર્તવ્યોના વિધાન છે.

નામના ઉચ્ચારે આપણો 'નામી' સમાઈ જાય છે.

ભગવાનનું નામ રટવા માત્રથી જ સમસ્ત

પરમાત્માને વધાવવાનું અને ધ્યાન ધરવાનું ફળ મળે છે.

શ્રુતિ - શિરોવાક્યં સમાકર્ણયતામ્ ।
તત્ત્વમસિ । અહં બ્રહ્માઽસ્મિ । અયમાત્મા બ્રહ્મ । પ્રજ્ઞાનં બ્રહ્મ ।
આ ચાર વાક્યોમાં જીવનો સાચો પરિચય છે.
<u>પોતાની ઓળખ પામવા માટે</u>
<u>આ ચાર મહાવાક્યોનું ગહનૂમે શ્રવણ આવશ્યક છે.</u>

(૨૯) ઈશ્વરના નામથી બુદ્ધિ નિઃશંક થાય છે અને
આપણા કર્મોમાં સહૃદયતા આવે છે.
<u>નિઃશંક બુદ્ધિ અને તાર્દિકતાથી કરેલું કર્મ સિદ્ધ થાય જ.</u>
<u>પ્રભુનામ એ તો માંગલ્યનિધિ છે.</u>
તે તો પતિતને પાવન અને ક્ષુદ્રવાનને મંગલ કરનારું છે.
રામ એ સત્યની મૂર્તિ અને કૃષ્ણ એ પ્રેમની મૂર્તિ છે.
<u>વાણીથી નામજપ અને હૃદયથી રૂપચિંતન કરવું જોઈએ.</u>
નામસ્મરણ કરનારને ભગવાન વશ થાય છે.
નામ સર્વશ્રેષ્ઠ અને સર્વસુલભ તત્ત્વ છે.
<u>વાણીથી નામ જપો, હૃદયમાં ધ્યાન ધરો.</u>

(૩૦) 'તત્ત્વમસિ' અને 'અહં બ્રહ્માસ્મિ' કરતાં
વધારે ઉંચો બીજો કોઈ વિચાર નથી,
આ બિંદુચિન્તન નથી, બલ્કે બધા સિંધુચિન્તન છે.
<u>બિંદુ ટીપામાં નહિ પણ એકલા જ રહે, તેવું આ ચિંતન છે.</u>

નમ્રતા અને સહનશીલતા જ્ઞાનદર્શનનું પરિપક્વ ફળ છે,
કેમકે જ્ઞાન સર્વજ્ઞ સમાન હોવાથી ગર્વ કે ક્રોધ કરી ન શકે.
વળી તેમાં દેહતત્ત્વના ભાવનું પૂર્ણ વિસર્જન છે.
બુદ્ધિ એ વિચારશીલપણાનો અમૃતઝર છે.
ચારિત્ર્ય એ પ્રેમસમુદ્રનો પુત્ર છે.
સંસારમાં પ્રેમ જ સર્વને વશ કરે છે.
જગતમાં સર્વશ્રેષ્ઠ બંધન પ્રેમનું જ છે.
સત્ત્વશુદ્ધિની મુઠ્ઠી ભાજી મહા દાન કરતાં વધુ કિંમતી છે.
બુદ્ધિનું સ્થાન અંતઃકરણ ચતુષ્ટય છે.
અચેતન અંતઃકરણ સ્થૂલ શરીર - સ્થૂલ પ્રાણનું બનેલું છે.
સ્થૂલપ્રાણનું કાર્ય શ્વસન છે, જેને લીધે ઇંદ્રિયો સક્રિય છે.
શ્વાસને લીધે પ્રાણ નહિ, પણ પ્રાણને લીધે શ્વાસ ચાલે છે.
શ્વાસ તાલબદ્ધ થવાથી સૂક્ષ્મપ્રાણ કાબૂમાં આવે છે.
વિરાગ એ મન અને બુદ્ધિથી પર છે.
ત્યાં સ્થિર થવાથી પવિત્રતા આવે છે.
સ્થિરતા પામવાનો ઉપાય નામરટણ છે.
પ્રભુનામ રટણ એક નિધાન છે.
એ જ મંત્ર, સેવા, પૂજા, તપ, જપ તીર્થ અને વ્રત છે.
નામ-મંત્રમાં નિષ્ઠા વધારવા ભજન, સત્સંગ, સંતદર્શન છે.

નામસ્મરણ સિવાય જે સાધનો વધુ પ્રમાણમાં સેવાય
તો ક્યારેક અટકી જાય છે અને અહંકાર વધવા લાગે છે.
જપમાં નિષ્ઠા વધારવા માટે નામનું સેવન અગત્યનું છે.

ब्राह्मे मुहूर्ते या निद्रा सा पुण्यक्षयकारिणी ।

નામને 'શબ્દ' કહે છે અને
વૃત્તિઓ તેમાં એકાગ્ર થાય, તેને 'સુરતિ' કહેવાય છે.

(૩૪) મુક્તાત્માને આધીન તેના ચિત્તનું ગુણતંત્ર રહે છે.
બદ્ધાત્મા ચિત્તના ગુણતંત્રને પરવશ રહે છે.
'ભાવસંશુદ્ધિ' એટલે સર્વોત્તમભાવની સાધના.

सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात्सत्यमप्रियम् ।
प्रियं च नाऽनृतं ब्रूयादेष धर्मः सनातनः ॥

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चाऽऽत्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥
६/२९ (પરિશિષ્ટ-૮)

रागाद्यदुष्टं हृदयं वागदुष्टानृतादिना ।
हिंसादिरहितः कायः केशवाराधनत्रयम् ॥
मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत् तपो मानसमुच्यते ॥
१७/१६ (પરિશિષ્ટ-૯)

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियं हितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥

१७/१५ (પરિશિષ્ટ-૧૦)

देवद्विजगुरुप्राज्ञ-पूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥

१७/१४ (પરિશિષ્ટ-૧૧)

आत्मा त्वं गिरिजा मतिः सहचराः प्राणाः शरीरं गृहं
पूजा ते विषयोपभोग-रचना निद्रा समाधिस्थितिः ।
संचारः पदयोः प्रदक्षिणाविधिः स्तोत्राणि सर्वा गिरो
यद्यत्कर्म करोमि तत्तदखिलं शम्भो! तवाराधनम् ॥

(પરિશિષ્ટ-૧૨)

देहाभिमाने गलिते विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति तत्र तत्र परात्परम् ॥

(પરિશિષ્ટ-૧૩)

अग्निर्देवो द्विजातीनां मुनीनां हृदि दैवतम् ।
प्रतिमा स्वल्प-बुद्धीनां सर्वत्र विदितात्मनां ॥

અર્થાત્: બ્રાહ્મણોના દેવ અગ્નિ છે,
યોગીઓના દેવ અંતરાત્મા છે,
સાધનહીન માનવના દેવ મૂર્તિ છે, તત્ત્વજ્ઞોના દેવ સર્વત્ર છે.

(૩૨) ૐ એ પ્રણવ, સર્વવ્યાપી, અનંત, શુક્લ, સૂક્ષ્મ, વિદ્યુત, જ્યોત વગેરે શબ્દોથી પણ ઓળખાય છે.

(૩૩) વિચારો પ્રમાણે જ આપણું વર્તન હોય તો આપણા વિચારોનું સામર્થ્ય બાળના વિચારો ઉપર સ્થાપી શકાય. એ જ રીતે આપણા વર્તનની પાછળ વિચારો પણ તેવા જ હોય તો તે વર્તનની અસર બાળ ઉપર પડી શકે. <u>વિચાર - વાણી - વર્તન એક થાય તો શું ન થઈ શકે?</u>

અર્થાત્ સર્વ કાંઈ થઈ શકે છે.

(૩૪) <u>'અહં' અને 'મમ' એ બે મોહના મંત્ર છે.</u>

મોહ જીવ અંધ બનતા વસ્તુને યથાર્થ રીતે જોઈ શકતો નથી. અહંથી શરીર અને મમથી સ્વજનને સમજે છે, તેથી તે જેના માટે બાળને હાનિ પહોંચે, તો પણ તેને ગણતો નથી. પોતાના આત્મા અને જ્ઞાનાદિ ગુણો પ્રતિ બેદરકાર રહે છે. અંતર્મુખપણું લાવવા બહિર્મુખપણાનું પરિવર્તન કરવું છે?

'બહિર્મુખપણું' એટલે બહુ મને જ મળો.

એ દૃષ્ટિકોણને બદલવા માટે એવા સમજણ જરૂરી છે કે 'જગતમાં મારા જેવા અનંતાનંત જીવો છે અને બધાં જ મારી જેમ સુખને ઈચ્છે છે, કોઈ દુઃખને ઈચ્છતા નથી, માટે મારે કોઈના સુખમાં અંતરાયરૂપ બનવું નહિ અને કોઈના દુઃખમાં નિમિત્તરૂપ બનવું નહિ.'

આ ભાવનાથી સંતુલનપણું આવવાનો માર્ગ ઉઘડે છે
તથા રાગ અને મિથ્યાત્વ બંને દોષ નબળા પડે છે.

(૩૫) ન્યાયવૃત્તિ, મધ્યસ્થભાવ, પક્ષપાતરહિતતા વગેરે
એક જ અર્થને સૂચવનારા શબ્દો છે.

ધર્મના પાયા ન્યાયબુદ્ધિ અને સર્વત્ર મધ્યસ્થભાવ છે.
બધા શ્રેષ્ઠ ભાવોનો જનક મધ્યસ્થભાવ છે
અને તેનું કારણ ન્યાયબુદ્ધિ છે.

ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, અહિંસા, સત્ય, સંયમ,
તપ વગેરે ધર્મોને ન્યાયબુદ્ધિ સાથે સંબંધ છે.

ન્યાયબુદ્ધિ જ નમસ્કારભાવ અને
આત્મસમદર્શિત્વ ગુણને, સામાયિકભાવને ઉત્તેજે છે,
વિકસાવે છે, ટકાવે છે, લાવે છે અને પેદા કરે છે.

'ધર્મકુટુંબના પ્રભુભૂત ન્યાયની રક્ષા એ જ ધર્મની રક્ષા
અને પાપકુટુંબના પ્રભુભૂત અન્યાયનો ત્યાગ એ જ
પાપનો ત્યાગ.' આ તત્ત્વ સર્વને સ્વીકારવું આવશ્યક છે.

તત્ત્વદૃષ્ટિએ ન્યાય એ જ મુક્તિનો માર્ગ છે,
એ જ ચારિત્ર અને યોગબળ છે અને એ જ મુક્તિ છે.
ન્યાય પ્રત્યે સન્માન અને અન્યાય પ્રત્યે તિરસ્કાર જ
શ્રી નવકાર અને સામાયિક પરમ ધર્મસ્વરૂપ બને છે.

અન્યાય આત્માનો અનાદિ વૈરી છે.
ન્યાય એ આત્માનો સદા માટે પરમ સુહૃદ છે.
રાગ-દ્વેષના પક્ષમાં જતાં અટકાવનાર અને
મમત્વભાવના નાશક નમસ્કારમાં તથા સમત્વભાવના
પોષક સામાયિકમાં ચિત્ત પરોવનાર ન્યાયબુદ્ધિ છે.

(૩૯) સમગ્ર લોકને સ્પર્શી શકતું તત્ત્વ ક્યારેય નાશ ન પામે.
સર્વ લોકસન્મુખતાના મૂળમાં
તત્ત્વદૃષ્ટિ અથવા સમ્યગ્દર્શનનું બળ કામ કરતું હોય છે.
પોતે જ્યારે તેમાં જઈને ઊભો રહે ત્યારે તે બળ ઝાંખુ પડે.
પોતાના પ્રત્યેના ભાવનાં તાણાવાણા વડે
પોતે પોતાના જ આત્મભાવને અવરોધે છે.
તે અવરોધ ટળ્યા પછી જ અને આત્મભાવના સંપૂર્ણપણે
વિકસિત થયા પછી જ મોક્ષમાં જઈ શકાય.
એ હકીકત મોક્ષસ્થિત આત્માની
સહજ તથા સતત ઉપકારિતાનું દર્શન કરાવે છે.
જ્યાં સુધી શ્વાસ લેવા જેટલી શક્તિનો પણ
પોતે પોતાના માટે ઉપયોગ કરતો રહે છે,
ત્યાં સુધી વિશુદ્ધ આત્માનો પણ મોક્ષ થતો નથી.
તે જણાવે છે કે ઉપકારની સહજ-સર્વોચ્ચ ભૂમિકા તે 'મોક્ષ'.

એવા મોહના ઉદયવાળો પરને ભાવ આપવામાં કદી ય સંકોચ ન જ કરી શકે. શ્રી ત્રિભુવનપતિના આલંબનનો અનુપમ યોગ થયા પછી ત્રિભુવનમાં રહેલા જીવોના હિતથી નિરાળા પોતાના હિતનો વિચાર આરાધક આત્માના ભાવમાં ક્ષણવાર પણ ટકી શકતો નથી. શ્રી અરિહંતભાવ સાથેનું ભાવજોડાણ આરાધકને જોડે છે ત્રિભુવન સાથે. તે જોડાણ થયા પછી આરાધકનું સ્થાન વ્યાપક, સૂક્ષ્મ, મમત્વમુક્ત અને પ્રકાશ વિતરક બને છે.

(39) સ્વત્વમમત્વનો નાશ કરવા માટે વજ્રથી પણ કઠોર અને ભવ્યત્વના પરિપાક માટે પુષ્પથી પણ મૃદુ હૃદય જોઈએ.

હૃદયની આર્દ્રતા, કુમાશ, કોમળતા વિના

દુઃખ સહી લેવાની, દુઃખ સહીને પણ અન્યને સુખ અને સંતોષ આપવાની શક્તિ આવતી નથી. બહિરાત્મભાવમાં વર્તતા સ્વત્વમમત્વના જોરમાં આ શક્તિ બિલકુલ હોતી નથી. અંતરાત્મભાવમાં capacity to suffer for others વધે છે, વિકસે છે, ફૂલવાફાલવા લાગે છે. સ્વ-સર્વના સંબંધની દૃષ્ટિ અંતરાત્મભાવમાં વિકસે છે. તેમાં જ similarity of substance and sameness of purposeનું દર્શન થાય છે.

આ દર્શન સાધકને આપવાનું છે,
તેથી static રહી શકતું નથી dynamic બને છે.
This is transmutation of base metal
of the lower nature
into the gold of spiritual nature.
સ્વભાવને ઊર્ધ્વ કરવાની અને ભાવનાને પકડવાની
આ પ્રક્રિયાનું જ નામ સાવિત્રીની સાધના છે.
(૩૮) સાવિત્રી દર્શનની સાધનાથી emotions and
thoughts of the Sadhak become
purified and transmuted.
Nothing is to be destroyed.
Everything is to be transmuted.
Nothing can be destroyed in cosmos.
(૩૯)પોતાના અને સ્વજના સંબંધના આગ્રહ પર જે
સ્વાર્થમય પોષાય છે, તે બહિરાત્મમય છે.
બહિરાત્મમય = selfish, acquisitive mind.
અંતરાત્મમય = જેમાં સર્વ સાથેનો સ્નેહ વિચાર.
અર્થ earthly અને બ્રહ્મ divine mentality.

સર્વ અને સ્વના સંબંધનું દર્શન કરાવે feelings.
સર્વ અને સ્વના સંબંધનું જ્ઞાન કરાવે knowledge.
નમ્રતા કૃતજ્ઞતા લાવે છે. તે જ અંતરાત્મભાવ કેળવે
નમસ્કારભાવ અને અંતરાત્મભાવ એ બે એક જ છે.
નમસ્કારથી બહિરાત્મભાવ અંતરાત્મભાવમાં પલટાય છે.
નમસ્કાર કરાવે to transmute the self-
centred aquisitive mind into a broad,
all spreading divine love - અહંકારભાવની
misuse થતી soul energy નમસ્કારભાવની
સાર્થક થાય છે, તેથી સ્વત્વભાવ ઘટી લઘુતા વધે છે.
(૪૦) સ્વત્વભાવ અહંકારભાવ, અજ્ઞાન, મિથ્યાત્વનું મૂળ છે.
સ્વત્વભાવથી કર્મનો સંબંધ છે અને લઘુતા મુક્તિ છે.
સ્વત્વભાવ circle છે, લઘુતા spiral છે.
એક self-centred, બીજું all-centred છે.

o

સામાયિક પણ એક જીવાત્માના હિતનું કાર્ય છે.
It opens up the way for the higher
development of those finer forces of the
self, which will enable man to serve
all living beings, all & everyone properly.

(૪૧) જેમના હૈયામાં નમસ્કાર પદાર્થ છે,
તેના હૈયામાં મૈત્ર્યાદિ ભાવો સહજ બને છે.
સર્વનું હિત ઇચ્છનારાઓ પ્રત્યે અને સર્વના હિત દ્વારા પોતાનું હિત થાય છે, માટે પોતાના હિતમાં નિમિત્ત બનનારા સર્વ પ્રત્યે નમસ્કારભાવ રાખવો ઔચિત્યનો છે.

(૪૨) He who is greatest serveth best.
Everyone of us must evolve this greatness in ourselves. Sadhak has to loosen the ego, which is so well established within himself. The surest & safest way of doing this is by the generation of love towards all and everyone within the heart.

ધર્મ દ્વારા સાધક જ્યારે પોતા માટે external space and infinite timeનું સુખ ભોગવવા ઇચ્છે છે, ત્યારે સહજમળના જોરે તે તીવ્ર આર્તરૌદ્રમાં ફસાય છે. સહજમળના ફરજંદ આર્તરૌદ્ર સહજ છે, ધર્મધ્યાન-શુક્લધ્યાન પ્રયત્નપૂર્વક છે. આર્તરૌદ્રના પાયામાં સ્વ-સહજમળ છે, ધર્મશુક્લના પાયામાં સર્વ-ભાવના છે.

એકની worldly, અનેકની Cosmic love છે.
It is this Cosmic love only that frees the mind from worldly love, egoism and prepares the sadhak for his next steps in spiritual evolution.
પ્રત્યેક સદ્‌ગુણને પુષ્ટ બનાવવા માટે Positive & negative both aspects are necessary.
Only negative goodness and passive abstention from what the world considers wrong doing will never take far along the spiritual path.
અવગુણનો ત્યાગ એ negative aspect and સદ્‌ગુણનો પરિપાક એ positive aspect છે.

(૭૩) એક જ વિશ્વવ્યાપક શક્તિ

સર્વ કાર્યોની પાછળ અવિરત ગતિથી કાર્ય કરી રહી છે.
સમગ્રના કલ્યાણ વિના અંગત કલ્યાણ સાધવું શક્ય નથી.
વિશ્વમાં સર્જન શક્તિ ઉપરાંત ધારક અને સંહારક વચ્ચે સતત વિનિમય થયા કરે છે. ધારકની ક્રિયા સંહારક ઉપર અને સંહારકની ક્રિયા ધારકને અસર કરે છે.

પોતાની અહં કેન્દ્રિત ચેતનામાંથી વધારે વ્યાપક અને
ગહન સત્યમાં તેની બુદ્ધિ પ્રવેશ કરે છે.

માનવની મુક્તિનો માર્ગ વધારે ને વધારે વિશાળ થતાં વ્યક્તિત્વમાં રહેલો છે. જેમ જેમ માનવનું મન અનંત પ્રત્યે ખુલ્લું થતું જાય છે, તેમ તેમ તેનું જીવન વધારે વિશુદ્ધ, સમર્પિત અને ઉર્ધ્વગામી થતું જાય છે.

ચિત્તની વિશાળતા, નિર્મળતા એ જ મહત્તાનું લક્ષણ છે.

અલ્પતામાં દુઃખ અને મહત્તામાં-ભૂમામાં સુખ છે.

यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि स्थिताः ।
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥१॥
अवेक्ष्य विषये दीर्घं बुद्धियुक्ताः विचक्षणाः ।
कामपाशेन ये मुक्ताः स मुक्तेः पथि गोचरः ॥२॥
यथार्थदर्शिनं वस्तुन्यनर्थस्यापि चिन्तनम् ।
संकल्पस्यापि कामस्य तद्वधोपाय इष्यते ॥३॥
श्रुते दृष्टेऽपि वा भोग्ये यस्मिन् कस्मिंश्च वस्तुनि ।
समीचीनत्वधी-त्यागात् कामो नोदेति कर्हिचित् ॥

(પરિશિષ્ટ-૧૪)

નિર્મળતા અને યોગાભ્યાસ વિના કામના ન જાય.
માનવ શરીરમાં રહેલું ચૈતન્ય તે બ્રહ્મ છે.

જેનું સાચું સ્વરૂપ અનુભવથી પમાય છે, ઇંદ્રિયોથી નહિ.
પતિ, પત્ની, પુત્ર, પશુ વગેરે પ્રિય થાય છે, તે એ બધા
પ્રિય થાય એવા છે, માટે નહિ પણ આપણામાં ભોક્તા રૂપે
આત્મા રહેલો છે, તેટલા માટે તે આત્માને પ્રિય થાય છે.

માટે સૌથી પ્રિય તો આત્મા જ છે.

આત્માને જાણવા માટે શ્રવણાદિ કરવા જોઇએ.
એક આત્માનું જ્ઞાન થતા સંસારનું સમસ્ત જ્ઞાન થાય છે.

(૪૪) મંગલાચરણ શા માટે વિહિત?

મંગલ વિઘ્ન કે અંતરાયના વિનાશ માટે છે.
શ્રોતાને લાભાંતરાય અને વક્તાને દાનાંતરાય ન નડે, તે
માટે મંગલ શુભપરિણામ જગાડીને તેનો નાશ કરે છે.

(૪૫) દ્રવ્યકર્મની વિશ્વ ઉપર સત્તા છે.

ભાવકર્મની દ્રવ્યકર્મ ઉપર સત્તા છે.
અર્થાત્ વિશ્વ ઉપર જીવના શુભાશુભભાવનું પ્રભુત્વ છે.

અશુભભાવ નિર્બળ છે, અલ્પ છે, તુચ્છ છે.
શુભભાવ બળવાન છે, મહાન છે, દિવ્ય છે.
વિશ્વરચના ત્રિકાલાબાધિત છે.
તેની પાછળ વિશ્વવત્સલ મહાપુરુષોના શુભભાવનું બળ છે.
ભાવનું સામ્રાજ્ય અવિચ્છિન્ન છે.

પ.પૂ.પં.શ્રુ

આ જિનશાસન ત્રિકાળાબાધ્ય, અવિચ્છિન્ન, પ્રભાવસંપન્ન ઇત્યાદિ છે, તે તેના વિશ્વવત્સલ ભાવના પ્રભાવે છે. વિશ્વની વ્યવસ્થા અનાદિનિધનપણે અહીં કાળ અવિચ્છિન્ન રીતે ચાલી રહી છે, તે આ જિનશાસનના પ્રભાવે છે. આ જિનશાસન એટલે શુભભાવનું સામ્રાજ્ય અને શુભભાવ એટલે વિશ્વવ્યવસ્થાનું મૂળ. Therefore sree jinshasan is Cosmic Order.

(૪૬)'જેની હિતચિંતા કરવામાત્ર વડે ઊંચા આવી શકાય, જેની ચિત્તમાં ચિંતવના કરવામાત્રથી લાભ ઉઠાવી શકાય, તે જગત કેટલું અચિન્ત્ય શક્તિવાળું હોવું જોઈએ!' એ જાતિનો વિચાર જગત પ્રત્યે નમ્રતા લાવે છે. આત્મભાવ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્યરૂપ છે. તેને ટકાવવા માટે જીવોની અધિકતાનું ભાન જોઈએ. અધિકતાનું ભાન = જગતની હિતચિંતાથી થતા હિતનું ભાન.

એનું જ બીજું નામ 'નમસ્કારભાવ' છે.

વિશ્વવ્યવસ્થા જે ધર્મના આધારે ટકી છે,

તે 'ધર્મ' એટલે શું?

તો એનો ઉત્તર છે કે નમસ્કારભાવ એ જ ધર્મ છે.

ॐ ह्रीं

## નમસ્કારભાવનું તત્ત્વ શું ?

એનો ઉત્તર છે ભગવાનની અચિન્ત્ય શક્તિનો સ્વીકાર.
સમગ્ર શાસ્ત્રોની રચના
ભગવાનના અચિન્ત્ય પ્રભાવનું વર્ણન કરવા માટે જ થઈ છે.
ભગવાનનું ભગવત્વ
અધ્યવસાયરચના, યોગરચના, સંયમરચના વડે જુદી
જુદી રીતે પોતાનું અતિઆશ્ચર્યકારી કાર્ય કરી રહેલ છે.
તે સમજાવવા માટે જ શાસ્ત્રગ્રન્થોની રચના છે.
ભગવાનના ભગવત્વનો અચિંત્ય પ્રભાવ સદ્દહણામાં આવવો,
તેનું જ નામ 'નમસ્કારભાવ' છે.
પછી ભગવાનની આશાતનાનો જે સાચો ભય પેદા થાય છે,
તેનું જ નામ 'પાપભીરુતા' છે.
ભગવત્ત્વની આરાધના કરવા અને ભગવાનના ભગવત્વની
વિરાધના ન થવા દેવા મૈત્ર્યાદિભાવોની આવશ્યકતા છે.
ભગવત્ત્વની આરાધના અને વિરાધનાના શુભાશુભ ફળનો
સ્વીકાર એ જ નમસ્કાર અને સામાયિકભાવ છે.
તેમાંથી જ મૈત્ર્યાદિ ભાવો જાગે છે.
તે ભાવનો પ્રકર્ષ જ અહંકાર તથા મમકારના બંધનમાંથી
મુક્તિ અપાવી અવ્યાબાધ સુખના ભોક્તા બનાવે છે.

(૪૭)'કર્મનો સંબંધ પરદ્રવ્યમાં નહિ, ધર્મનો સંબંધ સર્વત્ર છે'
એ જાતિની શ્રદ્ધા એ સત્શ્રદ્ધા છે.
સ્વનો વિચાર કર્મબંધનો અને
સર્વનો વિચાર કર્મક્ષયનો હેતુ છે.
સ્વનો વિચાર સ્વજનમનના કારણે સ્વજન બની ગયો છે.
સર્વના વિચારનો પ્રયત્ન જ
સાધ્ય વ્યાધિકલ્પ ભવ્યત્વભાવનો વિકાસ કરે છે.
સર્વનો વિચાર કરનાર
સકલ પંચપરમેષ્ઠિનું બહુમાન, ધ્યાન, પૂજન અને સત્કાર
સર્વના વિચારને ઉત્તેજક છે.
સર્વના વિચારનું બહુમાન એ જ પંચપરમેષ્ઠિનું બહુમાન છે.
પંચ પરમેષ્ઠિ જે કારણથી પરમપદે બિરાજમાન છે,
તે કારણ 'સર્વની હિતચિંતા'થી ધર્મધ્યાન શરૂ થાય છે
અને એના આલંબનથી ધર્મવિજ્ઞાનનો પ્રારંભ થાય છે.
ધર્મધ્યાન અને ધર્મઅનુષ્ઠાનમાં ધર્મશક્તિ
સર્વના વિચારના કારણે ઉત્પન્ન થાય છે.
સર્વના વિચાર વિના Cosmic viewpointથી
જગતનો વિચાર કર્યા વિના ધર્મશક્તિ પેદા ન થાય અને
તે શક્તિ પેદા થયા વિના આર્તધ્યાનથી મુક્ત થવાતું નહિ.

ह्रीं

## બે મહત્ત્વના દૃષ્ટિબિંદુઓ

'સર્વ જીવ આત્મતુલ્ય છે' અને

'આત્મા પરમાત્મતુલ્ય છે'

એ બે દૃષ્ટિબિંદુને ધ્યાનમાં લીધા વિના

ધર્મ કે મોક્ષ - બેમાંથી એકપણ પુરુષાર્થ શરૂ થતો નથી.

જીવના વિચારમાં, અધ્યવસાયમાં, ભાવમાં અને ધ્યાનમાં

એવી અચિન્ત્ય શક્તિ રહેલી છે કે

જે શક્તિના પ્રભાવ વડે

સ્વર્ગાપવર્ગના સુખો હસ્તગત થાય છે.

## ધ્યાનનો આશ્રય

સત્ત્વગુણના કારણે સ્વના નાના કુંડાળામાં જે ધ્યાનશક્તિ વપરાઈ રહી છે, તેને સર્વના વિશાળ ક્ષેત્રમાં વાળવા માટે આજ્ઞા - વિચયાદિ અને પિંડસ્થ - પદસ્થાદિ ધ્યાનો શાસ્ત્રમાં વિહિત થયેલા છે. એ ધ્યાનોનો આશ્રય લઈ સર્વના હિતચિંતનરૂપ ધર્મશક્તિને પ્રગટાવી શકાય છે.

(૪૯) ध्यानतत्त्वादि-संबोधिः समाधिश्च प्रसन्नता

दया सर्वसुखैषित्वं आर्जवं समचित्तता ।

क्रोधः सुदुर्जयः शत्रुः लोभो व्याधिरनन्तकः

सर्वभूतहितः साधुः असाधुः निर्दयः स्मृतः ॥

(પરિશિષ્ટ-૧૫)

મોહો હિ ધર્મમૂઢત્વમ્ । માનસ્ત્વભિમાનતા ।
ધર્મનિષ્ક્રિયતાલસ્યમ્ । શોકસ્ત્વજ્ઞાનમુચ્યતે ।

સમજૂતિ: ધર્મમૂઢતા એ મોહ છે, અભિમાનપણું તે માન છે.
ધર્મનિષ્ક્રિયતાને આળસ અને અજ્ઞાનને શોક કહે છે.

સ્વધર્મે સ્થિરતા ધૈર્યમ્ ધૈર્યમિન્દ્રિય-નિગ્રહઃ ।
સ્નાનં મનોમલ-ત્યાગઃ દાનં વૈ ભૂત-રક્ષણમ્ ॥

સમજૂતિ: પોતાના ધર્મમાં સ્થિરતા એ ધૈર્ય છે.
ઇંદ્રિયોનો નિગ્રહ એ ધૈર્ય છે.
મનના મેલનો ત્યાગ કરવો તે સ્નાન છે અને
જીવોનું રક્ષણ કરવું તે દાન છે.

o

Pride = self-consciousness.
Sama = tranquility of mind.
Knowledge = perception of truth.
Badness = absence of Compassion.
goodness = seeking welfare of all.
Delusion = not Knowing Dharma.
Compassion = desiring happiness for all.
Covetousness is the endless foe.
Anger is the most invincible foe.

દેલવાડા, પૈ.વ.૬

(૪૯) લોકોત્તર સિદ્ધિ

રાગ-દ્વેષ માધ્યસ્થરૂપ અને પરમાનંદભક્તિરૂપ તથા
સમાધિ એ રાગ-દ્વેષ માધ્યસ્થ્યાલંબના હોય છે.
પોતાની જેમ જ સર્વને જોવા, અન્યથા પક્ષપાત સિદ્ધ થાય.
માધ્યસ્થ્ય અપક્ષપાતી હોય છે.
માધ્યસ્થ્યનું પ્રથમ પગલું ન્યાયબુદ્ધિ અને
અંતિમ પગલું રાગ-દ્વેષ મધ્યસ્થતા છે.
ન્યાયબુદ્ધિ સર્વ પ્રત્યે આત્મતુલ્ય પક્ષપાત કરવાનું કહે છે.
માધ્યસ્થ્યવૃત્તિ રાગ-દ્વેષરહિત થવાનું સૂચવે છે.
રાગ-દ્વેષરહિતતા એટલે...
રાગના હેતુઓમાં રાગ ન કરવો અને
દ્વેષના હેતુઓમાં દ્વેષ ન કરવો, કિન્તુ મધ્યસ્થ રહેવું.

(૫૦) પોતાની પ્રત્યેનો ગાઢ રાગ પાતળો પડે એટલે
શ્રી સિદ્ધોની પૂર્ણ દૃષ્ટિનો યોગ થઈ જ જાય.
શ્રી સિદ્ધ ભગવંતોની પૂર્ણ અનુગ્રહી દૃષ્ટિને
ઝીલવાની આંશિક યોગ્યતા તે 'સમ્યક્ત્વ'.
તે યોગ્યતા ઉઘડ્યા પછી જ જીવને એના શિવભાવનું
દર્શન અથવા સંવેદન થાય છે.

એ સંવેદન તેને નીચે રહેલા જીવોના
કલ્યાણના ભાવનાની પ્રેરણા તથા ઊંચે રહેલા આત્માઓની
જુદી જુદી ભક્તિ કરવાની શક્તિ આપે છે.
આ સિદ્ધોની પૂર્ણદૃષ્ટિ જ્યાં સુધી પણ ઝીલાતી હોય છે
અહીં આત્માઓની ફક્ત હાજરીના જ પ્રભાવે પણ
શુભનું બળ વધી જતું હોય છે,
અમંગળ વાતાવરણમાં ફેરફાર થતા હોય છે અને
જીવને પોતાના શિવસ્વરૂપની ભાવના જાગતી હોય છે.
ધરતીમાં વાવેલું બીજ ફાટે પછી તેમાંથી અપ્રગટપણે રહેલું
વૃક્ષ આસ્તે-આસ્તે બહાર આવે છે, તેમ મહાવિદેહની
ધરા ઉપર નીચે રહેલો જીવ શ્રી અરિહંત ભગવાની
જુદી જુદી આરાધના પછી કંઈક સ્વચ્છતા અનુભવે છે.
તે પછીથી તેનું પરમાત્મસ્વરૂપ પ્રગટવું શરૂ થાય છે.
(૫૭) જેમ કુંવારી કન્યાનું સગપણ થાય છે કે તુરત જ
વરપક્ષનાં બધા જ સગા તેના સગા બની જાય છે,
તેમ દેવાધિદેવની આજ્ઞા સાથે સંબંધ થતાં જ
તે આજ્ઞાના હૃદયભૂત ભાવનાના વિષયભૂત
ત્રણે જગતના બધા જીવો સાથે
આરાધકનો ખરો ભાવસંબંધ બંધાય છે.

જેમ પાણીમાં પગ મૂકનારો તારૂ,
સરિતા કે સાગરના સમગ્ર જળવિસ્તાર સાથે
સંબંધમાં આવે, તેમ શ્રી અરિહંતભાવનાં સંબંધ પ્રભાવે
જગતના બધા જીવો સાથે સંબંધમાં આવી જવાય છે.

શ્રી અરિહંતભાવની આરાધનાનાં
પરમ પ્રભાવે પાકતો ભવ્યત્વભાવ

શ્રી સિદ્ધ ભગવંતોની પૂર્ણદૃષ્ટિને ઝીલવાનું મહાકેન્દ્ર બને છે.
પૂર્ણની પૂર્ણ દૃષ્ટિ અપૂર્ણની અપૂર્ણતાને ટાળવામાં અને
પૂર્ણતાને પ્રગટાવવામાં સર્વોચ્ચ ભાગ ભજવે છે.
'નમો સિદ્ધાણં' પદની આરાધના કરતાં કરતાં આરાધક
જે પળે ભાવથી સિદ્ધશિલા ઉપર બિરાજે છે,
તે સમયે તેના આત્માની વિશ્વોપકારક શક્તિ પ્રગટે છે.
તે શક્તિથી બંધાતા પુણ્યનું મૂલ્ય
ભલો મોટી રકમ કરતાં પણ અનંતગુણું અધિક છે.

(૫૨)પ્રભુનું આપેલું મન પ્રભુને સોંપી દેવું એ કર્તવ્ય છે,
ન સોંપવું એ ચોરી છે.
ભગવાન મન માંગે છે, આપણે તે આપતા નથી.
તે સિવાય બધું આપીએ છીએ, ત્યાં સુધી આપણે
માત્ર બહારથી ભગવાનના થઈએ પણ મનથી થતાં નથી.

બહારથી પ્રભુના બનવા છતાં અંદરથી પ્રભુના ન હોઈએ,
તો તે ફળદાયી કેવી રીતે થાય?
ભગવાનને મન આપતા નથી એ આપણી મોટી છે, ચોરી છે.
બધી ચોરી કરતાં મનની ચોરી ભયંકર છે.
મનથી ચોર ન થવું જોઈએ.
વિષયો તરફ મન પોતાની મેળે જાય છે,
ત્યાંથી પાછું ખેંચી લેવું જોઈએ, જ્યારે
મન પોતાની મેળે ભગવાનની પાસે જતું નથી,
તેને પ્રભુ પાસે લઈ જવું પડે છે.

(૫૩) 'નમો અરિહંતાણં |' પદમાં
પ્રધાન પરમેષ્ઠિને નમસ્કાર છે,
તેથી તેના અર્થની મહત્તા તો છે જ, પણ
તેમાં અ+ર+હ અર્થાત્ 3 શ્રેષ્ઠ અક્ષરો ગૂંથેલા હોવાથી
શબ્દની પણ એટલી જ મહત્તા છે.
અર્થ અને શબ્દ ઉભયની દૃષ્ટિએ જેનું મહત્વ હોવાથી
તે સર્વશ્રેષ્ઠ મંત્ર છે. દેવાધિદેવના નામસ્મરણ અને
નમસ્કારમાં આત્માને લાગેલાં સમગ્ર કર્મોમાં બહુ મોટો
ફેરફાર કરવાની પરમ શક્તિ છે. નામસ્મરણ, દુઃખ દૂર
કરવાનું અનુપમ સાધન મનાય છે, તે આ કારણે છે.

ઉદયાવલિકામાં આવેલ કર્મ ઉદય કરવાની અસર નહિ, પણ તેનો કાળ ઘણો અલ્પ છે. નિકાચિત કર્મ ઉદય કરવાની અસર નહિ પણ નિકાચિતને ભોગવતી વખતે નામસ્મરણાદિ નવો બંધ પડતો નહિ અને ભોગવવાથી જુનું ખપી જાય છે, તેથી આત્મા નિર્મળ થાય છે.

જ્યાં સુધી જીવ ધર્મને શરણે ગયો નહિ,

ત્યાં સુધી જ કરેલું કર્મ ભોગવવું પડે છે.

ધર્મને શરણે ગયા પછી કર્મ તેને કાંઈ કરી શકતું નહિ. ધર્મનો એવો પ્રભાવ છે કે ગમે તેવા કર્મોની વચ્ચે પણ

મોક્ષમાર્ગમાં આગળ વધારી શકે છે.

(૫૪) આત્મરૂચિ વિનાનું બધું નિષ્ફળ.

એનું તાત્પર્ય એટલું જ કે સર્વ જીવોને આત્મતુલ્ય અને આત્માને પરમાત્મતુલ્ય માન્યા વિનાનું બધું નિષ્ફળ.

તે વિના ગર્હણીયવર્જન પણ થાય નહિ.

સર્વ જીવોમાં આત્મતુલ્ય સંવેદન એ દર્શન છે.

ગર્હણીય ગુણદોષનું સંવેદન એ જ્ઞાન છે.

સમિતિ - ગુપ્તિયુક્ત પ્રવર્તન તે ચારિત્ર છે.

(૫૫) 'સાવદ્યને મન - વચન - કાયાથી કરવું, કરાવવું, અનુમોદવું નહિ' એ પ્રતિજ્ઞામાં સર્વ જીવોના હિતની ચિંતા કરવા, કરાવવા, અનુમોદવાનો સમાવેશ થઈ જાય છે.

પીનહિ દૃઢદત્તો દિવા ન ગુત્તો।

અર્થાપત્તિથી રાત્રે ખાય છે, તે વિના પીનત્વ ટકે નહિ,
તેમ મોક્ષાર્થી જીવ કોઈનું અહિત ચિંતવે નહિ.
એ વાક્યમાં અર્થાપત્તિથી સર્વનું હિત ચિંતવે, કેમકે
તે વિના મોક્ષાર્થીપણું ટકે નહિ.

'મારી આત્મા મોક્ષે જાય,
તેથી સંસારમાં સર્વ જીવને હું પીડા આપતો અટકું.'

એ વિચારમાં સર્વ જીવનું પોતાથી થતું અહિત અટકાવવાનો
વિચાર હોવા છતાં પણ બાકી સર્વ જીવોથી પરસ્પર
અહિત થઈ રહ્યું છે, તેને અટકાવવાનો વિચાર નથી.

'ન નિવિટ્ઠં અનુમતં।' એ ન્યાયે
બીજાઓ વડે થતું અહિત અટકે, એ વિચારના અભાવે
બીજાઓ વડે થતાં અહિતની અનુમતિ ઊભી જ છે.

તેનાથી બચવા માટે
'પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ।'
એ ભાવ આવશ્યક છે.

જે જીવો પરહિતથી અટકી જ ગયા છે, તેની અનુમોદનાર્થે
'દોષાઃ પ્રયાન્તુ નાશં।' ભાવની પણ આવશ્યકતા છે.
માટે સર્વનું હિત ઇચ્છવું = શિવમસ્તુ સર્વ જગતઃ।

'પરહિત નિરતાઃ|'માં પરનું હિત કરાવવાનો આશય છે.
'દોષાઃ પ્રયાન્તુ નાશં|' એમાં અનુમોદવાનો આશય છે.
આ રીતે એક જ શ્લોકમાં પરહિતને કરવા,
બીજાઓ પાસે કરાવવા અને જેઓ કરી રહ્યા છે,
તેઓને અનુમોદવાનો આશય ગુંથાયેલો છે.
એ ત્રણ ભાવ મળીને જ 'સર્વત્ર સુખી ભવતુ લોકઃ|'
આ મનોરથ સિદ્ધ થઈ શકે છે.
ત્રણમાંથી એક આશય પણ અધુરો હોય, તો
છેલ્લા વાક્યની માંગણી પ્રમાણે
સર્વત્ર સર્વ લોક સુખી બની શકતું નથી.
'મનથી સાવદ્ય ન કરવું, ન કરાવવું અને ન તો કરતાંને સારું
માનવું' એ પ્રતિજ્ઞા સાર્થક કરવા શિવમસ્તુ સર્વ જગતઃ|
શ્લોકમાં કહ્યા મુજબની સૌ ભાવનાઓ આવશ્યક છે,
અન્યથા 'હિંસા કરું નહિ કરાવું નહિ,
અને કરતાંને સારો માનું નહિ' એવી પ્રતિજ્ઞા પાળવા
માટે કોઈ હિંસા કરતો હોય, તો એને અટકાવવાની કે 'બધા
હિંસા કરતાં અટકો' એવી ભાવનાની જરૂરત રહેતી નથી,
કિન્તુ આ ભાવના વિના પ્રતિજ્ઞાનું પાલન અશક્ય છે,
કેમકે 'બધા જીવો દુઃખમુક્ત થાઓ' અથવા 'સર્વ જીવો

અવ્યાબાધ સુખને પામો' એ ભાવ ન આવે ત્યાં સુધી
દુઃખી જીવોના દુઃખનું અનુમોદન ટળતું નથી.

'દુઃખ દૂર પામો' એમ ન ઇચ્છવું એ ય દુઃખનું અનુમોદન છે.

'બીજાને દુઃખ આપતાં અટકો'
એમ ન ઇચ્છવું તે પણ અર્થાપત્તિથી અનુમોદન જ છે.

'બીજાથી દોષરહિત થાઓ' એમ ન ઇચ્છવું
એ પણ ગૂઢ અનુમોદનનો જ પ્રકાર છે.

પ્રતિજ્ઞાનો જે અંશ સંપૂર્ણપણે પાળવો શક્ય છે, તેની ઉપેક્ષા અને જે અંશો સંપૂર્ણપણે પાળવા અશક્ય છે, તેને પાળવા - પળાવવાનો અતિ આગ્રહ એ મૂઢતા છે.
એ ગુરુલાઘવના સંતુલનનો સદંતર અભાવ છે.

સર્વ જીવોની હિંસાના અનુમોદનમાંથી સર્વથા બચી જવા માટે સર્વ જીવોનું હિત ચિંતવવું, બીજા પાસે ચિંતવાવવું અને ચિંતવનારનું માનસિક અનુમોદન કરવું અપરિહાર્ય છે.

(૫૬) વ્યક્તિમાં ન હોય એવા પણ અનેક વિલક્ષણ પ્રકારની યોગ્યતા, જન mass (સમષ્ટિ)માં પ્રગટ થાય છે.

જગતમાં રહેલા આત્મભિન્ન સર્વ વસ્તુઓની સાથે આત્માનો અભેદ સાધવો તે વ્યવહારનયનું રહસ્ય છે.
'આત્મા જગતથી ભિન્ન છે' એ નિશ્ચયનયનું રહસ્ય છે.

પરવસ્તુ પ્રત્યે મોહ-મમત્વ થતાં હોય,

તે વખતે અભેદ નહિ, પણ ભેદનું ચિંતન કરવું.

સ્ત્ર્યાદિ ઉપર થતાં મોહને છેદવા માટે જેમ ભેદબુદ્ધિ સહાયક છે, તેમ 'ભવત્વેન અભેદ' વિચારીને પણ મોહનું નિવારણ થઈ શકે છે અથવા તો વ્યષ્ટિથી ભેદ અને સમષ્ટિથી અભેદ ચિંતવવા વડે મોહનું સર્વથા નિવારણ અને નિઃસ્વાર્થ પ્રેમનું સર્વથા પ્રગટીકરણ થઈ શકે છે. ભેદબુદ્ધિ વડે અહંકાર-મમકારને નિવારી શકાય છે અને અભેદબુદ્ધિ વડે હિતભાવના ઉત્પન્ન કરી શકાય છે. વ્યવહારથી સિદ્ધ પરમાત્મા જગત સાથે અભિન્ન છે,

કિન્તુ નિશ્ચયથી ભિન્ન છે.

વ્યવહારથી અનુગ્રાહક અને અનુગ્રાહ્ય ભિન્ન છે, કિન્તુ નિશ્ચયથી અનુગ્રાહક-અનુગ્રાહ્ય પોતાનો જ આત્મા છે.

(૫૭) ઉપમિતિ ભવપ્રપંચકથામાં કહ્યું છે કે:

ભવ એ ભિક્ષુ છે, આયુ એનું ભિક્ષાપાત્ર છે, પ વિષયો કદન્ન (અશુભ ભાવો) અને સંયમ પરમાન્ન (શુભ ભાવો) છે.

કુતર્કો તત્ત્વાભિમુખ શરીરને જર્જરિત કરે છે.

કુશાસ્ત્રાદિ એ વિપર્યાસનાં સહકારી કારણો તથા

રાગ-દ્વેષ અને મોહ એ ઉપાદાન કારણો છે.

# શાસનરૂપી મંદિરમાં પ્રવેશ

જો ગ્રન્થિભેદ વડે કર્મસ્થિતિ ઘટી હોય,
મિથ્યાત્વજનિત સંતાપ શમ્યો હોય અને
ચંદન જેવી શીતળતા આપનારું સમ્યગ્દર્શન પ્રગટ્યું હોય,
તો જ શાસન મંદિરમાં પ્રવેશ થયો છે, એમ સમજવું.
સમ્યગ્દર્શનનો અર્થ પરમાત્મદર્શન પણ થાય.

(૫૮) नेत्रयोः सजलता, मुखे काम्यता,
स्निग्धता वपुषि, वाचि मधुरता ।
हृदि सहृदयता, विषयेषु निर्लिप्तता,
कार्येषु निःसंगता, फलेषु निर्लोभता ।
भाषणे च मितता, उदारता वर्तने,
शरणता गुरौ, प्रणिधानता ईश्वरे
कीर्तने च निर्लज्जता ॥१॥ (પરિશિષ્ટ-૧૬)

(૫૯) 'नमो अरिहंताणं'
એ સમતાભાવને નમસ્કાર છે,
જે સમતાભાવ પામવામાં આવતાં અંતરાયોને નિવારે છે.
અંતરાયોને નિવારવા - સમતાભાવનો અભ્યાસ કેળવવા
માટે આ જિનશાસનની સ્થાપના છે.
નમસ્કારભાવથી સમતાભાવનું બહુમાન કેળવાય છે.

સમતાભાવ સાધકરૂપ તથા સાધક મંગલભાવરૂપ છે.
મંગલભાવ કેળવવા માટે
માધ્યસ્થ્યભાવ, કરૂણાભાવ, પ્રમોદભાવ આવશ્યક છે.
એ ચાર ભાવનાં અભ્યાસમાં આડે આવતાં વિઘ્નો
નિવારવા એ ચાર ભાવવાળા, સાધકભાવવાળા
પંચપરમેષ્ઠિ ભગવંતોને પુનઃ પુનઃ નમસ્કાર કર્તવ્ય છે.
એ નમસ્કાર પાપરૂપી વિઘ્નોનો નાશ કરે છે અને
સમતાધર્મરૂપી મંગળને મેળવી આપે છે.
(૬૦)કાળ આદિ પાંચ તે ભુવનરૂપી ઘરના સ્તંભો છે.
તે પાંચ સમવાયને ધારણ કરનાર
સિદ્ધ ભગવંતો છે અથવા તો સિદ્ધોનો સ્વભાવ છે.
નિશ્ચય નયાત્મક અને વ્યવહાર નયાત્મક જગ છે.
'હિતમાં પ્રવૃત્તિ, અહિતથી નિવૃત્તિ' એ વ્યવહાર આચરવાનો છે.
તે વખતે અંદરથી સદા નિશ્ચય કરવો કે:
'આ વ્યવહારનું આચરણ અવશ્ય ફળપ્રદ થવાનું છે?
પ્રેમના કાર્યની જરૂરત એ છે કે પ્રેમના આનંદની ગ્રહણ
ક્ષમતામાં વધી જવું અને આખરે આત્માના સર્વગ્રાહી
આશ્લેષ અને વિરાટ બ્રહ્મના ઉર્મોન્માદમાં લીન થવું.
જ્ઞાનના કાર્યની એકમાત્ર જરૂરત એ જ કે
નિઃસીમ પ્રકાશમાં સદા વધી જવું.

## શાસ્ત્રના કાર્યની જરૂરત એ કે

દિવ્ય શાસ્ત્રને વધુમાં વધુ આપણામાં વસાવવા.

શુદ્ધતાનાં કાર્યની જરૂરત એ કે અહંકારથી વધુને વધુ છૂટા થઈ, બધા વસ્તુઓનું દિવ્ય સત્વમાં રૂપાંતર કરવું અને સમરસતા કરનારી પરમ પવિત્ર વિશાળતામાં પ્રવેશ કરવો.

(૬૪) અવગુણ જણાવવા જેવો છે, પણ અવગુણીની નિંદા કરવા જેવું નથી. ગુણીની પ્રશંસા કરનારને ભવનો અંત છે, અવગુણીની નિંદા કરનારને ભવભ્રમણ છે.

V.V. Imp.

कडेमाणे कडे। એ સત્ય છે.

कडे कडे। એ નિશ્ચયનો મત છે.

'કષાયથી કર્મબંધ, ધ્યાનથી નિર્જરા'

એ 'કરવા માંડ્યું ત્યારથી કરાયું' માનનારના મતે ઘટે.

નૈશ્ચયિક અર્થવિગ્રહ એક સમયનો છે.

વ્યવહારિક અર્થવિગ્રહ અંતર્મુહૂર્તનો છે.

કર્યા પછી 'કર્યું' એમ કહેવું એ મત ખોટો છે.

નિશ્ચય તથા વ્યવહાર બંને મતે

'કરવા માંડ્યું ત્યારથી કર્યું' એ સિદ્ધ થાય છે.

આત્માનું હિત શેમ થાય, તે સ્વાધ્યાય દ્વારા જાણી શકાય.

દાન વગેરેથી પુણ્ય, તપ વગેરેથી નિર્જરા, કર્મક્ષયથી મોક્ષ.

ગૃહસ્થને દાનધર્મ મુખ્ય છે.

લોભ શિખવાથી ધન ઉપાર્જન થતું નથી,
માટે ધર્મના અર્થે પણ ધન ઉપાર્જન કરવું એ દોષરૂપ છે.
દુર્લભ નરભવની સાર્થકતા ધર્મ વડે કરી લેવા જોઇએ.

0 માતા-પિતાનો ઉપકાર એ દુષ્પ્રતિકાર છે.
જન્મ આપનાર માતા-પિતાની જેમ દીક્ષા આપનાર ગુરુ
અને મોક્ષ દેનાર દેવતત્ત્વનો ઉપકાર સુદુષ્કર પ્રતિકાર છે.
સમ્યગ્દૃષ્ટિ દેવો શાસનનું હિત ચાહે છે, માટે સ્તુત્ય છે.

(૬૨) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ ત્રિપદી માતૃકાપદ છે.
જગતમાં તે મય તમામ વસ્તુ રહેલા છે.
રચનાની અપેક્ષાએ નિષધા એટલે ત્રિપદી અને
ક્રિયાની અપેક્ષાએ નિષધા એટલે આસન.
મંગળપણાની બુદ્ધિ વડે ઉત્પન્ન થયેલો પ્રશસ્તભાવ
વિઘ્નોનો નાશ કરે છે.
ગુણવાન એટલે ગુણ=ઉપકાર કરનારા તીર્થંકર પરમાત્મા.

0 ભોગોપભોગમાં મુનિપણું એ અંતરાયરૂપ નથી,
પણ પ્રત્યાખ્યાનરૂપ છે.
યથાભદ્રકને જિનપૂજાદિ ક્રિયાથી ધર્મની પ્રાપ્તિ થાય છે.
'રાત્રિએ પણ જિનમંદિરે જવાય' શાસ્ત્રસિદ્ધ વાક્ય નથી.
દૃષ્ટિસંમોહ = શ્રદ્ધામાં મુંઝવનાર.

0 રાત્રીભોજન એ દુર્ગતિનું કારણ છે.

0 દ્રવ્ય-ભાવ અને ઉભય સ્તવ જુદા છે.

0 રાજ્ય, કુટુંબાદિની વાર્તા તે ભેદકવાર્તા છે.
રાગ-દ્વેષમાં રગદોળાવનારી હોઈ ભેદકવાર્તા અકર્તવ્ય છે.
તેમાં આસક્ત જીવો શાશ્વત વસ્તુને જાણી શકતા નથી.

0 આત્મા નિગોદમાંથી નીકળ્યો એ જ વધામણી છે,
કોઈક ભવે તે નિયમા મોક્ષે જશે.
નિગોદમાંથી નીકળવું એ જ મોક્ષ છે.

0 અતિચારવાળા વ્રતો કલ્યાણને માટે નથી, એ વાત
અતિ છોડાવવા માટે છે, વ્રતો નહિ આદરવા માટે નથી.

0 સ્ત્રીઓને જિનપૂજા દ્રૌપદીના દૃષ્ટાંતથી સિદ્ધ છે.
શય્યંભવ ભટ્ટ-આર્દ્રકુમાર પ્રતિમાના દર્શનથી બોધ પામ્યા.

0 પરસ્પર વિરોધવાળા નયો પણ
સ્યાત્ પદથી અલંકૃત થાય, તો મત્સરભાવ તજી દે છે
અને પ્રભુના માર્ગસ્વરૂપ બની જાય છે.

(૫૩)અરિહંત માર્ગદેશક અને માર્ગસ્વરૂપ છે, તેથી તે
આજ્ઞાનું પાલન કરનારને જે અનુગ્રહ થાય છે, તે
અનુગ્રહને કરનાર આજ્ઞાથી અભિન્ન પરમાત્મા જ છે.
આજ્ઞાનું પાલન કરનાર જીવ આજ્ઞાથી અભિન્ન છે,

તેથી તેના ફળનો ભોક્તા આજ્ઞાપાલક પોતે જ છે.
આજ્ઞાથી અભિન્ન પરમાત્માની આજ્ઞાનું પાલન છે.
એ રીતે વિચાર કરવાથી અંતરાત્મામાં જાગે કે આજ્ઞાના
પાલનથી થતો લાભ એ આજ્ઞાપાલકનો યશ નથી, પણ
આજ્ઞાના ઉત્પાદક એવા પરમાત્માનો જ યશ છે.

નમો અરિહંતાણં ।

અરિહંતોનો નમસ્કાર એ જ ઉપકારનો સ્વીકાર છે.

(૬૪) માત્ર દુઃખી પ્રત્યે જ નહિ,
પણ દુઃખ દેનાર પ્રત્યે પણ કરૂણા એ સાચી કરૂણા છે.
દુઃખ દેનાર તો અજ્ઞાની છે,
માટે જ તે બીજાને દુઃખ દે છે,
માટે તેના તરફ તો સવિશેષ કરૂણા રહેવી જોઈએ.
દુઃખી તો તેના દુઃખફળ ભોગવી દુઃખનિવૃત્ત થઈ શકે છે,
કિન્તુ અજ્ઞાનીના દુઃખનો તો કોઈ અંત જ નથી.
દુઃખી કરતાં પણ અજ્ઞાની મહાદુઃખી હોવાથી જ્ઞાનીને
તેના પ્રત્યે સહજ અને અધિક કરૂણા ઉદ્ભવે છે.
જ્ઞાની ભગવંતો કહે છે કે:
જે સમજ્યા વિના દુઃખ ભોગવે છે, તે જ દુઃખી થાય છે.
જે સમજપૂર્વક દુઃખ ભોગવે છે, તે દુઃખી થતો જ નથી.

'પોતાને કોઈ બહારની વ્યક્તિ કે શક્તિ દુઃખ આપી રહી છે' એવી માન્યતાથી વધારે દુઃખી થવાય છે.

દુઃખનું મૂળ કારણ પોતે જ છે.

પોતાને ફરીથી દુઃખ આવે એવું કાંઈ ન કરે, તો દુઃખ એ તો બહુ મહત્ત્વનું શિક્ષણ આપનારું બને છે.

દુઃખને સમજપૂર્વક અને શાંતિથી સહન કરવામાં આવે તો તે દુઃખને એક શક્તિમાં રૂપાંતર કરી શકાય અને સુખનું કારણ પણ બનાવી શકાય.

કોઈપણ વ્યક્તિ ત્યારે જ સુખી થઈ શકે છે,
જ્યારે પરસ્પરના ગુણાનુરાગી બને,
પરસ્પરની ખુબીઓ જોઈ રાચે અને પ્રેમાળ બને તથા
પરસ્પરની ખામીઓ જોઈ ક્ષમાશીલ - કરુણાશીલ બને.

ઈશ્વરી યોજના સૌને સુખી કરવા માટે છે.

કર્મ જીવોને અનેક રીતે સંબંધમાં લાવે છે અને
પ્રેમના જુદા જુદા પાસાં ખીલવવાની અને
જૂના ધિક્કારને પ્રેમમાં પલટાવવાની તક આપે છે.

પ્રેમ અને સત્ય પર્યાયવાચક છે.

0 'હમણાં'માં ત્રણે કાળ સમાઈ જાય છે અને
તે અનંત બની જાય છે.

(૬૫) સ્થૂળ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ ભૂમિકાઓ ઓતપ્રોત છે.
બધી ભૂમિકાઓની એક - બીજા ઉપર અસર છે.
દરેક સારા - માઠા વિચાર, સારી - માઠી લાગણી, સારી - માઠી
ક્રિયાની અસર આખા વિશ્વ ઉપર પડે છે અને તેની
પ્રતિક્રિયા પણ તેવી જ થાય, એ કુદરતનો નિયમ છે.

ફક્ત બાહ્યમનની જ સમજ નહિ,
પણ આખા ચૈતન્યની સંપૂર્ણ સમજ એ સ્વભાવ છે.
વૃત્તિપ્રધાન બાળક બુદ્ધિપ્રધાન બની શકતો નથી.
મનબુદ્ધિ જુદાઈ ઉત્પન્ન કરે છે,
પ્રજ્ઞાબુદ્ધિ અભેદ સાધી આપે છે.

(૬૬) સહિષ્ણુતા એ કેળવવાની વસ્તુ નથી. જ્યારે આપણે
ચાહીએ છીએ, ત્યારે સહિષ્ણુતા આપોઆપ આવે છે.
વિશ્વ પ્રતિ પ્રેમ કેળવવો = સહિષ્ણુતાવૃત્તિનું પરમભજન.
વિશ્વહિત એ પરમાત્માનું ધ્યેય છે.
તેને જ અનુસરનાર ગરૂડ એ ગરૂડત્વને ગુમાવે છે.
જેઓ માગે છે, ઇચ્છે છે, તલસે છે, તેમને માટે જ
ભગવાન તલસે છે, તેમને માટે જ ભગવાન આવે છે.
જગત પ્રેમ વગર લૂખું છે,
કિન્તુ સાચો પ્રેમ તો એક ભગવાન જ આપી શકે છે.

(59) કરુણા સ્વ-પર દુઃખ અને પાપનો ધ્વંસ કરનારી છે.

પોતાની માટે પાપાકરણ નિયમનો હેતુ છે.

'પાપ ન કરવું' એટલે જીવોને પીડાકારક ન થવું અને
પોતાના આત્માને પણ દુર્ગતિપાતથી બચાવી લેવો.

આ જાતિની સ્વ-પર ઉભય પ્રત્યેની કરુણાવૃત્તિ
જીવોના અપરાધોની પણ નિવૃત્તિ કરાવનાર થાય છે.

પર પ્રત્યે કરુણાવૃત્તિ

ચંડકૌશિક અને કમઠની જેમ તેમને નિષ્પાપ બનાવે છે.

સ્વ પ્રત્યે કરુણાવૃત્તિ ઇંદ્રિય-મનના અસંયમથી ઉગારે છે.

કરુણાવૃત્તિ એ જ પ્રભુની આજ્ઞા હોવાથી
'આજ્ઞાપાલનમાં ધર્મ છે' એનો અર્થ
સ્વ-પર પ્રત્યેની કરુણાવૃત્તિમાં ધર્મ છે, એમ થશે.

આજ્ઞા બે પ્રકારની છે: હેતુવાદ અને નિર્દેશ વચન.

હેતુવાદરૂપી આજ્ઞા અને વચનરૂપી આજ્ઞા
કરુણાભાવને પરમ ધર્મ તરીકે સિદ્ધ કરે છે,
તેથી કરુણા અને આજ્ઞા અભિન્ન બની જાય છે.

જ્યાં કરુણા, ત્યાં આજ્ઞા છે. જ્યાં આજ્ઞા, ત્યાં કરુણા છે.

આજ્ઞા જીવો પ્રતિ કોમળતા અને કર્મો પ્રતિ કઠોરતા બતાવે.

જીવો પ્રતિ જેટલી કરુણા, તેટલી જ કર્મો પ્રતિ તીક્ષ્ણતા.

(૬૮) કૃતિની સત્તા એકમાત્ર પ્રેમની જ છે.
જે પ્રેમ એક યા બીજા રૂપમાં બદલો માંગે, જે આપે અને
છતાં ય ક્યાં આપવાની સભાનતા રહેલી છે, એ પ્રેમ નથી.
સત્ય એક છે, અનંત છે.
તે સમયાતીત હોવાથી એનું મૂળ સ્વરૂપ કદી બદલાતું નથી.
એની અભિવ્યક્તિ થવાની રીત બદલાય છે.
સાંભળેલી હકીકતોનો સંગ્રહ એ તો સત્યનો આભાસ છે,
મૂળ સત્ય તો એની અનુભૂતિમાં રહેલું છે.
સ્વભાવ એ સમગ્રતા પ્રતિની પ્રગતિની શરૂઆત છે અને
સમગ્રતાની સ્થિતિમાં જ સાચું-વાજબી કાર્ય સંભવે છે.
આપણાં મન તદ્દન ગૂંચવાયેલાં છે.
એ ગૂંચવાડાની સ્થિતિ કબૂલીને, એની સન્મુખ થઈને જ
એનો નિકાલ લાવી શકાય, એની ઉપેક્ષા કરીને નહિ.
મનના ગૂંચળા ઉકેલાતા સર્વ પ્રશ્નો આપોઆપ ઉકલે.
પ્રભુ, જે માત્ર માનવમનનું જ સર્જન છે,
એ ખાલી ચમક અને ચળકાટ છે.
જે મર્યાદિત, સીમિત છે, તે એના પોતાના પ્રદેશમાં, જે
સમયાતીત - અજ્ઞાત - અનંત - નિત્યનૂતન - ગતિશીલ છે,
તેને લાવી શકે નહિ.

જે મન ભૂતકાળના સર્વ સંચયોને કાપીને, છૂટું થઈને
સંપૂર્ણ સામર્થ્યાદિત બનેલ છે, એવા શાંત મનમાં જ
સત્ય દર્શન સર્વ્ અમલ થઈ શકે.

(૬૯) મન = ઇંદ્રિયોનો અનુભવ + વૃત્તિ (રાગ-દ્વેષ) + વિચાર.
વિચાર પૂર્ણનો અભ્યાસ કરી શકે નહિ.
મન શાંત થયે તેના કોઈપણ માંગણા રહે નહિ.
ભૂતકાળના સંસ્કાર ભૂંસાઈ જાય,
ત્યારે સુખ અને આનંદ સહજ આપોઆપ જ પ્રગટે.
જ્યાં સુધી ભૂતકાળની સ્મૃતિ જારી રાખવાનો પ્રયાસ છે,
ત્યાં સુધી મન શાંત નહિ અને તેથી પ્રયાસના પરિણામે
સુખ અથવા આનંદનો કોઈપણ અનુભવ શક્ય નહિ.
અચેતનતાશૂન્યને પ્રેમનો, સર્જનનો આનંદ અનુભવાય છે.
નમ્રતા = ઝૂકવું, દૃઢતા = દમવું, ભક્તિ = શમવું.
એ ત્રણેય તારક સંઘ છે.

(૭૦) 'આવૃત્તિ કરતાં સંગીતની અસર વધારે છે' તે અહીં સૂચવે છે કે મંત્રના અક્ષરો બોલ્યા કરતાં મંત્રના ધ્વનિનું શ્રવણ વધુ એકાગ્રતા પેદા કરી શકે.

(૭૨) કેળવણી અંદરથી બહાર રેડાવી જોઈએ,
આજના કાળની જેમ બહારથી અંદર નહિ.

આ ૯ વિષયો અભ્યાસમાં હોવા જોઈએ:
કાવ્ય, કળા, સંગીત, ધર્મ, વિજ્ઞાન, ઈતિહાસ, ફીલસુફી,
અર્થનીતિ અને તત્ત્વજ્ઞાન.

જ્ઞાનના કહેવાતા કેટલાંક ઉપાયો રૂઢિરૂપ, વહીવટરૂપ છે.

ધર્મ એક જ યુગની નહિ, પણ સર્વ યુગની વસ્તુ છે.

દીક્ષા એ મનુષ્યના આધ્યાત્મિક વિકાસનું સોપાનશ્રેણી છે.

Imp. દીક્ષા એ દીક્ષિત ગણાવા માટે નહિ, પણ
ઈશ્વરી યોજનામાં યથાશક્તિ સહકાર આપવા માટે છે.

દરેક દીક્ષા આત્મબળ વધારીને
દૃષ્ટિમર્યાદા વધારે છે, નવી શક્તિ ખીલવે છે.

જ્યારે આપણી આસપાસના સૌને આપણે પૂર્ણપણે ચાહીશું, ત્યારે જ તેમની સર્વોત્તમ સેવા કરી શકીશું.

આપણું આત્મજ્ઞાન મહાપુરુષોના આત્મજ્ઞાન સાથે વધારે ઐક્ય અનુભવે, ત્યારે આત્મશાંતિ પૂર્ણપણે અનુભવાય.

(૭૨)મનુષ્યોને સઘળાં બંધનોથી મુક્ત કરવા એ જ
ધર્મનું એકનું એક કાર્ય છે.

ઐક્ય સાધવાના ૬ માર્ગ

ભક્તિ, ધ્યાન, વિનય, ક્રિયા, આત્મસંશોધન અને દીક્ષા.
આ ૬ માર્ગથી વિશ્વજીવન સાથે પરમઐક્ય સાધી શકાય.

જે વિશ્વજીવન સાથે એક છે, તે સૌ કોઈ સાથે એક છે.
આ ચૈતન્ય કેવા પ્રકારનું હોય, તે તો
ભોગવે તે ચૈતન્ય સાચું હોય, તે જ જાણી શકે.
જીવનનો મર્મ સમજવા સૌથી સાદો, સહેલો, સુંદર,
ઉમદા અને પરિપૂર્ણ માર્ગ છે નવકાર અને સામાયિક.
બંને માર્ગ જુદા નહિ પણ એક જ અને પરસ્પરપૂરક છે.

(93) સમ એટલે સત્ય, ન્યાય, યોગ્ય.

જગતને સમાન ગણવા એ સત્ય છે,
તેથી 'સમતા' એ તો સત્યનો જ પર્યાયવાચક શબ્દ છે.
અસમત્વ એ અસત્ય છે અન્યાય છે, અયોગ્ય છે.
સમત્વરૂપી સૈન્ય વડે કામ, ક્રોધ, લોભ, મોહ નાશ પામે.
સમત્વનો અભાવ એ મોહ છે.
સમતા એ જ્ઞાન છે અને એ જ ધ્યાન છે.

°

'Kama' is an attachment to
what we call 'life'.
West is life affirming, while
East is life-denying.
'Samta' is simplification of mind.
વૈષમ્યાભાવ is truth, that is ન્યાય.

(૧૪) 'Yoga' is union, yoking, joining to effect the reunion of the devotee's Soul with the universal Spirit. It is the Suppression of all conscious and unconscious mental activities. 'Vipasana' is development of insight. 'Concentration' means the awareness of one & being unaware of all else. 'meditation' is absorption, to regard mentally, everything related to it. 'Samadhi' is super consciousness.

The aim of Yoga is સમાધિ.

Application of mind to the idealised image would lead to absorption to success in સાધના, to disappearance of ક્લેશ, which is the root of evil and which leads to a wonderful simplification of mind that is ચિત્તૈકાગ્ર્ય.

'Simplification of mind' is
concentration and
equanimity or indifference.
'Happiness of નિર્વાણ' is not
the feeling of worldly happiness.
(૯૪) To modify
the functional disorders,
see the divine light
and have feel of
silence or peace.
All sub-effects are
the fruits of meditation.
'કામરાગ' is the greed for
sensual
touching, hearing,
seeing, tasting
& smelling pleasures.
I want to be
a better man than I am now.

(૭૬) Physical food is અન્ન and
Our mental food is thoughts.
Our concepts of things are not truth.
Human beings, in spite of
the difference in behaviour are,
more alike than unlike one another.
When in love, when angry or
in fear, regardless of their
apparent differences,
they tend to behave alike.
Indifference to suffering
of others is a form of hatred too.
If we receive the unpleasant with
anger and hate, we again establish
root of evil only more firmly. If we
covet the pleasant, we plant and
nurse another root of evil greed.

ગણતંત્ર ચલાવવાના છો, જ્યારે
કિરદંત્ર ચલાવને ઉગેલા છો.

(99) રાગ ત્યાજ્ય છે, કલહકારક પરંતુ વિનાશક છે.

Hate is necessarily accompanied
by imperfect perception.
The root cause of hate is
unpleasant object.
Hate is ugly, an object is not.
To know hate as ugly is
to know its nature as it really is.
It is an insigt into reality.
Its characterstic
function is poisoning.
Both these passions are necessarily
accompanied by મોહ or delusion as
opposed to અમોહ wisdom. characterstic
function of મોહ is to hide the truth
about an object,
a mental or material object
and that is, ethically,
an undesirable activity.

(98) Is indifference a form of hatred?

When one does not care for people,
has no metti મૈત્રી, no love for them,
then one is indifferent to them &
to their suffering and their needs,
although one is not indifferent
or insensitive about
one's own suffering and needs.
That is a form of hatred,
although it might not be
an active kind of hatred.
The indifference of the saint
is an entirely different thing.
It is the ethical quality - upekkha.
The feeling which is neither happiness
nor unhappiness is called 'upekkha'.

°

[illegible]

'જ્ઞાન'ની બે માત્રા સરળ નિરાલંબ અને જગદંબા.

નિરાલંબ તથા જગદંબા એ ભાષા નહિ, ભાવ છે.
તે આત્માથી જવાનું થાય છે.

ગુણવાન પુરુષ તેના સંપર્કમાં આવવાથી ગુણ કરે જ.
મારામાં રહેલો ગુણ જો અન્યને ગુણ ન કરે,
તો તેમાં ગુણનું ગુણત્વ જ રહેતું નહિ.
'સ્વભાવ'ને કારણે જ ગુણવાન અન્યને ગુણ કરે.

(૭૯) ભવના સુખ-દુઃખ પોતાના સમાન હોવા છતાં તેને ન જાણવા, ન જોવા તે મોહ છે, અજ્ઞાન છે. મોહ અને અજ્ઞાનના કારણે પોતાના સુખ-દુઃખની આસક્તિ તીવ્ર બને છે અને તે સઘળા ક્લેશોનું કારણ બને છે. તેમાંથી છૂટવાનો ઉપાય અજ્ઞાન અને મોહને જીતી જ્ઞાન અને વિવેકને પ્રાપ્ત કરવા તે છે. જે જ્ઞાન વિવેક પર્યંત પહોંચાડે, તે જ્ઞાન creative understanding, receptive attitude છે. જે વિવેક ક્રિયાત્મક સ્વરૂપ ધારણ કરે, તે creative awareness, perceiving attitude છે. તેમાંથી creative movement પેદા થાય છે, તે action of conception conceiving attitude.

Most Important

પ્ર. જેઠ સુદ ૨, સોમ

કરૂણા એ ધર્મની જનની છે.

કરૂણા એ ધર્મની શક્તિ છે.

કરૂણાવાન પાપ આચરી શકતો નથી અને તેના કરૂણાના પ્રભાવે બાળજીવો પણ પાપાચરણ કરતાં ભય પામે છે.

સ્વપર ઉભયને કલ્યાણકારી એક કરૂણા જ છે.

કરૂણાના ગર્ભમાં રત્નત્રયી રહેલા છે.

કરૂણા જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ, ચારિત્રસ્વરૂપ છે.

દેવતત્ત્વ અને ગુરૂતત્ત્વ કરૂણાથી ભરપુર છે.

ધર્મતત્ત્વ અને શાસ્ત્ર પણ કરૂણારસથી છલોછલ ભરપુર છે.

કરૂણામાં જ મૈત્રી, પ્રમોદ અને માધ્યસ્થ્ય છે.

વિષયનો વૈરાગ્ય વિષયની કટુતાના જ્ઞાનથી જેટલો થતો નથી, તેટલો જીવો પ્રત્યેના કરૂણાભાવથી થાય છે.

રાગ ખરાબ છે, કેમકે

જીવોને અજ્ઞાન અને મોહમાં ધકેલી કર્મથી ભારે કરે છે.

વિષયોની વિરસતા વિષયો પ્રત્યે જુગુપ્સાભાવ પેદા કરવાના લક્ષ્યથી નથી, પરંતુ જુગુપ્સનીય પદાર્થોના રાગથી થતી જીવોની ખાના-ખરાબી ઉગારી લેવાના ધ્યેયથી છે.

દોષો દોષરૂપ છે, તેમાં કારણ જીવને દુઃખકારી છે તે છે.

જીવોને દુઃખથી ઉગારી લેવારૂપ કરુણાભાવથી જ
વિષયોની વિરસતા, કષાયોની કટુતા, પ્રમાદની શત્રુતા અને
અશુભયોગોની નિંદનીયતા કહી છે.

વિષયો પ્રત્યે રાગભાવ સુખરૂપ હોત તો તેને છોડવાની
જરૂર નહોતી, પણ જીવોને દુઃખરૂપ છે, તેથી અનંત કરુણા-
નિધાન પરમાત્માએ તેનો ત્યાગ કરવા માટે ઉપદેશ કર્યો છે.

ધર્મનું તત્ત્વ કરુણા છે. પ્રભુમૂર્તિમાંથી કરુણા ઝરે છે.
ગુરુઓની ચર્યામાં કરુણા ઓતપ્રોત છે.
શાસ્ત્રનાં વચનોમાં કરુણા ઉભરાય છે.

ધર્મની ક્રિયાઓનું ધ્યેય કરુણાભાવ વિકસાવવાનું છે.
અજ્ઞાન, મોહ, અવિરતિ, પ્રમાદ, કષાય અને
અશુભયોગોથી કરુણા ઘવાય છે.

કરુણાના શત્રુભૂત દોષાદિ બધા દોષો ત્યાજ્ય છે.
કર્મ પણ જીવનો વૈરી છે, માટે ત્યાજ્ય છે.

કરુણા એ જીવમાત્રને સગી માતા કરતાં પણ વધુ હિત
કરનારી છે, તેથી માતાની જેમ પૂજનીય, પિતાની જેમ
પાલનીય છે, બંધુ અને મિત્રની જેમ સેવનીય તથા
ગુરુ અને સ્વામીની જેમ તે અતિ આદરણીય છે.
કરુણા એ જ તત્ત્વ છે.

મન-વચન-કાયાથી કરુણા આચરવી તે
માનવભવમાં જ સુલભ છે, તેથી જ માનવભવ દુર્લભ છે.
શ્રાવકકુળમાં જ તે જન્મથી પ્રાપ્ત થાય છે,
માટે શ્રાવકકુળમાં જન્મ પ્રશંસનીય છે.
સાધુપણામાં જ તેનું સંપૂર્ણ પાલન શક્ય છે, તેથી
સાધુ ધર્મ એ જ સર્વ ધર્મોનાં શિરોમણીભૂત ગણાય છે.
કરુણાધર્મ જ જીવમાત્રનું
ધારણ, પાલન, પોષણ અને સંવર્ધન કરે છે.
એક જીવના હૃદયમાં રહેલી
જીવમાત્ર પ્રત્યેની કરુણા જીવમાત્રને સુખદાયી છે.
કરુણા સર્વને પ્રિય છે,
સર્વને વલ્લભ છે, સર્વને પૂજ્ય છે, માટે ધર્મ પૂજ્ય છે.
ધર્મનો પ્રારંભ જ સર્વના વિચારથી છે.
સર્વના વિચારથી થયેલો ધર્મ એક જણ પણ કરે છે,
તો તેનો લાભ સર્વને મળે છે. તેવી ભાવના કરીએ કે
એ માટે ચતુર્વિધ સંઘ વિશ્વવાત્સલ્યના ભાવવાળો બને.
'શ્રી અરિહંત પરમાત્મા, તેમનો ધર્મ અને તેને આચરનાર
ચતુર્વિધ શ્રી સંઘ વિશ્વવાત્સલ્યના ભાવથી ભરેલો છે'
એવા વર્તમાન જગતના માનવીઓને જાણ પણ કરીએ.

એ ભાવની પ્રાપ્તિ માટે વિશ્વવાત્સલ્યથી ભરપુર
પંચપરમેષ્ઠિની ભક્તિ કરવી.
એ ભક્તિ જ સંઘમાં વૃદ્ધિ પામે એવો ઉપદેશ ગીતાર્થ
ગુરૂઓ કરે છે. એ ઉપદેશથી ભાવિત થયેલો સંઘ
વિશ્વમાં જ જિનધર્મનું ગૌરવ વધારનારો થાય છે.

વિશ્વની અવસ્થા અદૃષ્ટથી છે,
અદૃષ્ટ ઉપર પ્રભાવ જીવોના ભાવનો છે,
જીવોના ભાવ ઉપર પ્રભાવ પંચ પરમેષ્ઠિનો છે અને
પંચ પરમેષ્ઠિ ઉપર પ્રભાવ વિશ્વવત્સલભાવનો છે.

## ધર્મના તત્ત્વજ્ઞાનનો સાર

વિશ્વવત્સલભાવને ટકાવનાર જીવોની કરૂણા છે.
કરૂણાનો વિષય જીવોની સંસારમાં કરૂણ સ્થિતિ છે.
કરૂણ સ્થિતિ ચૈતન્યને પીગળાવે છે અને
તેમાંથી ધર્મના ભિન્ન-ભિન્ન ધાર ઘડાય છે.
કરૂણા વડે ધર્મ અને ધર્મ વડે કરૂણા વૃદ્ધિ પામે છે.
આમ સંસારની સ્થિતિ અને જીવોની ઉત્ક્રાંતિ ચાલે છે.
કરૂણાભાવના આદરથી ધર્મની શરૂઆત થાય છે.
એ આદરનું નામ 'નમસ્કારભાવ' છે.
નમસ્કારભાવથી કરૂણાભાવનો આદર વધે છે.

વધેલો કરૂણાભાવ ધર્મસ્વરૂપ હોઈ,
તેનાથી જીવોની ઉત્ક્રાંતિ થાય છે.
એક કરૂણામાં જ સર્વ પાપને અને સર્વના પાપને
શોધી વધતા અંશે અટકાવવાની શક્તિ છે.
કરૂણાભાવથી પાપ અટકે છે અને ધર્મ પ્રસરે છે.
શ્રી અરિહંત દેવોની એકનિષ્ઠ શરણાગતિથી થયેલા
કરુણાપરિણામના બળે પ્રગટેલો પ્રકાશ સમગ્ર દેશ - કાળનાં
અંધારાને ઉલેચી દઈ અનાદિ અજ્ઞાનજન્ય, મોહજન્ય
તિમિરને ટાળે છે અને સાક્ષાત્કાર થતો જાય છે.
ભાવની ત્રિભુવનવ્યાપી શક્તિનો અનુભવ લેવો જોઈએ.

## ભક્તિનું સ્વરૂપ

પ્રભુ પ્રત્યેના પ્રેમને 'ભક્તિ' કહેવાય છે.
પોતામાં અત્યંત હીનતાનો બોધ અને
પૂજ્ય પદોમાં અનન્ત મહત્ત્વનું દર્શન એ 'ભક્તિ' છે.
આ પ્રેમરસ અત્યંત મધુર છે.
ભક્તિ પોતાના ભણી દોષોને જુએ છે તથા
ભગવાનના ભણી ગુણોને જુએ છે.
ભક્ત ભગવાનને શોધે છે,
તેના કરતાં પણ ભગવાન ભક્તને અધિક શોધે છે.

ભક્ત ભગવાનની સેવા કરે છે
તેના કરતાં ભગવાન ભક્તની અધિક સેવા કરે છે.

तृणादपि सुनीचेन तरोरिव सहिष्णुना ।
अमानिना मानदेन कीर्तनीयः सदा हरिः ॥१॥

(પરિશિષ્ટ-૧૭)

જ્ઞાન અને વૈરાગ્ય પુરુષ હોવાથી માયારૂપી સ્ત્રીમાં ફસાઈ જવાનો સંભવ છે પણ ભક્તિ પોતે સ્ત્રી હોવાથી માયા તેને મોહિત કરી શકતી નથી. જ્ઞાન અને વૈરાગ્યની ઉત્પત્તિ અને રક્ષા ભક્તિરૂપી માતા વડે થઈ શકે છે.

ધર્મનું આચરણ પ્રેમ સમજણપૂર્વક છે.

લેને કો હરિ નામ હૈ, દેને કો અન્નદાન,
તરને કો આધિનતા, ડુબને કો અભિમાન.

અન્નદાનમાં દયા, કરુણા અને બંધુત્વની ભાવના નિહિત છે.

o

Nothing matters much & most things don't matter at all. Selfish and possesive love is not love at all. The wise man is not he who never makes mistakes, but he who never makes the same mistake twice.

o જ્યાંહિ ભૂલ્યો ત્યાંહિ ફરી ગણીએ.

Right memory = સુકૃત્યોને યાદ રાખવા.

wrong memory = દુષ્કૃત્યોને યાદ રાખવા.

o Hatred ceaseth not by hatred, but by love.

o ડૂંગળું ખાવું ત્યારે લસણ શાનું ગણાય.

o Penny wise & pound foolish.

Pounce upon the pearls. The weak man is the slave of his enviroment, the strong man learns how to dominate it.

o કોઈપણ બાબત ઉપર પાંચ મિનિટ મનને સારી રીતે રોકી રાખવાથી જેટલો ફાયદો થાય છે, તેટલો તે વિષે લાંબો વખત વાંચવાથી કે વાતચીત કરવાથી નથી જ થતો. 'મન એક જાનવર છે' એમ માનીને પ્રાણીને જેમ મહેનત લઈને કેળવીએ છીએ, તેમ મનને કેળવવું જોઈએ.

o Resist not evil, overcome it by good communication.

o Etheric matter helps nature to build new tissues.

જેણે વિચારશક્તિ ખીલવી હોય, વળી પોતાના મનને કાબુમાં રાખવાનો અભ્યાસ પાડ્યો હોય તથા નિઃસ્વાર્થ હોય, તે જ પોતાના વિચારો વડે બીજાને મદદ કરી શકે, માટે જ શાંતિપાઠનો ઉચ્ચાર અનુષ્ઠાનની સમાપ્તિ પછી જ કરવાનો રિવાજ છે.

શાંત અને નિઃસ્વાર્થ વિચારોની અસર

માણસોના બાહ્યશરીર અને માનસશરીર ઉપરાંત જાનવરો અને ઝાડ-પાન ઉપર પણ તુરંત થાય છે. સામાની ફક્ત ઇચ્છાશક્તિ ઉપર કાબુ મેળવવો નહિ, પણ સમજશક્તિ અને ભાવના ઉપર કાબુ મેળવવો.

સામાને જ્ઞાન આપીને પછી ઇચ્છા જગાડવી, પણ તે કર્યા સિવાય સીધો

તેની કૃતિ ઉપર કાબુ મેળવવા પ્રયાસ કરવો નહિ. પંચપરમેષ્ઠિ ભગવંતોનો સિદ્ધ થયેલો લાભ સ્મરણ કરનારને સિદ્ધ થાય. ચિત્ત તેમાંજ ચુંટી જાય ત્યારે, તો બીજાના લાભની અસર થાય છે. બીજાના અશુભભાવની અસરથી બચવા માટે અને પોતાના અશુભભાવની ખરાબ અસરથી બીજાને બચાવવા માટે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું શુભ સ્મરણ સતત ચાલુ રાખવું જોઈએ.

સૌ માટે સરખા અર્થો, એ ઘણું સામાન્ય વૈખરીનું રૂપ.
એની પાર શબ્દશક્તિનું જે સ્વરૂપ છે,
તે 'મધ્યમા' અને 'પશ્યંતી' ઇત્યાદ છે.
ગંગાપ્રવાહ કે હિમાદ્રિશિખર,
પૂર્ણિમાનો ચંદ્ર કે સંધ્યાનો રંગ,
પ્રેમના આંતરવૈભવને વૈખરીથી વ્યક્ત કરી શકતાં નથી.
જગતવાદની એકાત્મભાવના અને રાષ્ટ્રવાદની
એકાત્મભાવનાનાં રૂપ જુદાં છે, ગુણ એક જ છે.
એકને સમજ્યાથી સર્વ સમજાય તે જગતવાદ.
સર્વને સમજ્યાથી એક સમજાય તે રાષ્ટ્રવાદ.
વિધિપૂર્વક ગ્રહણ કરેલા વિચારો માત્ર
વિચારો જ નથી, પણ વિચારસાગર છે.
તેની અનુપ્રેક્ષામાં સાત્ત્વિક આનંદ રહેલો છે.
સ્વાદ ટેવની વસ્તુ છે અર્થાત્ તેને કેળવવા કેળવાય છે.
પ્રારંભે મુશ્કેલી પડે, પણ ધારવાથી ટેવનું પરિવર્તન થાય.
નિષ્કામ કર્મ અર્થાત્ પ્રભુ માટે,
પ્રભુના કાર્ય માટે, સર્વ જીવોના હિત માટે થયેલું કર્મ.
એકનું કર્મ સર્વ જીવોને હિત કેવી રીતે પહોંચાડે?
એનો ઉત્તર છે: આશયથી.

<u>પ્રકૃતિનો સદા અટલ નિયમ છે કે:</u>

જે કર્મની પાછળ પોતાના એકલાના જ હિતનો નહિ,

V.V. Imp. પણ સર્વના હિતનો આશય હોય,

તે કર્મ તો કરે છે એક જ જણ,

પણ તેનો લાભ પહોંચે છે સર્વ જણને.

'ગુરૂ' એટલે પ્રકાશ આપનાર દીવાદાંડી.

'ગુરૂ' એટલે ભારે, સ્થિર રહે ઉડી ન જાય તેવા.

જેનું ચિત્ત કંચન-કામિની દેખી ચલિત ન થાય તે 'ગુરૂ'.

## <u>ગીતાનો સંદેશ</u>

ભગવાનને ભરોસે ભૂત અને ભાવિ સોંપી દેનાર અને વળી વર્તમાનની જવાબદારી પોતાને માથે લેનાર યોગી જ સાચો કર્મયોગી બની શકે છે.

તે ફળ માટે નહિ, પણ ભગવાનને માટે કર્મ કરે છે.

જેણે ભવિષ્યની જવાબદારી પોતાને માથે લઈ લીધી છે તે ભગવાનની ભક્તિ માટે જ વર્તમાનની ક્ષણમાં ઉપસ્થિત થયેલું કર્મ કરનાર બરોબરી અનાસક્ત રહી શકે છે.

એ અનાસક્તિનું જ બીજું નામ 'કર્મની કુશળતા' છે.

કર્મ કરવા છતાં જે રાગ-દ્વેષથી લિપ્ત થતો નથી,

તે જ કર્મ કરવાનું કૌશલ્ય કહેવાય છે.

ઈંદ્રિયોની હયાતિ જ ઈંદ્રની હયાતિ પુરવાર કરે છે.

ઈંદ્ર એટલે જીવ, તેનું ચિહ્ન તે ઈંદ્રિય.

ઈંદ્રિયોની કુશળતા જ તેના સર્જકની ઓળખ આપે છે.

આંખ કેટલી સુંદર છે? જીભ કેવી મનોહર છે?

નાક, કાન, દાંત, હોઠ અને આખું મુખ
કેવી સુંદર રચનાનો પુરવાર કરે છે? એ રચના
જેનાથી થાય છે, તેની સુંદરતાનું માપ કોણ કાઢી શકે?

તેથી જ જીવ, ઈંદ્ર કે આત્મા, મન અને
ઈંદ્રિયોને અગમ્ય કહ્યા છે.

મન-ઈંદ્રિયોને બનાવનારાને મન-ઈંદ્રિયો કેમ જાણી શકે?
પોતાની ઉત્પત્તિ પહેલાં જે વસ્તુની હયાતિ હોય, તેને
પછી ઉત્પન્ન થનાર યથાર્થપણે કેવી રીતે ઓળખે?

'હું ગરીબ હોઉં પણ બાપડો નહિ.
હું દરિદ્ર હોઉં પણ દીન નહિ જ.
મારે કોઈની પાસે માંગવાનું નથી.
મારે જે જોઈએ, તે બધું મારી પાસે જ છે!'

અને જે પોતાનું સ્વરૂપ જોઈ અને સમજી શકે છે,
તેને કદી દીનતા થતી નથી.

વિશ્વનાં સંતોનું નિર્માણ કરીને ભગવાને કમાલ કરી છે.

સંતપુરુષો અને તેમનું વાત્સલ્યપૂર્ણ હૃદય જ હિમાલય, ગંગા, કાશી, સોમનાથ જેવા યાત્રાધામોને પવિત્ર કરનાર છે.

જન્મ આપનાર મા એ ખરી મા નહિ, પણ
અખૂટ વાત્સલ્ય આપનાર સંત જ ખરી મા છે.
માતૃત્વ જન્મ આપવામાં નહિ, વાત્સલ્ય આપવામાં છે.
વાત્સલ્ય વિશ્વની સાર્વજનિક તથા અમૂલ્ય મૂડી છે.

જે કર્મથી ઈશ્વરનું મહત્વ વધે, તે પુણ્યકર્મ છે.

अभेदग्राहको निश्चयः । भेदग्राही व्यवहारः ।

કર્તા-કર્મ આદિ અભિન્ન વિષય હોય તે 'નિશ્ચયનય'.
કર્તા-કર્મ આદિ ભિન્ન વિષય હોય તે 'વ્યવહારનય'.
રત્નત્રયથી અભિન્ન આત્મા સ્વયં મોક્ષનું કારણ છે.

નિશ્ચયનયથી જે ધ્યાન છે,
તે પોતે જ કર્તા, કર્મ, કરણ, અધિકરણ અને ફળ છે.

આત્મા → કર્તા-કરણ
આત્મા માટે → સંપ્રદાન
આત્માથી → અપાદાન
આત્મામાં → અધિકરણ
આત્માનું → સંબંધ ચિંતવન કરે છે.

ષટ્કારકરૂપ આત્મા એ જ ખરૂં તથા ગહન ધ્યાન છે.

સ્વરૂપનું આલંબન લેવાથી નિશ્ચયધ્યાન થાય છે.
પર પદાર્થોનું આલંબન લેવાથી વ્યવહારધ્યાન થાય છે.
વ્યવહારધ્યાનના અભ્યાસી નિરાકુલપણે નિશ્ચયધ્યાન કરે.

## ૪ પ્રકારે ધ્યેય

વસ્તુને કહે તે નામ, વસ્તુની આકૃતિ તે સ્થાપના,
ગુણ-પર્યાય યુક્ત તે દ્રવ્ય અને ગુણ-પર્યાય તે ભાવ.
સર્વ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં। જ્ઞાનગર્ભ-વૈરાગ્યવર્ધક છે.
૨ પ્રકારે ગુણ: મૂર્ત-અમૂર્ત. ૨ પ્રકારે પર્યાય: અર્થ, વ્યંજન.
જ્ઞાતાના આધારે ભેદ છે.

षड्विध-द्रव्यमाम्नातं तत्र ध्येयतमः पुमान्।
द्रव्यध्येयं बहिर्वस्तु चेतनाचेतनात्मकम् ।
भावध्येयं पुनर्ध्येयसन्निभध्यानपर्ययः ॥(परिशिष्ट-१८)

આત્મદર્શન ઉભય ધ્યાનનું ફળ છે.
જગત નૈરાત્મરૂપ છે. આત્મા નૈર્જગત્મરૂપ છે.
વિશુદ્ધિ અને સ્વામીના ભેદે બંને ધ્યાનમાં ભેદ છે.
પર્યાયદૃષ્ટિએ અર્હત્પર્યાય ભાવિ છે, દ્રવ્યદૃષ્ટિએ સદા વર્તમાન છે, તેથી અર્હતનું અર્હત રૂપે જ ધ્યાન છે.
અનંત શક્તિયુક્ત આત્મતત્ત્વનું ધ્યાન કરવાથી તે આત્મતત્ત્વ ધ્યાતાને ભુક્તિ અને મુક્તિ ઉભય ફળ સાથે આપે છે.
ચરમશરીરીને મુક્તિ, અચરમશરીરીને ભુક્તિ આપે છે.

ગરુડના ધ્યાનથી ગરુડ બની સર્પનું વિષ ઉતારે છે.
સ્વયં કામદેવ બની સંસાર સમસ્તને વશ કરે છે.
અગ્નિરૂપ બની શીતજ્વર અને
અમૃતમય બની દાહજ્વરને નષ્ટ કરે છે.
ક્ષીર સાગર બની સર્વને શાંતિ તુષ્ટિ આપી શકે છે.
જે કર્મ કરવા ઈચ્છે તે કર્મના દેવતારૂપ સ્વયં બની
તે તે કાર્ય કરી શકે છે.
શાંત અને ક્રૂર બની શાંત અને ક્રૂર કર્મ પણ કરી શકે છે.
ધ્યાનના પ્રભાવે સ્તંભન-મોહનાદિ કર્મ પ્રત્યક્ષ દેખાય છે,
તેથી સમસ્તભાવ નિષ્ફળ નથી, કેવળ કલ્પના કે વિભ્રમ
નથી, પણ સાર્થક છે. આ લૌકિક અને પારલૌકિક સંબંધી
સર્વ કાર્યોનું પ્રધાન કારણ ધ્યાન છે.

ધ્યાન સિદ્ધ થવાના ૪ કારણ

શ્રુતિ, શ્રદ્ધાન, ધૈર્ય, સતત અભ્યાસ દ્વારા સ્થિર મન.

નમસ્કારનું ધ્યાન અહંકાર નિવારક છે.
'અહંકાર' એટલે હું એકલો જ કરું છું.
એ વાત અસત્ય છે, કેમકે તેથી એકાંતવાદ આવે છે.
તે એકાંતવાદની વાસનાનું નિરાકરણ કરવા માટે
સૌએ અનેકાંતવાદની ભાવનાનો આશ્રય લેવો જોઈએ.

નમસ્કાર વડે હું એકલો નહિ, પણ
જગત મારા સમાન જાતીય તત્ત્વ છે, તેનો સ્વીકાર થાય છે.
જાતિનો સ્વીકાર કરવાથી વ્યક્તિ-વ્યક્તિમાં રહેલ
સદૃશ ગુણોનો સ્વીકાર થાય છે. જે ગુણ પરમેષ્ઠિ
ભગવંતોમાં છે, તે જ ગુણ મારામાં શક્તિરૂપે રહેલો છે,
તેથી નમસ્કાર મારા ગુણને જ થાય છે.
ગુણ ગુણીથી કથંચિત્ અભિન્ન હોવાથી મને જ થાય છે.
જાતિ અને વ્યક્તિને શાશ્વત સંબંધ છે તથા
દ્રવ્ય અને પર્યાય કથંચિત્ અભિન્ન છે.

તિર્યક્સામાન્યનો વિષય ગુણ છે.
ઊર્ધ્વતાસામાન્યનો વિષય પર્યાય છે.

દ્રવ્ય ગુણ-પર્યાયવત્ છે.
દ્રવ્યને સ્વીકારવાથી
આપોઆપ જ ગુણ-પર્યાયનો સ્વીકાર થઈ જાય છે.
ગુણનો સ્વીકાર કરવાથી જાતિનો અને
પર્યાયનો સ્વીકાર કરવાથી વ્યક્તિનો સ્વીકાર થાય છે,
તેથી અરિહંતની ઓળખ વડે આત્મા જ ઓળખાય છે.

આત્મા અને અરિહંતની જાતિ એક છે,
એથી અરિહંતનું સ્મરણ આત્મસ્મરણ સ્વરૂપ છે.

જે એકને જાણે તે સર્વને જાણે અને
જે સર્વને જાણે તે એકને જાણે.
એકમાં સજાતીયતાનો સંબંધ સર્વની સાથે છે.
સર્વમાં એકનો સંબંધ દ્રવ્યરૂપેણ છે.
જે માનવ આત્માનું અસ્તિત્વ જાતિ-વ્યક્તિરૂપે કે
દ્રવ્ય-પર્યાયરૂપે માને, તે આત્માનો વિરોધ કરનારો છે.
અનાત્મવાદી નાસ્તિક છે.
અસ્તિત્વ વ્યાપ્ય છે અને અર્થક્રિયાકારિત્વ વ્યાપક છે.
અર્થક્રિયાકારિત્વ વ્યાપ્ય અને ક્રમયૌગપદ્ય વ્યાપક છે.
ક્રમયૌગપદ્ય વ્યાપ્ય અનેકાન્તમત વ્યાપક છે.
ક્રમ-અક્રમ ન માનવાથી ક્રિયા-કારક ઘટતા નથી, તેથી
બંધ, મોક્ષ અને તેના હેતુઓની વાતોનો જ અભાવ થાય
એટલે કોરી નાસ્તિકતા આવે છે.
દેહજ્યોતિમાં સમગ્ર સંસાર,
નામજ્યોતિમાં ભૂર્ભુવઃ સ્વસ્ત્રયી અને
શબ્દજ્યોતિમાં ચરાચર પદાર્થ
દર્પણની જેમ જાણે અવકાશમાં ઝળકી રહ્યા છે.
૦ વસ્તુ-અધ્યાત્મ-વિજ્ઞાન-અનુષ્ઠાન-ધ્યાન-સંપદઃ ।
ભવન્તુ ભવ્યસત્ત્વાનાં સ્વ-સ્વરૂપોપલબ્ધયે ॥૨૫૫॥

શ્રી જિનપતિ મને શબ્દજ્યોતિ, જ્ઞાનજ્યોતિ
અને દેહરૂપી પરમ જ્યોતિને આપનારા થાઓ.

ધ્યાનની ઇચ્છા રાખનાર સ્વ-પરને યથાર્થ જાણે, પછી અન્યને અસાધક જાણી છોડે અને પોતાને જ જાણે-દેખે. પહેલાં શ્રુતજ્ઞાનના સંસ્કારથી આત્માને ભાવિત કરી તેમાં જ એકાગ્રતા પ્રાપ્ત કરી કાંઇપણ ચિંતવન ન કરે.

જે સાધક

શ્રુતજ્ઞાનનું અવલંબન ન લે અને તેને વિકલ્પરૂપ માને, તે નિર્વિકલ્પ બની શકતો નથી, કિન્તુ અનેક અસત્ કલ્પનાઓનો ભોગ બની આત્માના વિષયમાં મોહ અને અજ્ઞાનને પ્રાપ્ત થાય છે તથા બાહ્યચિંતાઓ અને વિકલ્પોમાં ફસાઈ અનેક કુવિકલ્પોનો ભોગ બને છે.

तस्मात् मोह-प्रणाशाय बहिश्चिंतानिवृत्तये
स्वात्मानं भावयेत् पूर्वमैकाग्र्यस्य च सिद्धये ॥

:અર્થ:

અજ્ઞાન અને મોહનો નાશ કરવા માટે બાહ્ય ચિન્તાઓ અને વિકલ્પોને હટાવવા-દૂર કરવા માટે તથા એકાગ્રતા અને નિર્વિકલ્પતાની સિદ્ધિ માટે સર્વથી પહેલાં શ્રુતજ્ઞાનના સંસ્કારો વડે આત્માને ભાવિત કરે, ભરી દે.

अभिन्नमाद्यमन्त्येतु भिन्नं तत् तावदुच्यते ।
भिन्नो हि विहिताभ्यासो अभिन्नं ध्यातुमनाकुलः ॥

-૧૭ (પરિશિષ્ટ-૧૯)

'નમો' એ પ્રેમભાવ અથવા અર્પિતભાવ છે.

એ માટે નારીહૃદય જોઈએ, તે 'નમો' પદથી કેળવાય છે.

ભજનાનંદ એ વિષયાનંદ અને બ્રહ્માનંદથી ભિન્ન છે.

એ માટે હૃદયમાં સાચો ભાવ, તન્મયતા, સમર્પણ જોઈએ.

## કોમળ હૃદયની સૂચક ૧૦ દશા

(1) ચક્ષુઃપ્રીતિ (2) મનઃસંગ (3) નિદ્રાચ્છેદ (4) મૂર્છા
(5) સંકલ્પોત્પત્તિ - આસક્તિ (6) વિષયનિવૃત્તિ
(7) તનુતા (8) લજ્જાપ્રણાશ (9) ઉન્માદ
(10) તન્મયતા, સ્વનું વિસર્જન.

પુરુષહૃદય કઠોર હોવાથી ભક્તિમાર્ગે સ્ત્રીહૃદય જરૂરી છે.
પ્રભુની સેવાનો આનંદ સહજ રીતે તે મેળવી શકે છે,
કારણકે એ ભગવાનના પ્રસાદરૂપ શક્તિ છે.

જે તત્ત્વજ્ઞાન અનુભવ ઉપર ન રચાયું હોય, તે ન ટકે.
આધ્યાત્મિક વિજ્ઞાનમાં અનુભવસિદ્ધ વસ્તુ જ રજુ કરવી.

Imp. મને મારા ધર્મ માટે આગ્રહ છે,
પરંતુ મારા જ ધર્મમાં બધા આવે, એવો દુરાગ્રહ નહિ.

## ધ્યાનની સમજણ

એક જ વસ્તુને વિષે સ્મરણને પ્રવર્તાવવું તે 'ધ્યાન'.
જ્ઞાનમાત્ર ધ્યેયની અપેક્ષા રાખે છે.
જ્ઞાનની વિરોધી વ્યગ્રતા - જ્ઞાનનું સાધન એકાગ્રતા છે.
વ્યગ્રતાથી કોઈપણ વસ્તુનું જ્ઞાન થઈ શકતું નથી.
અન્ય ચિંતારહિત, એક ચિંતારૂપ સ્વસંવેદન તે 'ધ્યાન' છે.
એક ખરેખર કેવળ સ્વસંવેદન, સ્વસંવિત્તિમય કે કેવળ
આત્માનું સંવેદન જેમાં અન્ય કોઈનું ય સંવેદન ન હોય.
તાત્ત્વિક શ્રુતજ્ઞાન વડે સ્થિર મનને પણ 'ધ્યાન' કહે છે.
જ્ઞાનથી જ્ઞાતા અને ધ્યેયથી ધ્યાતા અભિન્ન છે માટે
જ્ઞાતા અને ધ્યાતા પણ કથંચિત ધ્યેયસ્વરૂપ છે.
ધ્યેય ગ્રહણ કરનારી સ્થિર બુદ્ધિ પણ 'ધ્યાન' છે.
પરમાર્થે મમ આત્મા પણ નિશ્ચયનયથી 'ધ્યાન' છે.
નિત્ય ઉન્માર્ગગામી ઇંદ્રિયોરૂપી ઘોડાને
જ્ઞાન અને વૈરાગ્યરૂપી લગામ વડે વશ કરનાર
મનવાળો સાધક ધ્યાનમાર્ગનો અધિકારી છે.
ધ્યાનાભ્યાસની નિપુણતાથી અનેક પ્રતીતિઓ થાય છે.
હૃદયમાંથી ઉઠતું પ્રકાશમય અરિહંત પ્રભુનું નામ 'ધ્યેય' છે.
તે સમસ્ત સિદ્ધાંતની આદિ, મધ્ય અને અંતમાં રહેલું છે.

દેલવાડા, જેઠ સુદ ૭, રવિવાર

શાસ્ત્ર એ શબ્દરૂપે અરિહંતનું જ નામસ્વરૂપ અને
પરમ જ્ઞાનરૂપી પરમ જ્યોતિનું પરમ અભિવ્યક્ત રૂપ છે.

'અસિઆઉસા' એ
દેદીપ્યમાન પરમેષ્ઠિવાચક અક્ષરો છે.

સજાતીય, વિજાતીય અને સ્વગતના ભેદને જાણનાર જ
પોતાને યથાર્થ સ્વરૂપે જાણી શકે.

સજાતીય = જીવત્વ જાતિ, વિજાતીય = જડત્વ જાતિ,
સ્વગત = સહભાવ (ગુણ) - ક્રમભાવ (પર્યાય).

જગતની કોઈપણ વસ્તુ
સારી (ઇષ્ટ) કે નરસી (અનિષ્ટ) નહિ, કિન્તુ ઉપેક્ષણીય છે.

સ્વનું વેદ્ય-વેદક ઉભયરૂપે સંવેદન તે જ આત્માનુભવ.

આત્મા સામાન્યથી ચિત્તસ્વરૂપ અને
વિશેષથી દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ છે.

પરમાત્મા અને જીવાત્મા સ્વરૂપથી સત્ તથા પરરૂપથી
અસત્ છે. સર્વથી, ભિન્ન છતાં બંને પરસ્પરોપગ્રાહક છે.
જેવી ભાવ ભાવ પ્રત્યે ધારણા કરવામાં આવે છે,
તેવું જ ફળ મળે છે. જે કાંઈ પણ ફળ મળે છે, તેમાં
નિશ્ચયથી પોતે જ અને વ્યવહારથી પર કારણ છે.

પરના પ્રતિબંધનથી પરમાં રહેલ ગુણ અને શક્તિ મુજબ સ્વને ફળની પ્રાપ્તિ થાય છે. તેમાં કારણ તરીકે વસ્તુ સ્વભાવ છે. સ્વભાવ અતર્ક્ય-અચિન્ત્ય હોય છે. એ તર્કનો કે વિચારનો નહિ પણ અનુભવનો વિષય છે. અંતે અનુભવપ્રમાણ જ શ્રેષ્ઠ અને સર્વસિદ્ધ પ્રમાણ છે.

## એકતાના છ પ્રકારો

જાતિગત, વ્યક્તિગત, ધ્યેયગત, સાધનગત, ભાવગત, ધર્મગત.

પુરુષ કામમય અને સ્ત્રી માયામય છે,

તેથી એનું રૂપાંતર જ્ઞાન કે ક્રિયામાત્રથી નથી આવતું. તે માટે ભક્તિ-મૈત્રી જરૂરી છે, જેનો પાયો અભેદનય છે. જ્ઞાન અને ક્રિયાનું મૂળ અભેદનય છે. અભેદના પાયા ઉપર ભેદનું જ્ઞાન અને પ્રવર્તન શુદ્ધિને કરનારું છે. જ્ઞાનને નિરહંકાર અને ક્રિયાને નિરાભિમાન બનાવનાર,

નિર્વિકાર અને નિરાશંસભાવ લાવનાર,

અહંકાર-મમકારનું વિષ ઉતારનારું એક અભેદનય જ છે.

सर्वं खल्विदं ब्रह्म । એ જાતિ અપેક્ષાએ સત્ય છે.

सर्वं द्रव्यपर्यायात्मकं । એ વ્યક્તિ અપેક્ષાએ સત્ય છે.

सर्वं उत्पादव्ययध्रौव्य युक्तं । એ દાર્શનિક અપેક્ષાએ અને

सर्वं परस्परोपग्रहकारकं । સાધના અપેક્ષાએ સત્ય છે.

સાયલાગાઠ, પ્ર. જેઠ સુદ ૮

વ્યવહારનયથી નમસ્કાર અને નિશ્ચયનયથી સામાયિક
એ બંને બે પગાની જેમ ઉપકારક છે.
વલોણાના બે છેડાની જેમ એ બંને મળીને પ્રધાન અને
ગૌણભાવે રહીને કાર્યની ઉત્પત્તિમાં કારણ બને છે.
સ્વ-પરનો ઉપકાર એ સત્ત્વ છે.
બંનેને યથાસ્થાને યોજવા એ પ્રભુની આજ્ઞા છે.
(1) જાતિમાં વ્યક્તિ રહેલ છે.
(2) દ્રવ્યમાં પર્યાય રહેલો છે. (3) ધ્યાતામાં ધ્યેય રહેલું છે.
(4) જ્ઞાતામાં જ્ઞેય રહેલું છે. (5) ભાવકમાં ભાવ્ય રહેલું છે.
(6) ધર્મમાં સમગ્ર વિશ્વ રહેલું છે.
દયા ધર્મનું મૂળ છે. જે મન-વચન-કાયાથી દયા પાળે છે,
પળાવે છે, પાળતાને અનુમોદે છે, તેઓના ધર્મ વડે જ
વિશ્વ ટકી રહ્યું છે. ધર્મ એ જીવમાત્રનો સ્વભાવ છે.
'સંસારદાવાનળમાં દુઃખી થતાં જીવ તે દુઃખમાંથી મુક્ત થાઓ'
એ વિચાર તે માનસિક દયાનું પાલન છે.
'સૌ દયાધર્મનું પાલન કરો' એ વિચાર દયાનું પાલન
કરાવવારૂપ અને જેઓ દયાધર્મ પાળી રહ્યા છે, તે સર્વના
ધર્મનું માનસિક અનુમોદન તે અનુમોદનસ્વરૂપ ધર્મ છે.

શિવમસ્તુ સર્વ જગતઃ । એ પાલન કરવારૂપ છે.
પરહિત-નિરતા ભવન્તુ ભૂતગણાઃ । પાલન કરાવવારૂપ.
દોષાઃ પ્રયાન્તુ નાશં । એ માનસિક અનુમોદનરૂપ છે.
જેઓ દયાધર્મના પાલન વડે દોષમુક્ત થયા, થાય છે
તથા થશે, તે સૌના ધર્મનું અનુમોદન તેમાં રહેલું છે.

## બે પ્રકારે અહિંસા

દુઃખ ન આપવારૂપ - સાવદ્ય વ્યાપારના ત્યાગસ્વરૂપ છે.
દુઃખ દૂર કરવારૂપ - નિરવદ્ય વ્યાપારના સેવનસ્વરૂપ છે.
સાવદ્યનું સેવન કરવું, કરાવવું અને અનુમોદવું નહિ.

## મન - વચન - કાયાથી

નિરવદ્યનું સેવન કરવું, કરાવવું, અનુમોદવું એ કર્તવ્ય છે.
મન-વચન-કાયાથી દયા પાળવી, પળાવવી અને અનુમોદવી.
તેમાં કોઈ દુઃખી થાઓ નહિ અને સર્વ સુખી થાઓ
એવો મનથી વિચાર કરવો, બીજાઓ તે વિચાર કરતાં
થાઓ અને એ વિચાર વડે જીવો દોષમુક્ત થાઓ
એવું અનુમોદન દયાધર્મનું ત્રિકરણયોગે પાલન છે.

માનસિક દયાધર્મના પાલન વિના
કાયિક કે વાચિક દયાધર્મનું પાલન
નિર્જીવ, નિષ્પ્રાણ, શુષ્કાડંબરરૂપ છે.

Dt. ૨૫/૫/૬૨

વાચિક અને કાયિક દયાધર્મપાલન યથાશક્તિ લઈ શકે, માનસિક દયાધર્મનું પાલન તો પૂર્ણપણે આવશ્યક છે. સમ્યગ્દર્શન એ માનસિક દયાધર્મના પાલનરૂપ છે. સમ્યક્ત્વસહિત કાયિક-વાચિક પાલન મોક્ષનો હેતુ છે.

આત્મ-અનાત્મના અવિવેકને કારણે થતી મારા-તારાની ભાવના જ રાગ-દ્વેષને ઉત્પન્ન કરે છે. સર્વ દર્શનોમાં આ અવિવેકનું નિરાકરણ જ ઇષ્ટ છે. આત્માદિ અતિરિક્ત પદાર્થો ન માનો તો પણ અર્થ કરી શકાય કે જે કાંઈ પણ છે, તે આત્મા જ છે. માટે સ્વ-પરનો ભેદ કરી રાગ-દ્વેષ શા માટે કરવા? આત્માદિ અતિરિક્ત એક કે અનેક પદાર્થો માનો, તો પણ અર્થ કરી શકાય કે જે વસ્તુઓ તારી નથી અને કદીયે થવાની નથી, તો તેમાંથી એક ઉપર પસંદગી કરીને રાગ અને બીજા ઉપર નાપસંદગી ઉતારીને દ્વેષ શા માટે કરવો? તું તારા સ્વરૂપનો જ વિચાર કર. તું પોતે ચૈતન્યરૂપ છે અને બીજું જે છે, તે જડ છે. ચેતન થઈને જડના બંધનમાં શા માટે પડવું? તત્ત્વજ્ઞાનના આ પાયા ઉપર વિશુદ્ધિ મેળવવી તે મોક્ષનો ઉપાય છે.

'યોગદર્શન'માં કહેલી વૃત્તિઓના નાશની વાત
સર્વ દર્શનકારો સ્વીકારે છે અને
તેના કારણ તરીકે જ્ઞાન, ક્રિયા અથવા ભક્તિને કહે છે.
જ્ઞાન કારણ ખરું, પણ તેના મૂળમાં રાગ-દ્વેષની વૃત્તિઓથી
રહિત થયેલો હોય તો જ તેનું જ્ઞાન મોક્ષનું કારણ બને.
ક્રિયા એટલે આચરણ. તેને મોક્ષનું કારણ માનનારના મતે
પણ આચરણ અજ્ઞાનમૂલક હોય, ત્યાં સુધી મોક્ષ ન થાય
કિન્તુ વિશુદ્ધ જ્ઞાનપૂર્વકની ક્રિયા હોય તો જ મોક્ષ થાય.
ભક્તિવાદીઓ પણ છેવટે આરાધ્ય સાથેના તાદાત્મ્યનો
અનુભવ એ જ પરાભક્તિ છે, એમ દૃઢપણે માને છે.
તેમાં પણ જ્ઞાન અને ભક્તિ એ બે નામ જ જુદાં રહ્યાં.
આમ વસ્તુસ્થિતિ તો એક જ આવીને ઊભી રહી.
મોક્ષના ભિન્ન ભિન્ન કારણોમાં તાત્ત્વિક અભેદ જ છે.
આત્માની વિશુદ્ધિ - ક્લેશરહિતતા જ મુખ્ય કારણ છે.
તે જેનાથી આવે, તેનું નામ જ જ્ઞાન અને ક્રિયા કે બંને.
ભક્તિ પણ એક તેનું જ નામ છે.

'અહંકાર' એટલે ગર્વ અથવા હુંપણાનું ભાન.
अहं+कार = હુંકાર. સ્તુતિ ખરાબ નથી. તે અયોગ્ય હોય,
અસત્ય કે વધારે પડતી હોય, ત્યારે ખરાબ ગણાય.

જ્યાં મહાપુરુષની જ્યાં કદર કરનારી સ્તુતિના શબ્દો જ્યાં અને જરૂરી પણ છે. તે વિના પ્રગતિ અશક્ય છે. સ્તુતિને કમજોર ઉપમાઓવાળા દર્શનનો એક આધાર છે,

'સંપત્તિ પુરુષની છે પણ વ્યક્તિની નહિ.

સ્તુતિ આવા બધા બાદ વિકસાવવાનો ઉપાય બની રહે છે. શાસ્ત્રના મર્મો તર્ક વડે નહિ, પણ ઉપાસના વડે જ ઉકલે. બુદ્ધિની મર્યાદામાં બુદ્ધિને ઉંચું સ્થાન છે. એની મર્યાદાની બહાર ઉપાસનાનું સ્થાન છે. રહસ્ય સમજ્યા પછી પણ અનુભવ માટે તો ઉપાસના અને યોગ જ આવશ્યક છે.

अनंतं वै मनः। सत्यस्य सत्यम्।

<u>'હૃદય' શબ્દનો એક અર્થ હૃદય પણ છે.</u>

આપણું ચૈતન્ય નાડીઓમાં વહે છે. નાડીઓ દ્વારા તે મસ્તક, બ્રહ્મરન્ધ્રમાં પ્રસરે છે. નાડીઓનો ઉગમ હૃદય કે અનાહતમાંથી થાય છે. સઘળી વૃત્તિઓમાંએ રહેલું ચૈતન્ય પણ હૃદયમાં છે. એટલા માટે જ કહેવાતું આવ્યું છે કે:

'ઈશ્વર પ્રાણીમાત્રના હૃદયમાં રહેલ છે.'

મનુષ્ય મર્ત્ય હોવા છતાં અમર્ત્યની ઝંખના સેવે છે.

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।
निर्ममो निरहंकारः सम-सुख-दुःख-क्षमी॥

<u>-ગીતા-અ ૧૨</u> (પરિશિષ્ટ-૨૦)

## કળા, નાદ, બિન્દુ અને નવકારની સાધના

નવકારનું પ્રત્યેક આંદોલન આત્માની ભાષારૂપે છે.
પ્રથમ નવકારના દરેક અક્ષરો જાણે વાંચી રહ્યા છીએ,
અથવા એકેએક અક્ષર સ્પષ્ટ - સુવાચ્ય દેખાવો જોઈએ.
એ સિદ્ધ થઈ ગયા પછી ધ્વનિ ઉપર લક્ષ આપવું.
જાપથી ધ્વનિના જે પાવન તરંગો ઉઠે છે, તેથી પ્રાણ
વ્યવસ્થિત થઈ જાય છે. મન એકાગ્ર બને પછી તે
મંત્રનું જપ અનુભવાય તથા એકાગ્ર મન વિશ્વને ય ખેંચે.

નાદ = ચિત્તસ્વાસ્થ્ય થયા પછી
શરીરમાં ઉઠતા વિવિધ પ્રકારના ધ્વનિ.

બિન્દુ = વિશ્વવ્યાપી અથવા દેહવ્યાપી ચૈતન્ય,
શરીરથી ૪ આંગળ દૂર
એક નાના બિંદુરૂપે - જ્યોતિરૂપે દેખાય તે.

કળા = ધ્યાનના તીવ્ર બળે પોતાના આત્મપ્રદેશો ઉપરથી
કર્મના ખસી જવાથી પડતાં છિદ્રો કે પ્રકાશરૂપ કિરણો.

આત્મદ્રવ્ય સર્વ શાશ્વત ગુણોથી સહિત છે.
તેના ઉપર પર્યાયો ઉત્પન્ન થાય અને નાશ પામે છે,
પરન્તુ તેના સ્વરૂપને કદી પણ વિકૃત કરી શકતા નથી.
સ્વરૂપ તો સદૈવ અંદરમાં એકસરખું વિદ્યમાન રહે છે.

તેના ઉપર ધ્યાનક્રિયા દ્વારા સ્થિર થતાં જે આનંદનો મહાસાગર ઉછળાય છે, તેનું વર્ણન શી રીતે થઈ શકે? આ જ સ્વરૂપ જ્યારે અન્ય સર્વ દેહીઓમાં જોવાય, ત્યારે અદ્વિતીય સામ્યનો અનુભવ થાય છે.

धर्मो मे केवलज्ञानि-प्रणीतः शरणं परम् ।
चराचरस्य जगतो य आधारः प्रकीर्तितः ॥
निःशंकमैक्यं जानतो वशित्वाद् दुष्करोऽपि ।
एकस्यापि सहस्रत्वं दुरन्ताद् वशात्मनः ॥
भावना-ध्यान-निर्णीततत्त्वलीनान्तरात्मनः ।
ऐक्यं न लक्षमध्येऽपि निर्ममस्य विनश्यति ॥
(ऐक्यं = સ્વાત્મા સાથેનું અભેદ પ્રણિધાન)

જડ અને ચેતન જગતના આધાર સમા કેવળજ્ઞાની ભગવંતે કહેલો સમ્યક્ ધર્મ જ મારે શ્રેષ્ઠ શરણ છે. પ્રથમ ભાવના-ધ્યાનથી તત્ત્વનિર્ણય, પછી આત્મતત્ત્વરૂપી મહાતત્ત્વમાં અંતરાત્માને લીન કરે. એ રીતે જે નિર્મમ બને, તે હજાર માણસોમાં વસવા છતાં પણ એક જ છે. લાખ માણસો પણ તેના ઐક્યનો નાશ કરી શકતા નથી. સાથે વસનાર જો બે વશ હોય, તો તે બેનું નિઃસંદેહ ઐક્ય જ છે. પણ બેમાં એક વળી અવશ હોય, તો તે એક દુરન્ત, કષ્ટદાયક, હજાર બરાબર છે.

કલ્પના કરતાં સત્ય વધારે અદ્ભુત હોય છે.
રસભાવનાનું મૂળ કલ્પના છે અને તેનું ધ્યેય આનંદ છે.
આનંદની શોધમાં કલ્પનાનો વિચાર નહિ,
અપ્રતિબદ્ધ રાખવાની વૃત્તિ અખંડ રહે છે.

કોઈપણ શુભભાવ પ્રગટ થતાં પહેલાં
જીવ ઉપર શ્રી તીર્થંકર ભગવંતનો અનુગ્રહ થાય છે.
જો કે જીવની ભવિતવ્યતા, કાળ, ક્ષયોપશમ વગેરે સહકારી
હેતુઓ છે, તથાપિ સૌમાં મુખ્ય હેતુ ભગવંતઅનુગ્રહ છે.

સ્વથી પરને અળગા પાડતી હિંસાદિ પ્રવૃત્તિ તે પાપ.
એવી પ્રવૃત્તિના મૂળમાં રહેલું મિથ્યાત્વ તે પાપનું ઘર.
જ્યારે એક આત્મા ૨ મિનીટ માટે પણ પરહિતચિંતાનું
ધ્યાન ધરે, ત્યારે તે પરમાત્માના ધ્યાનમાં પ્રવેશવાની
લાયકાત મેળવવા સાથે સાથે ધર્મની અચિન્ત્ય શક્તિના
સંબંધમાં આવી અશુભ બળોની તાકાત ઘટાડે છે અને
તે મંગળમય વાતાવરણમાં પ્રાણ પૂરનારો બને છે.

ત્રિભુવનપતિ શ્રી અરિહંત પરમાત્માના સર્વોચ્ચ
આત્મભાવનાં ધ્યાનમાંથી આત્મામાં જે ભાવ ઉઘડવા
માંડે છે, તે ભાવથી વિશ્વ ક્યારેય જુદું ન રહી શકે,
જુદું ન હોઈ શકે. આત્માની શક્તિ અનંતાનંત છે.

આત્માની અનંત શક્તિનું એ વચન
ભાવની સર્વનિરપેક્ષત્વની સાબિતીમાં પ્રગટ્યું છે.
આત્મભાવ-ત્રિભુવન વચ્ચે પૂર્ણ સ્વરૂપે અભેદ છે.
દેવ અને ગુરુની નિઃસીમ કૃપાનું સર્વનિરપેક્ષત્વ
પ્રભુના પ્રભુની જેમ અનુભવી શકાય છે.
મહાકરુણાના વિશ્વ સામ્રાજ્ય ઉપર
'માગો અને મળશે' નો અટલ ન્યાય ટકેલો છે.

તીર્થંકર ભગવંતોની મહાકરુણાની સ્વાભાવિક સક્રિયતાનો પુરાવો છે કે જ્યારે સમષ્ટિગત સાધનાના મહાશિખરેથી આપણે વ્યક્તિગત સાધનાની તળેટી સુધી આવી પહોંચીએ છીએ, ત્યારે તરત જ સર્વજીવહિતચિંતા વિષયક ભાવની કડી આવી મળે છે. સર્વ જીવહિતચિંતાની પરાકાષ્ઠાથી પ્રગટતી અવ્યક્ત અને અમૂર્ત છતાં સક્રિય અને જીવંત તથા સમગ્ર લોકના એક એક પ્રદેશની ઉપર સામ્રાજ્ય ચલાવતી મહાશક્તિનું નામ 'કરુણા' કે 'ધર્મમહાસત્તા'. માત્ર એક જ વ્યક્તિનો તે મહાશક્તિ સાથેનો સંબંધ
આખા વિશ્વના હિતમાં પરિણમે છે.

કાળાદિકારણોને પકવવામાં તેનું દૃઢ આલંબન અનિવાર્ય છે. આરાધક જ્યારે યોગબળથી આત્મભાવને વિશ્વહિતચિંતામાં

જોડે છે, તે જ સમયે તે સ્વથી છૂટી સર્વ સાથે જોડાઈ
વિશ્વ સંગેનું અદ્ભુત આત્મસાયુજ્ય સાધે છે.

જીવના વિચારમાંથી જીવની જે શક્તિ પ્રગટે, તે ધર્મ છે.

માત્ર પોતાના જ ધ્યાનમાંથી જે બળ પેદા થાય છે,
તેનું સ્વરૂપ જોરદાર આંધી જેવું હોય છે.
આત્મભાવને ઢાંકી દેવો એ તેનો ભાવ છે.

આત્મભાવને ઉઘાડવાનું મહાકાર્ય શ્રી નવકાર કરે છે.

શ્રી નવકારને પોતાના મનનું દાન કરવું,
એનું જ નામ 'જસ્સમણો નવકારો |' છે.

મનના દાનથી ઉત્કૃષ્ટ એકેય સન્માન દાન ન સંભવે.
મનના દાન પછી શ્રી નવકારનું અને મનનું કામ
એ બે એકરૂપ બનતાં વાર છે.

પોતાના મનને વશ રાખવાનું કાર્ય
કોઈ મહાવીર્યવાન શિવાય બીજાથી શક્ય નથી.

મન નવકારને આધીન રહે, એ સ્વવશ નથી, કિંકર છે.

શ્રી નવકારને સોંપાયેલું મન વિશ્વમય બની શકે છે.

જ્યાં સુધી મન 'પોતાનું' રહે, પોતે સર્વનો ન બની શકે.
મનને આત્મભાવનું માધ્યમ બનાવવા પરમાત્મભાવનું
ખૂબ ખૂબ રટણ - ચિંતન - ધ્યાન અતિ આવશ્યક છે.

સહજમલ અને તથાભવ્યત્વ અનાદિકાળથી છે.
સહજમલ is natural.
તથાભવ્યત્વ is cultural.
નિગોદ is natural. સિદ્ધત્વ is cultural.
Potential સિદ્ધત્વ પણ પ્રગટ કરવા માટે
intense culture માંગે છે.

અંદર બેઠેલા પ્રકાશને બહાર લાવવા માટે પ્રકાશ સ્વરૂપ
અરિહંતો અને સિદ્ધોનો આશ્રય અનિવાર્ય છે.

સંક્લેશનું કારણ 'સ્વ' છે. ઉદ્ધારમાં નિમિત્ત 'પર' છે.
પતનનું અને ભવભ્રમણનું કારણ આપણે પોતે જ છીએ.
ઉત્થાનનું અને મુક્તિનું કારણ અન્યની સહાય છે,
ઉપકારીઓના ઉપકાર છે.

પતનનો બધો દોષ કર્મને અને ઉદ્ધારનો બધો યશ
પોતાને, આ રીતે અનાદિથી માત્ર અહંકાર પોષીએ છીએ
અને નમસ્કારભાવથી દૂર રહીએ છીએ.

નીચે પડવા માત્ર આપણું વજન, આપણી મૂર્ખાઈ બસ છે.
ઊંચે ચઢવા માટે સાધનો, નિમિત્તો, અન્યની સહાય જોઈએ.
પરની સહાયતાના સ્વીકારના વિચારથી પણ અહંભાવ
ઘવાય છે, જે આપણી મનોબીમારીને સૂચવે છે.

અનાદિથી પરની સહાય ઉપર જ જીવતા આવ્યા છીએ,
છતાં તેનો સ્વીકાર કદી કર્યો નહિ. અસંજ્ઞીપણામાં આ
સંબંધનો સ્વીકાર ભલે કર્યો નહિ, પણ નિષેધ પણ નહિ.

સંજ્ઞી અને મનુષ્ય થયા પછી પણ
દુર્બુદ્ધિ વડે જેઓ આ સંબંધનો નિષેધ કરે છે,
તે તેઓના ગાઢ મિથ્યાત્વનું સૂચક છે.

જાણીને સ્વીકારીએ કે ન સ્વીકારીએ, પણ
સમગ્ર વિશ્વ સૌને શાશ્વત રીતે સંબંધિત બની રહ્યું છે.
We are related with all & everything.
આ સંબંધના સ્વીકારથી સૌ અનુગ્રહ પામીએ છીએ.
અસ્વીકાર દ્વારા સૌનો નિગ્રહ થાય છે.
આ સંબંધના સ્વીકારથી સત્યનો સ્વીકાર તથા,
અસ્વીકારથી સત્યનો ઇન્કાર થાય છે.
એકમાં હકીકતનો અને બીજામાં ભ્રમણાનો સ્વીકાર છે.

o

Deep within each heart is light.
It is not a symbol but reality.
The purpose of Cosmic order is to
make truth & Light manifest and
thereby to help each and everyone.

અજ્ઞાન આ પ્રકાશના પ્રાગટ્યને રોકે છે,
તેથી તે ત્રિભુવનના સર્વ જીવોનો ભાવશત્રુ છે.
આ તીર્થંકર પરમાત્મા સર્વ જીવોના આ એકમાત્ર શત્રુને
હણી નાંખવાના માર્ગને પ્રકાશે છે, તેથી નમસ્કાર મહામંત્રના
પ્રથમ પદના સ્મરણથી અજ્ઞાનને આઘાત પહોંચે છે.
પ્રથમ પદ એ અજ્ઞાનના હૃદયનો અમોઘ ઉપાય છે,
તેમ ભવ્યત્વ પરિપાકનો પણ સર્વશ્રેષ્ઠ ઉપાય છે.
તથાભવ્યત્વ પરિપાકાર્થે intense culture જરૂરી છે.
ચતુઃશરણ, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના રૂપી
ઉપાયના વારંવાર સેવનથી અરતિ જે...

only after intensive efforts,
the sadhak finds a ray of light &
perceives how great is the
darkness in which this ray shines.
sadhak also becomes aware
that this Ray of Light was always
with him, for him, in him, on him,
even during
the darkest days of his worldly life.

સહજમલનું દબાણ કેટલું છે અને ભવ્યત્વના પરિપાકની અગત્ય કેટલી છે, એ ચતુઃશરણ આદિની સાધના વડે જ સમજાય છે અને એ પછી અહંકારભાવના વેરવિખેર અંશો ઓગળીને પ્રમાદભાવ ઉપર અંકુશ આવવા માંડે છે.

ચતુઃશરણગમનાદિ વડે થતી શુદ્ધિથી સાધકનો નમસ્કારભાવ પુષ્ટ થાય છે, કૃતજ્ઞતાભાવ વધે છે, પરોપકારવૃત્તિ જાગે છે, નિરાશાભાવનો નાશ થાય છે.

પોતાના પ્રત્યેની મમતામાંથી જન્મતાં
આંદોલનોમાં જે ખેંચતાણપણું રહે છે,
તેના સતત પ્રભાવે ચિત્ત એનો સ્પંદગુણ ગુમાવી દે છે.

પ્રભુસેવા એ વાસ્તવમાં પ્રભુના ભાવ વડે સેવાવાની સર્વોચ્ચ ભાવના તથા બિંદુના બદલામાં સિંધુને પામવાનો ઉત્કૃષ્ટતમ યોગ છે. પ્રભુભાવની ભક્તિના જ પરમ પ્રભાવે પ્રભુ આપણા છે, તે જગતના જીવોને ભાવ આપવાની શક્તિ સાથે સંબંધ થાય છે. તે મહાશક્તિના પ્રભાવે પોતાના પ્રત્યેનો રાગ ઘટે - વૈરાગ્ય વૃદ્ધિ પામે.

તે વૈરાગ્યના વિકાસ અને સ્થિરીકરણ માટે
પરહિતચિંતા એ અમોઘ ઉપાય છે.

પ્રભુના ભાવની સર્વોચ્ચ શક્તિને ત્રિવિધે સમર્પિત થવા

વિના જપ, ભવવિષયક ભાવની પકડમાંથી છૂટી ન શકે.

પ્રભુના ભાવનાં વિશુદ્ધપૂત ત્રણ જગતના જીવોના પ્રભુત્વના વિકાસમાં જેટલા સહાયક છે, તેટલું સહાયક પોતાનું શરીર પણ ગણાય કે કેમ, તે વિચારણીય છે.

ધર્મબોધકર મંત્રીની કૃપાથી જો દર્શન - જ્ઞાન - ચારિત્રમાં વિકાસ થાય છે, તો પછી સુસ્થિત ભગવંતની કૃપા, આચાર્યાદિકનાથી રત્નત્રયમાં વૃદ્ધિ કેમ ન ઘટે? અવશ્ય ઘટે.

વિચારના અમૃતબિંદુઓ - seeds of creative thoughts માટે મનનની process કેટલી અદ્ભુત અને કેટલી sublimative છે, તે અનુભવગમ્ય છે.

મહત્ત્વ total surrenderનું છે.

સમર્પિતભાવ સહજ છે, સરલ છે,

છતાં અહંભાવ આડે આવીને આવરણરૂપ બની જાય છે તેમાં કારણ સહજમલ છે, જેના નાશનો પ્રયત્ન સાધ્ય છે.

પ્રયત્ન = પરમતત્ત્વની સન્મુખતા તથા સર્વ સમર્પણભાવ.

આ સમર્પણભાવ કેળવવાની પાછળ શું રહસ્ય તે સહજમલ અને તથાભવ્યત્વના વિચારથી સ્પષ્ટ થાય છે.

o

Knock and it shall open.
Ask and you shall be given.

Imp. નાનું સામાયિક - મોટું સામાયિક

'નમો અરિહંતાણં |' એ નાનું સામાયિક છે.

સાવદ્યયોગના સર્વથી, ત્યાગની પ્રતિજ્ઞા એ મોટું સામાયિક.

અરિહંતના નમસ્કારમાં ૧૨ કષાયના ક્ષયોપશમથી થતો ત્યાગ નથી, તો પણ પ્રથમના ચાર કષાયના ત્યાગથી થતો ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ છે જ અને તે વડે જીવો પ્રત્યે આસ્તિક્ય, અનુકંપા અને ઉપશમ આવે જ છે. જીવોનું અશુભ ન ચિંતવવારૂપ અને શુભ ચિંતવવારૂપ સામાયિક ધર્મનું અસ્તિત્વ નમસ્કાર વડે થાય જ છે. દેશવિરતિમાં તે ન કરવા અને ન કરાવવારૂપ અભાવ વધે છે, સર્વ વિરતિ વખતે ન અનુમોદવારૂપ પણ થાય.

અરિહંતના નમસ્કાર વડે શું થાય?

સાવદ્ય મન - વચન - કાયાથી થતાં સાવદ્યને

ન કરવા - કરાવવા - અનુમોદવારૂપ

સામાયિકનો અંશ સિદ્ધ થાય છે.

મન - વચન - કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવારૂપ શુભેચ્છા અરિહંત નમસ્કાર વડે પ્રગટ થાય છે, તે જ સામાયિકનો મધુર પરિણામ છે. તેથી સર્વ જીવોની સાથે સામ્ય સધાય છે અને એ સામ્યથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

વૈશાખ સુદી ૧૫

માત્ર મનુષ્ય જ પોતાના મન-બુદ્ધિની અવરોધક
સીમાને ઓળંગી આત્મસાક્ષાત્કાર કરવાને માટે સમર્થ છે.

ઈશ્વર પણ આ સીમાને ઓળંગી,
એટલે પરમ પુરુષની પ્રકૃતિ પ્રાપ્ત થાય છે.

મન અને બુદ્ધિ વચ્ચે સંપૂર્ણ મેળ-સામંજસ્યની
દિશામાં આ પ્રથમ પગલું છે.

પાપીની ભીતર પણ સદા મુક્ત થવા આતુર પુણ્યાત્મા
છુપાયેલો છે. ધ્યાન દ્વારા માનવની સુષુપ્ત શક્તિઓ
અને અંદર રહેલા શક્યતાઓને વિકસિત કરી શકાય છે.

આત્મનિરીક્ષણ અને આત્મવિશ્લેષણ
એ તત્ત્વદર્શન માટેના પહેલાં પગથિયાં છે.

અહંકારની ગંદી અને અંધારી ગુફાની બહાર આવ્યા
બાદ જ આપણે નિ:સ્વાર્થ પ્રેમના વિશાળ અને
પવિત્ર વિશ્વમાં પ્રવેશી શકીએ છીએ.

સ્વાર્થમય ક્રૂરતા, સ્વસુખેચ્છા પ્રેરિત નીચતા અને
આત્મસુખને ગૂંગળાવનારી કામ, ક્રોધ, લોભ, વાસનાના
બાહુપાશમાંથી છૂટવું, એ જ સ્વતંત્રતા અને મુક્તિ છે.
તે પછીથી બ્રહ્માંડ જોડે એકતા અનુભવાય છે.

શરૂમાં આ પથ દુર્ગમ, કાંટાળો અને અરુચિકર લાગે છે,
પણ એ તો પ્રારંભના થોડા સમય પૂરતું જ હોય છે,
પરન્તુ આ યાત્રાને અંતે યાત્રિકને પ્રેમની, સહિષ્ણુતાની,
સંતોષની, સમતોલપણાની અને ચિર શાશ્વત શાંતિની
અલૌકિક ભૂમિકાનો અનુભવ થાય છે.

આત્મનિરીક્ષણની શક્તિ વડે
અનાદિ સ્વભાવનું જોર સમજાય છે અને
તેની સામે તથાભવ્યત્વના પરિપાકના બળે
અધ્યાત્મ જીવનના દિવ્ય તત્ત્વોને સ્થાપી શકાય છે.
આ કાર્ય ધારવા જેટલું અઘરું કે કષ્ટદાયક નથી.
થોડા વખતના જ અભ્યાસથી તે
સહેલું, મનોરંજક અને ફાયદાકારક બની જાય છે.
આત્મનિરીક્ષણના અભ્યાસથી પોતાનામાં રહેલ હીનતા
સમજાય છે, ત્યારે તેને સ્થાને પ્રેમ, શ્રદ્ધા, પવિત્રતા,
પ્રશાંતતા, વિશાળતાદિ ગુણોનું સ્થાપન કરવાની વૃત્તિ જાગે.
દુર્ગુણોનો નિષેધ કરી સદ્ગુણોને ગ્રહણ કરવા આપણું
મન તૈયાર થાય, તે જ તથાભવ્યત્વનો પરિપાક છે.

'મારું સામ્રાજ્ય' મટી 'તારું સામ્રાજ્ય' સ્થપાશે,
એ નવકારના પ્રથમ પદનો રહસ્યાર્થ છે.

સુખની ઝંખના આપણામાં તેનો અભાવ જણાવે છે.
જ્યારે મનુષ્ય ભૌતિક સુખના શિખરે પહોંચે છે,
ત્યારે ભૌતિક દશાની પોકળતાનું દર્શન થાય છે.
જીવનમાં મેળવવા શક્ય એવું સર્વશ્રેષ્ઠ મેળવ્યા પછી
મનુષ્યને પોતાની દયાજનક સ્થિતિનો ખ્યાલ આવે છે.
સત્સંગ વડે જ મુક્તિ પ્રાપ્ત થાય છે.
નિત્યના આત્મનિરીક્ષણથી દિવ્યતાના દ્વાર ખુલ્લા થાય.
સ્મરણ શક્તિ = ભૂતકાળમાં થયેલા અનુભવોનો સંગ્રહ.
૦ યો વૈ ભૂમા તત્સુખમ્, નાલ્પે સુખમસ્તિ ।

અર્થાત્:

જે વ્યાપકતા છે તે જ સુખ છે, સંકુચિતતામાં સુખ નથી.
ભૂમા = વ્યાપકતા, અલ્પતા = સંકુચિતતા,
એકતા = અભેદબુદ્ધિ, અનેકતા = ભેદબુદ્ધિ.

૪૨ પ્રકારે પુણ્યકર્મ

मैत्र्या सर्वेषु सत्त्वेषु प्रमोदेन गुणाधिके ।
माध्यस्थ्येनाविनीतेषु कृपया दुःखितेषु च ॥१॥
सततं वासितं स्वान्तं कस्यचित्पुण्यशालिनः ।
वितनोति शुभं कर्म द्विचत्वारिंशदात्मकं ॥२॥

(પરિશિષ્ટ-૨૧)

## નામ માહાત્મ્ય 16/8/1961

સ્વરૂપ એટલે વ્યક્તિ. નામ એટલે વિચાર.
વ્યક્તિ એટલા માટે મોટી છે કે
તેનામાં કોઈ ખાસ વિચાર રહેલો છે.
એ વ્યક્તિ તો
પેલા ખાસ વિચારને પ્રગટ કરવામાં નિમિત્ત છે,
તો પણ શક્તિ તો વિચારમાં ભરેલી છે,
હવે જ્યારે વ્યક્તિ ખસી જાય છે,
ત્યારે શુદ્ધ વિચાર જ રહી જાય છે.

તુલસીદાસે એટલે જ જણાવ્યું કે:
'રામના સ્વરૂપથી રામનું નામ વધે.'
મનુષ્યને આખરે વિચારથી અને વિચારસૂચક નામથી
જેટલી શાંતિ મળે છે,
તેટલી બીજી રીતે મળતી નથી.
નામસ્મરણનો મહિમા એટલે જ ગવાયો છે.
નામસ્મરણથી હૃદયનું સહજમાં પરિવર્તન થઈ જાય છે.

'હૃદય' એટલે શું?
અનુભવો ઉપર ઇષ્ટાનિષ્ટ, હર્ષ-શોક,
રાગ-દ્વેષ, સુખ-દુઃખની વિવિધ નોંધો લખાયેલ હોય તે.

## અરિહંત ભાવ

અધ્યાત્મગીતાના શબ્દમાં શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ
અરિહંતભાવનું અદ્ભુત સ્વરૂપ બતાવે છે:

'કોઈ જીવને હણવો નહિ'

એટલો જ વિચાર અરિહંતભાવ માટે પૂરતો નથી, પરંતુ
જેને ન મારવો, તે જીવ કોણ છે,
તેનું સ્વરૂપ ઓળખવું પણ અતિ જરૂરી છે.
આત્મા સર્વ સમાન છે.
સર્વ જીવો પરમાનંદના કંદ છે, અનંતસુખના નિધાન છે
અને સત્તા ધર્મે અનંત ગુણોના ભંડાર છે.
સિદ્ધ ભગવાનનો જે આત્મધર્મ છે,
તેવો જ આત્મધર્મ સત્તાએ સર્વ જીવોમાં છે.
એટલે સર્વ જીવો સિદ્ધ પરમાત્માના સાધર્મી છે.
સિદ્ધના સ્વજાતિ, મારા પણ સ્વજાતિ જીવો તરફ બહુમાન,
પ્રેમ અને હિતચિંતાપૂર્વક જીવને જરા પણ દુઃખ ન થાય,
તેવો ભાવ પ્રગટે તે 'અરિહંત ભાવ' છે.
પરમાત્માનું અનંત ગુણમય સ્વરૂપ છે,
તેવું આત્માનું સ્વરૂપ હોવાથી
પરમાત્માના જ્ઞાનાનંદ સ્વરૂપનું સ્મરણ - ચિંતન કરતાં

આપણા તેવા જ ગુણો પરના આવરણનો ક્ષય-ક્ષયોપશમ થતાં
એક પ્રકારની દિવ્ય લાગણી અનુભવાય છે,
તેમાં જ આનંદ આવેલો છે.
'આતમ સર્વ સમાન, નિધાન મહાસુખકંદ.
સિદ્ધ તણા સાધર્મી, સત્તાએ ગુણવૃંદ.
જેહ સ્વજાતિ તેહથી, કોણ કરે વધ બંધ?
પ્રગટ્યો ભાવ અહિંસક, જાણી શુદ્ધ પ્રબંધ.'
જીવ સત્વના વિચાર વિના ધર્મ ન થઈ શકે, તેમ ધર્મ
વડે સત્વની રક્ષા થઈ શકે એ જાતિની શ્રદ્ધા ધરાવ્યા
સિવાય ધર્મની આરાધના કેવી રીતે થઈ શકે?
ધર્મમાં સત્વને રક્ષવાની શક્તિ છે, કેમકે સત્વના વિચારથી
જ ધર્મ થાય છે. જેમાં સત્વનો વિચાર રહેલો છે, એવા
પદાર્થમાં સૌને રક્ષવાની શક્તિ આવે, એમાં આશ્ચર્ય શું?
એ શક્તિ હોવા છતાં સત્વની રક્ષા થતી કેમ નથી?
ઉત્તર: અશ્રદ્ધા એ આવરણ હોવાથી
એ જાતિની શ્રદ્ધા સત્વને સમજાએ ઉગતી નથી.
જપસિદ્ધિમાં મહત્વના ૪ અંગો
શ્રદ્ધા, એકાગ્રતા, વિશ્વપ્રેમવાસિત ચિત્ત અને
કાયમની વિશુદ્ધિ મહત્વના ૪ અંગો છે.

શિવસંહિતામાં કહ્યું છે કે:

જાયતે સિદ્ધિરિતિ વિશ્વાસઃ સિદ્ધેઃ પ્રથમ લક્ષણમ્ ।

અર્થાત્: મંત્રમાં શ્રદ્ધા તે જપના ફળનું પ્રથમ લક્ષણ છે.

નવકારમંત્ર ઉપરાંત નિમ્નલિખિત મંત્રો મુખ્ય ગણાય છે:

ૐ, સોઽહં, શિવોઽહં, રં, રામ, સચ્ચિદાનંદોઽહં, શુદ્ધોઽહં, નિર્વિકારોઽહં, બ્રહ્મૈવાહં, અહં બ્રહ્માસ્મિ, ૐ નમઃ શિવાય, ૐ નમો ભગવતે વાસુદેવાય, ૐ નમો નારાયણાય, શ્રી કૃષ્ણઃ શરણં મમ, ૐ નમો ગુરુદેવાય ગોવિંદાય।

જપસિદ્ધિના સાધનો

મંત્રદેવતા પ્રત્યે નિષ્ઠા, જીવનમાં જરૂરીયાતોની અલ્પતા, નિરાકુળતાદિ પાર પાડી શકાય તેટલી જ પ્રવૃત્તિ, પરાર્થપ્રધાન વ્યવહાર અને આહારની સાત્વિકતા જરૂરી છે.

'ૐ' એ આત્માનું સાંકેતિક નામ છે અને 'સોઽહં' એ બ્રહ્મનું સાંકેતિક નામ છે.

જપ એ મનની બહિર્વૃત્તિનો નાશ કરે છે.

તે ઉપાસ્ય દેવના અનુગ્રહથી કામનાવાળાને ઈચ્છિત ફળની પ્રાપ્તિ અને કામનારહિત માટે ચિત્તની શુદ્ધિ કરે છે.

'નમો' શબ્દ વડે મનરૂપી કમળને પ્રભુચરણે વારંવાર ચઢાવવામાં આવે છે. મનરૂપી કમળનું પરમાત્માને સમર્પણ કરવામાં આવે, તો તે પૂજન સૌથી સર્વશ્રેષ્ઠ ગણાય છે.

## નામજપના ૧૦ અપરાધ

(૧) પરનિન્દા.
(૨) દેવ-દેવોમાં ભેદ દૃષ્ટિ.
(૩) ગુરુવચનમાં અશ્રદ્ધા.
(૪) શાસ્ત્રોમાં અવિશ્વાસ.
(૫) શાસ્ત્રનિષિદ્ધ આચારાદિ કરવા.
(૬) પ્રભુનામના માહાત્મ્યમાં અવિશ્વાસ.
(૭) પ્રભુનામના ભરોસે નિષિદ્ધ કર્મ કરવું.
(૮) પ્રભુનામના ભરોસે વર્ણાશ્રમાદિ ધર્મ આચરવા.
(૯) પ્રભુનામના ભરોસે નિત્ય-નૈમિત્તિક કર્મ છોડવા.
(૧૦) બીજાના સાધન સાથે નામની તુલના કરવી.

o गभीरे कासारे विशति विजने घोर विपिने
विशाले शैले च भ्रमति कुसुमार्थं जडमतिः।
समर्प्यैकं चेतः सरसिजमुमानाथ ! भवते
सुखेनैव स्थातुं जन इह न जानाति किमहो ॥१॥

(પરિશિષ્ટ-૨૨)

ચિત્તશુદ્ધિ દ્વારા દાન કરનાર પુરુષ પરમપદને પામે છે. કનક, કાંતા અને રસાસ્વાદ એ ત્રણ પ્રકટ માયાસ્વરૂપ છે માટે એ ત્રણેથી સર્વદા સાવધ રહેવું જોઈએ.

વસંત, વર્ષા, ચાંદની, પુષ્પ, નિશાનો અંધકાર અને
એકાંત એ સ્ત્રીની સાથે મળી બહુધા રાગમય વૃત્તિના
પુરુષોના મનમાં મદનની ઉત્પત્તિ કરી તેમને વ્યથિત કરે છે.

મન એ બાળક જેવું અજ્ઞાની અને દુરાગ્રહી છે.

વિષયો એ બળતા અગ્નિ, વિષધર સર્પ અને
ખુલ્લી તલવારની ધાર જેવા છે.

ઇંદ્રિયો દ્વારા તેનો યથેચ્છ ઉપભોગ લેવા દેવામાં આવે
તો અકૃત્રિમ આત્માનંદનો નાશ થાય છે અને ન લેવા
દેવામાં આવે તો મનને આઘાત થઈ વ્યાકુળ થાય છે,
તેથી કુશળતા વડે અને સદ્ગુરુના આશ્રય વડે
શનૈઃ શનૈઃ વિષયોથી મોકળા થવાનો અભ્યાસ કરવો.

કામાંધ મનુષ્યો સ્ત્રીથી મોહ પામીને
પ્રમદારૂપી અગ્નિમાં પતંગિયાની પેઠે પડે છે અને
પોતાના આધ્યાત્મિક જીવનનું મૃત્યુ ઉત્પન્ન કરે છે.

ગૃહસ્થને પરસ્ત્રી તથા વિરક્તને સર્વ સ્ત્રી ત્યાજ્ય છે.

ધર્મના મર્મને જાણનાર બ્રહ્મચારી પુરુષે
સ્ત્રીમાં પ્રીતિ રાખનારી વૃત્તિનું શીઘ્ર સંછેદન કરવું યોગ્ય છે.

ભિન્નાભિન્ન માટે લોહાગ્નિ ન્યાય છે.

નિત્યાનિત્ય માટે ક્ષીર-નીર ન્યાય છે.

'હું માત્ર નમસ્કાર કરવાને પાત્ર જ છું,'
એવી આત્મપ્રતીતિ થયા વિના
નમસ્કાર નમસ્કાર ફળદાયક બનતો નથી.
આ આત્મપ્રતીતિ પોતે જ
એક વિશિષ્ટ પ્રકારની ઉચ્ચ પાત્રતા છે.
આપણામાં પળે-પળે, જાણ્યે-અજાણ્યે, સર્વકાળે-સર્વ સ્થળે
જે અહંભાવ, જે 'હું' પદ કુદાકુદ કરી રહેલું પડ્યું છે,
એ 'હું'પદને જ્યાં સુધી આપણે મૂળમાંથી તજશે નહિ,
ત્યાં સુધી મૂર્છા અને શુદ્ધ નમસ્કારભાવ પ્રગટતો નથી.
कहेणी मिश्री खांड है, रहेणी तत्तालोह,
कहेणी कहे और रहेणी रहे, ऐसा विरला कोय।
સત્ત્વ - રજસ્ - તમોગુણના કાર્યો
તપ, જપ, યોગ, ધ્યાનાદિ સત્ત્વગુણના કાર્ય છે.
કુવા, તળાવ, મંદિર આદિ બંધાવવા અને
યશ-કીર્તિની ઇચ્છા તે રજોગુણના કાર્ય છે.
આહાર, નિંદ્રા, ભય, આળસ્ય આદિમાં પરાયણતા
તે તમોગુણના કાર્ય છે.
જ્ઞાનમાત્રનું ધ્યેય પરમાનંદ, પરમસુખ છે.
તે મુક્તિમાં સાધ્ય છે.

## ૧૨ રત્નકણિકાઓ

(૧) ભગવાન તરફ પ્રભુત્વનું અને
પિતૃવૃત્તિનું તીવ્ર આકર્ષણ એ 'ભક્તિ' છે.

(૨) 'કામ' એટલે ઇંદ્રિયોની તૃપ્તિ, વાસનાઓની પૂર્તિ અને ભોગ-વિલાસની પ્રાપ્તિ માટે ઇચ્છા, ચેષ્ટા તથા પ્રયત્ન. એ જ ઇચ્છા જ્યારે ભગવાનની પ્રાપ્તિ માટે જાગે છે, ત્યારે તે 'કામ' જ ભક્તિમાં પરિણત થઈ જાય છે.
એકને 'કામ' અને બીજાને 'પ્રેમ' કહે છે.

(૩) પુત્ર પ્રત્યે સ્નેહ, પત્ની પ્રત્યે પ્રેમ, ગુરૂજનો પ્રત્યે શ્રદ્ધા ઇત્યાદિ વૃત્તિઓ મનુષ્યોમાં સ્વાભાવિક હોય છે.
બધી સહજ વૃત્તિઓ
જ્યારે ભગવાનમાં સમર્પિત થઈ જાય છે,
ત્યારે તે 'ભક્તિ' કહેવાય છે.

या प्रीतिरविवेकिनां विषयेष्वनपायिनी ।
त्वामनुस्मरतः सा मे हृदयान्मापसर्पतु ॥
- विष्णुपुराण (परिशिष्ट-२३)

(૪) વિષયભોગમાં આસક્ત મનોવૃત્તિ જ ભગવાનમાં સમર્પિત કરી દેવાથી વિષય વડે મલિન મનોવૃત્તિ દૂર થઈ જઈ ભગવાનની ભક્તિની અધિકારી બનાવી દે છે.

(५) सा अनुरागरूपा, स्नेह-प्रेम-श्रद्धातिरेकाद्-
लौकिकेष्वनुरागरूपा। - महर्षि अंगिरा
पूजादिष्वनुरागो भक्तिः। - व्याससंहिता
अकामस्य क्रिया काचिद् दृश्यते नेह कर्हिचित्।
यद् यद्धि कुरुते किंचित् तत्तत्कामस्य चेष्टितम्॥
-मनुस्मृति (परिशिष्ट-२४)

(૬) નૈષ્કર્મ્ય, નિષ્કામ ભક્તિ, સંન્યાસ વગેરે એકાર્થક છે.

(૭) ભક્તિ કરતાં કરતાં જ્યારે
પ્રાણીમાત્રમાં આદરબુદ્ધિ ઉત્પન્ન થઈ જાય,
ત્યારે સિદ્ધફળની પ્રાપ્તિ થાય છે.
સર્વ પ્રાણીઓમાં ભગવદ્‌ભાવ તથા
ભગવત્તત્ત્વનું દર્શન થાય, ત્યારે તે ઉત્તમ ભક્તિ છે.
ભગવાનમાં બે ગુણ છે: ઐશ્વર્ય અને માધુર્ય.
વિધિપૂર્વકની ભક્તિ દ્વારા ઐશ્વર્યાત્મક ભગવાન અને
રુચિપૂર્વકની ભક્તિ દ્વારા માધુર્યાત્મક ભગવાન મળે છે.

(૮) આ કુંડલિની ભાવદા, યોગદા, મોક્ષદા છે.
પિતારૂપી ગુરુ અને માતારૂપી શિષ્યના
અનુકૂળ સંબંધ વડે
ભાવરૂપી પુત્ર અને ભક્તિરૂપી કન્યા ઉત્પન્ન થાય છે.

'નમો અરિહંતાણં'થી ભક્તિ અને જ્ઞાન પેદા થાય છે,
કારણ કે તેમાં શિષ્ય અને ગુરુનો અનુકૂળ સંબંધ થાય છે.
(૯) ગુરુભક્તિલીન શિષ્યમાં
આત્મતત્ત્વ કે ભગવત્તત્ત્વ કદી પણ પ્રકાશ પામતું નથી.
ભક્તિ, જ્ઞાન કે કર્મનો ઉદ્દેશ એકમાત્ર આનંદની પ્રાપ્તિ છે.
આનંદ જ સૌને એકમાત્ર પ્રિય વસ્તુ છે.
તે ભક્તિથી, કર્મથી, જ્ઞાનથી મળે છે.
માટે તે અહીં કર્તવ્ય છે અને તે ગુરુભક્તિ વડે સાધ્ય છે.
दर्शनात् स्पर्शनात् शब्दात् कृपया शिष्यदेहके ।
जनयेद्यः समावेशं शांभवं स हि देशिकः ॥
- યોગવાસિષ્ઠ
देवो गुरुस्तदैवेशो देवेशस्तथा गुरुः ।
पूजनीयो महाभक्त्या न भेदो विद्यतेऽनयोः ॥
- યોગશિખોપનિષદ્ (પરિશિષ્ટ-૨૫)
गुरौ मानुषीबुद्धिं मंत्रे चाक्षरबुद्धिकम् ।
प्रतिमासु शिलाबुद्धिं कुर्वाणो नरकं व्रजेत् ॥
અર્થ: ગુરુમાં 'આ મનુષ્ય માત્ર છે' એવી બુદ્ધિ કરતો,
મંત્રમાં 'આ માત્ર અક્ષરો છે' અને પ્રતિમામાં 'આ માત્ર
પથ્થર છે' એવી બુદ્ધિ કરતો વ્યક્તિ નરકમાં જાય છે.

(૨૦) શું ગુરુ સાથે મળે તો ભગવાનદર્શન થાય ?

હૃદયમાં પ્રેમ અને ભક્તિ,
બુદ્ધિમાં જ્ઞાન અને વિવેક
તથા શરીરમાં પ્રભુનું કામ.

ગો + કુલ : ઇંદ્રિયોનો સમૂહ - શરીર.

શરીરમાં રહેલી ચિતશક્તિ મોટી કે કાળ મોટો?

જડવાદી વિચારપ્રવાહને મજબૂતીથી રોકો.

તમે ઈશ્વરને જોયો છે?

હા, જોયો છે.

હૃદયનો આરીસો સ્વચ્છ રાખો તો ભગવાન દેખાશે જ.

(૨૧) ધર્મની પાસે જાઓ, એ માર્ગ બતાવશે.

ધર્મનું શરણું સ્વીકારશો તો એ તમને રક્ષણ આપશે.

હર કોઈ સમસ્યાના ઉકેલ માટે જો કોઈપણ સમર્થ હોય,
તો તે ધર્મ જ છે.

માનવતાના હૈયામાં જગ સાથે પ્રેમમાં શાશ્વતધર્મ રહ્યો છે.

ઊર્ધ્વમૂલમધઃ શાખમ્ એ ધર્મનું લક્ષણ છે.

(૨૨) વેદાંત = વેદનો અંતિમ ભાગ.

મંત્ર અને બ્રાહ્મણ તેના બે વિભાગ છે.

મંત્ર વિભાગ મુખ્ય અને બ્રાહ્મણ તેની વ્યાખ્યા છે.

## બ્રાહ્મણના ત્રણ ભાગ

(1) બ્રાહ્મણ એટલે યજ્ઞ આદિ કર્મોનું વર્ણન જેમાં છે તે.
(2) આરણ્યક એટલે ઉપાસનાઓનું વર્ણન જેમાં છે તે.
(3) ઉપનિષદ = જગતનું મૂળતત્વ, આત્માનું મૂળતત્વ અને બંનેની એકતા તથા આત્માની જાતને જ મહામૂળતત્વ સાથે મેળવી દેવાના તે પરમ પુરુષાર્થ વગેરેનું વર્ણન.

વેદનો અંતિમભાગ હોવાથી તે ઉપનિષદ = 'વેદાંત'.
વેદ = જ્ઞાન. આર્ય જાતિનો સર્વ પ્રાચીન ગ્રંથ વેદ છે.
ઉપનિષદો ઉપરના ટિપ્પણી, ભાષ્યો, સૂત્રો 'વેદાંત' કહેવાયા.
એનો અંત જ્યાં થઈ જાય અને મૂળતત્વને સમજ્યા પછી જાણવા જેવી કોઈ વાત બાકી રહેતી નથી તે 'વેદાંત'.

જગતમાં જે વસ્તુ છે જ નહિ.
એનું જ મૂળતત્વ ભિન્ન નામ અને રૂપોમાં દેખાઈ રહ્યું છે.
આટલું સમજ્યા પછી જ્ઞાનનો અંત આવી જાય છે.
એ જાણ્યા પછી બધું જણાઈ જાય છે.
જાણવા જેવું કાંઈ બાકી રહેતું નથી, માટે 'વેદાંત' કહેવાયું.
નામ અને રૂપ, મન અને વાણીના વિષયો છે, પણ મૂળતત્વ નામ-રૂપ અને મન-વાણીથી પર છે.
નામ અને રૂપ પણ એના આધારે જ ઉત્પન્ન થાય છે.

Oxygen and Hydrogenનું મૂળ
Electron and Proton છે અને તેનું મૂળ
કોઈ એક જ તત્વ છે એમ હવે મનાય છે.

યંત્ર અને આનંદરૂપ વિશ્વમાં
પરતત્ત્વરૂપ બ્રહ્મસત્તા તથા અસ્તિત્વ સર્વત્ર વ્યાપ્ત છે.
જ્ઞાન વગર સત્તા જાણ કે કહી શકાતી નથી, માટે જ્ઞાન
પણ સર્વત્ર વ્યાપ્ત છે. જડ અને યંત્રવ્યવહાર કેવળ
ઈન્દ્રિયોના વિકાસ કે પછી અવિકાસ ઉપર આધાર રાખે છે.
તેમાંથી થતી પરસ્પરની પ્રસન્નતાના કારણે
આનંદ પણ સર્વત્ર વ્યાપ્ત છે.
જ્ઞાનની વૃદ્ધિ તે આનંદ છે અને તે જ પ્રસન્નતા છે.
એ રીતે વિશ્વમાં સર્વત્ર સત્, ચિત્ - આનંદ દેખાય છે.

ભેદાભેદ વિષે ૬ પ્રકરણના મત

(૧) દ્વૈત વિષે મધ્વાચાર્યનો મત

વસ્તુનું રૂપ તંતુથી થઈ શકતું નથી અને બંનેના નામ-
આકાર પણ ભિન્ન હોવાથી કાર્ય - કારણનો ભેદ છે.

(૨) શુદ્ધાદ્વૈત વિષે વલ્લભાચાર્યનો મત

નામ, રૂપ અને કાર્યથી ભલે ભેદ હોય, પણ
વિસ્તાર અને વજન તો સરખું જ છે, તેથી ભેદ નથી.

વૃક્ષ અને વન, સૈન્ય અને સૈનિકમાં નામ, રૂપ અને કાર્ય ભિન્ન હોવા છતાં નવા વસ્તુની ઉત્પત્તિ મનાતી ન હોવાથી કાર્ય અને કારણ બંને અભિન્ન છે.

(૩) <u>નિમ્બાર્કાચાર્યનો મત</u>

બંને મળીને ભેદાભેદવાદ (બંનેની સ્વતંત્રતા).

(૪) <u>દ્વૈતાદ્વૈતવાદ વિષે ભાસ્કરાચાર્યનો મત</u>

વસ્ત્ર તંતુઓથી અભિન્ન છે, પણ તંતુ વસ્ત્રથી જુદાં છે,
કેમકે વસ્ત્રના નાશ વખતે પણ તંતુ કાયમ રહે છે.
તંતુના નાશ વખતે વસ્ત્ર રહી શકતું નથી (એકની સ્વતંત્રતા).

(૫) <u>વિશિષ્ટાદ્વૈતવાદ વિષે રામાનુજાચાર્યનો મત</u>

તંતુઓમાં વસ્ત્ર ઉત્પન્ન કરવાની એક શક્તિ છે,
કારણ કે તંતુ સિવાય બાકી વસ્તુઓથી વસ્ત્ર બનતું નથી.
એ શક્તિ તે વસ્ત્રની સૂક્ષ્માવસ્થા છે.
સૂક્ષ્મ અને સ્થૂલ અવસ્થા કદાપિ અલગ થઈ શકતી નથી
એટલે શક્તિ વિશિષ્ટ તંતુ એ જ વસ્ત્ર છે.
આ વિશિષ્ટાદ્વૈત થયો.

(૬) <u>અપૃથક્ભેદ વિષે શંકરાચાર્યનો મત</u>

ભેદ-અભેદ વિરુદ્ધ હોવાથી એકસાથે કેમ રહી શકાય?
વસ્તુ અનિર્વચનીય માનવી જોઈએ.

ન ભિન્ન - અભિન્ન, ન અસત્ - અલગ સત્તા ઈત્યાદિ.
તેનું ભેદ અને અભેદની રીતે, સત્તાની રૂપે કે અસત્તાની
રૂપે વર્ણન થઈ શકે નહિ, માટે તે અનિર્વચનીય છે.

માટી, લોહ અને સુવર્ણનાં દૃષ્ટાંત વડે
અપેક્ષાભેદથી બધા વાદો સિદ્ધ થાય છે, છતાં
બધામાં મૂળ કારણ 'સચ્ચિદાનંદ' જ રહે છે.

૦ રામ ઝરૂખે બૈઠ કે, સબકા મુજરા લેત,
જૈસી જિસ કી ચાકરી, વૈસા ઉસ કો દેત.

ધર્મ ધ્રુવ છે. ચૌદ રાજલોકમાં વ્યાપ્ત છે.
જે કોઈ તેનો આશ્રય લે છે, તેને એકાંતે રક્ષણ આપે છે.
એ તાકાત ધર્મમાં સ્વભાવથી જ રહેલી છે.
તે સર્વ સમર્થ છે, કેમકે તેમાં સર્વ હિતનો વિચાર હોવાથી
તે તત્ત્વ સર્વનું રક્ષણ કરવા સમર્થ બને તેમાં આશ્ચર્ય નથી.
ધર્મ અને ઈશ્વર પર્યાયવાચક છે.

ઉપકારનો સ્વીકાર તે નમસ્કાર છે.
ગુણગ્રહણનો પરિણામ તે નમસ્કારનો પદાર્થ છે.
સર્વ જીવોનો ઉપકાર ગ્રહણ કરીને જીવ ઊંચો આવે છે,
કિન્તુ અજ્ઞાનતાથી તે કોઈનો પણ ઉપકાર જાણતો નથી,
તેથી તેને નમસ્કાર ગુણની પ્રાપ્તિ થતી નથી.

જ્યારે તે માનવજન્મમાં જ્ઞાનદશા પામે છે, ત્યારે અહંકાર ગળી જાય છે અને તે ઉપકાર સ્વીકારક - નમ્ર બને છે.

ઉપકાર કરનાર તત્ત્વ બે પ્રકારનું છે:
એક જાણીજોઈને ઉપકાર કરનાર,
બીજું ન જાણવા છતાં ઉપકારમાં નિમિત્ત બનનાર.
બન્નેનો ઉપકાર હોવા છતાં સરખો નહિ.

નિશ્ચયથી સર્વ ઉપકારક હોવા છતાં ય ઉપકારકપણાનો વ્યવહાર તો જેઓ જાણ-સમજને ઉપકાર કરે, તેઓ પ્રત્યે જ કરવાનો હોય છે અને એ રીતે વ્યવહાર ન કરવામાં આવે તો ઉપકારીના ઉપકારનો વિલોપ થઈને ઉપાર્જન થતા મહાપાપથી અનંતકાળે પણ છુટકારો થતો નહિ.

પ્રત્યક્ષ ઉપકારીનો ઉપકાર વ્યવહાર-નિશ્ચય ઉભયથી અને પરોક્ષ ઉપકારીનો ઉપકાર નિશ્ચયથી હૃદયમાં ધારણ કરવો, તે વાસ્તવિક નમસ્કાર પદાર્થ છે.

દર્પણઘરમાં ફરનાર માનવ બધામાં પોતાને જોતો હોય છે,
તેમ જ નમસ્કાર સાધના આંતરિક જોડાણ પછી
સાધક પોતે બધામાં પોતાને જોતો થાય છે અને
તે બધા જીવોને લાભ આપવા વડે
પોતે પ્રભુજીના પરમલાભને અધિક પાત્ર બનતો રહે છે.

પોતાની આપવાની પાત્રતાના વિકાસ અનુસાર
જીવ પ્રભુજીની કૃપાને પાત્ર બનતો જાય છે.

તે આપવાની પાત્રતા પરમાં પોતાના દર્શનની સાથોસાથ જ વિકસતી હોય છે. તે પોતે પોતાને પરથી સર્વદા, ભિન્ન જુએ તેમ જ સ્વીકારે, ત્યાં સુધી પર સાથેનો પોતાનો સઘળો વ્યવહાર બદલાની ભૂમિકા ઉપર મંડાયેલો રહે છે. બદલાની ભૂમિકા 'અહં' વડે દૃઢીભૂત થયેલી હોય છે. જેના પાયામાં સીસાનો રસ હોય તે ઈમારત લાંબા કાળ સુધી ટકે, તેમ જેનાં પરિણામ પોતા પ્રત્યેની મમતા વડે પકડાયેલાં હોય, તે આત્મા આ સંસારમાં લાંબાકાળ સુધી સબડે છે. 'ધર્મ કરનાર ઉપર ઈશ્વર રાજી રહે છે' એવું નીતિવચન છે.

પરહિતપરાયણતા રૂપ ધર્મના આચરણ દ્વારા
જીવ પ્રભુજીની કૃપાને અધિક પાત્ર બનતો હોય છે,
તે શરણરહસ્યના સમર્થનરૂપે સમજાય છે.

## પ્રતિજ્ઞા રહસ્ય

'સર્વગુણો વડે તે જ હું છું'
એવો ભાવ પ્રત્યેક ભવ્યાત્માઓમાં જાગે
એ જ પ્રતિજ્ઞાનું પ્રયોજન છે.
આ ભાવને યોગવિદ્ બુદ્ધો 'સમરસાપત્તિ' કહે છે.

સમરસાભાવ એ સમતા, સમાપત્તિ, અભેદાદિ અનેક
નામોથી ઓળખાય છે. આ ભાવ સર્વ સંપદાઓથી સહિત છે.
એમાં સર્વ પ્રયોજનોની સિદ્ધિ છે. એ આત્મામાં જ રહે છે.

સમરસાપત્તિ ભાવ સર્વ મંત્રોનો મહારાજા છે,
સર્વ સંગરહિત છે, પરમાનંદ સ્વરૂપ છે, જ્ઞાનરસરૂપ છે.
એ ભાવ પુનઃ પુનઃ આસ્વાદનીય છે.

તત્ત્વવિદ્ પુરુષોના તત્ત્વજ્ઞાનનો એ સાર છે.
આ ભાવનું ઉચિત પ્રવૃત્તિ વડે, ક્ષમાદિ ગુણો વડે અને
મૈત્ર્યાદિ ભાવો વડે સંવર્ધન થાય છે.

મનના એકાગ્ર ઉપયોગને 'સમરસાપત્તિ' ભાવ કહેવાય છે.
મનનું આલંબનાકારે પરિણમન તે સમરસાપત્તિ સમજવી.
તે ધ્યાનનો જ એક પ્રકાર છે. નિર્મલ સ્ફટિકની જેમ
અનન્ય ઉપયોગ વડે આત્મા જ પરમાત્મરૂપતાને પામે છે.
સર્વથી નિરપેક્ષ, માત્ર સ્વસુખનો વિચાર વાસ્તવિક સુખને
પ્રગટાવનાર નથી. બધાના આત્મતત્ત્વનું હિત એટલે કે
સર્વ આત્માઓનું હિત થાય એવી આત્મતત્ત્વની ભાવના
વડે વાસ્તવિક સુખ અને પરમાત્મપદ પ્રાપ્ત થાય છે.
ધર્મનું બળ, પ્રાર્થનાની શક્તિ અને પરહિત ભાવનાથી
નિરાશાનો અંધકાર મટી આશાના નવા કિરણો ઉઘડે છે.

<u>૪ આર્યસત્ય</u>

(૧) દુઃખનું સ્વરૂપ (૨) દુઃખનું કારણ
(૩) દુઃખનું નિવારણ (૪) નિવારણનો ઉપાય.

પરમેષ્ઠિ શક્તિ સૂક્ષ્મ અને સર્વોપરી છે,
પ્રબળ અને પરમોચ્ચ છે, સર્વ પ્રધાન અને સર્વોત્કૃષ્ટ છે,
મૌલિક અને ચિરસ્થાયી છે.

શસ્ત્રાસ્ત્રો દેહને અને પ્રેમ હૃદયને જીતી શકે છે.
જીવમાત્ર શિવ હોવાથી પ્રેમને પાત્ર છે.
જ્યાં સુધી જીવોને બાહ્ય નામ-રૂપોથી જોવાય છે,
ત્યાં સુધી પ્રેમનો અખંડ સ્રોત પ્રગટવો શક્ય નથી.

<u>પ્રત્યેક જીવ સાગરની જેમ બહારથી અંદર અધિક છે.</u>
<u>અંદરથી જ તે સુંદર અને સમૃદ્ધ છે, મહાન અને ભવ્ય છે.</u>
<u>જ્યારે આપણે જીવોનાં દોષો અને દુર્ગુણો તરફ જોઈએ,</u>
<u>ત્યારે આપણી દૃષ્ટિ અહંના નશ્વરરૂપો પ્રતિ હોય છે.</u>
<u>એ દૃષ્ટિ સંકુચિત છે.</u>
<u>જ્યારે જીવોના આંતરિક તત્ત્વને-જીવત્વને જોઈએ છીએ,</u>
<u>ત્યારે આપણી દૃષ્ટિ એમની શાશ્વત સત્તા તરફ હોય છે.</u>
<u>એ દૃષ્ટિ ઉદાર-પ્રેમપૂર્ણ હોય છે. દૃષ્ટિમાં ખૂબ શક્તિ છે.</u>
જ્યારે આપણે મનુષ્યને પ્રેમથી જોઈએ છીએ,

ત્યારે આપણે એના પોતામાં રહેલ પ્રેમને
પ્રગટ થવા માટે પ્રોત્સાહન આપીએ છીએ.
જ્યારે આપણે પ્રેમપૂર્ણ દૃષ્ટિથી મહાત્માં રહેલી ભલાઈને
જોઈએ છીએ અને એ ભલાઈ પ્રતિ આપણા દૃષ્ટિ કેન્દ્રિત
કરીએ છીએ, કેન્દ્રિત રાખીએ છીએ, ત્યારે એની એ ભલાઈ
વિકસિત થાય છે અને આ રીતે નરસો મહાત્મા પણ આપણી
માટે અને આગળ વધીને જગત માટે ભલો બની જાય છે.
પ્રેમ રાખવાથી આપણા શબ્દોમાં અને ભાવોમાં,
વિચારોમાં અને વર્તનમાં સહજ પરિવર્તન થશે.
આપણા આસપાસનું વાતાવરણ અને
એ વાતાવરણ ઉપરનો આપણો પ્રભાવ બદલી જશે.
સારા અને સજ્જન લોકો આપણા પ્રતિ આકર્ષાશે.
નરસા લોકો આપણી પાસે આવીને સુધરી જશે.
દુઃખી લોકો આપણી પાસે આવી સુખ-શાંતિ મેળવશે.
પ્રેમ છોડીને અત્યારે મારો આત્મા કર્મથી બંધાયેલો,
મોહથી મુંઝાયેલો, પરપુદ્ગલમાં રુચિવાળો, પરપુદ્ગલમાં
ઉપયોગવાળો, પરપુદ્ગલાનુયાયી વીર્યની સ્ફુરણાવાળો,
પરપુદ્ગલમાં રમણતાવાળો બનેલો છે. પુદ્ગલનો ગ્રાહક,
ભોક્તા બની પુદ્ગલમાં જ સુખ-આનંદને શોધતો રહ્યો છે.

પુદ્ગલાસક્ત બનેલી મારી ચેતના તેના મૂળ સ્વરૂપને
આજ સુધી વિસરી ગઈ છે તો પણ આજે શુદ્ધસ્વરૂપી,
પરમાનંદ સ્વરૂપ પરમાત્માનો યોગ મળતાં
મારી સર્વ ગુણસંપદા અને સુખસંપદાનું મને ભાન થયું છે.
પરપુદ્ગલસંગ મને સંયોગ સંબંધથી છે, સમવાય સંબંધથી નહિ.
વિભાવમાં પરિણમન તદુત્પત્તિ સંબંધથી છે,
પણ તાદાત્મ્ય સંબંધથી નહિ.

તન્મય = પ્રભુના સ્વરૂપમાં મનનું જોડાણ થવું.
તદ્રૂપ = પ્રભુના સ્વરૂપથી અભેદ સંબંધવાળા થવું.

ક્રોધ, દબાવ કે દમદાટીનો આશ્રય લેવાથી
આપણે આધ્યાત્મિક દશામાંથી આર્ત અથવા આત્મિક
સ્થિતિમાંથી અનાત્મિક સ્થિતિમાં આવીને સામાને પણ
એ રીતે પરિવર્તિત થવામાં નિમિત્ત બની જઈએ છીએ.

ભાવ બદલતા લેશ્યા પણ બદલાય છે.
લેશ્યામાં આપણી જેવી પરિણતિ હોય છે,
તેવા જ રસબંધ આપણે બાબ ઉપર કરીએ છીએ.

મન સઘળી સ્મૃતિઓના બોજથી મુક્ત થાય એ મારે મન
સત્ય. જુના અનુભવોના મોટા જથ્થા પાછળ એ છુપાયેલ છે.
એ સઘળા જથ્થાને દૂર કરી અસલ સત્ય સામે આવશે.

પીંડવાડા, શ્રાવણ, શનિ

સત્ય આપોઆપ જ આવે છે, એ માટે પ્રયત્ન જરૂરી નથી.
પ્રયત્ન તો બધું ભૂલવા માટે કરવાનો છે.
સત્ય એ કોઈ philosophy, occultism, યોગ કે રહસ્યવાદ નથી, એ નિત્ય જીવન છે. સત્ય જાગૃતિની અવસ્થા છે એ સમજવા મન બધી સ્મૃતિઓથી મુક્ત થવું જોઈએ, તો જ તે વર્તમાન પળને સહજ રીતે સમજી શકે.
આધ્યાત્મિક જીવન એ કોઈ સ્થગિત કે મુકરર બાબત નથી, કિન્તુ તે નિત્ય ગતિમાન, નવીન અને જીવંત વસ્તુ છે.
'મારો હંસલો નાનો અને દેવળ જૂનું તો થયું.'
શરીર વૃદ્ધ થયું અને આત્મા હજુ બાળક રહી ગયો,
તો તો અંત સમયે પસ્તાવાનો પાર નથી.
નમસ્કાર મહામંત્રમાં 'નમો'ના બે અર્થ છે:
પોતે માનને છોડવું અને બીજાને માન આપવું.
'નમો' પદ વડે ઔપશમિકાદિ ભાવોને
પ્રાપ્ત જીવોને માન અપાય છે.
'ન મમ' વડે ઔદયિક ક્ષાયોપશમિક ભાવે
પ્રાપ્ત થયેલ સામગ્રીનો મદ જાય છે.
अमानिना मानदेन कीर्तनीयः सदा हरिः।

स्वापकर्षपरोत्कर्षबोधानुकूलो व्यापारो
नमस्कारपदस्यार्थो भवति । (પરિશિષ્ટ-૨૬)

'નમો'થી અભિમાન ઘવાય અને ભવ્યત્વભાવ નમાય છે.

'નિશ્ચયથી ભવ્યત્વ સર્વ ભવ્યોને સરખું છે'
એ વિચાર સામાયિક લાવે છે.

'વ્યવહારથી અભિમાનનું પોતાને બંધન છે'
એ વિચાર નમસ્કાર લાવે છે.

વ્યવહારનયને આગળ કરવાથી નમસ્કારભાવ આવે છે, કેમકે વ્યવહાર જીવના ભેદ - અનાદિભેદ - પરદ્રવ્યથી ભેદ સ્વભાવને આગળ કરે છે. નિશ્ચયનયને આગળ કરવાથી સામાયિકભાવ આવે છે, કારણકે નિશ્ચયથી સર્વ આત્માઓની આત્મશક્તિ સમાન જ છે. આત્મશક્તિને આદરસહિત પ્રણામ અને પુદ્ગલશક્તિને અનાદરપૂર્વક પ્રણામ એ નમસ્કાર શબ્દનો રહસ્યાર્થ છે.

'તત્ત્વમસિ' એ નિશ્ચયનયનો નમસ્કાર છે.
એમાં તત્ અને ત્વં પદની ભાગ ત્યાગ લક્ષણા થાય છે,
એથી ઉભયના સમાન સ્વરૂપનો બોધ થાય છે.

આત્મા આત્માને, આત્મા માટે, આત્મા વડે,
આત્મામાં પ્રણામ કરે છે, એ નિશ્ચયનયનો નમસ્કાર છે.

આત્મા પરમાત્માને અને વિશ્વાત્માને
આત્મા વડે, આત્મા માટે, આત્માથી, આત્મામાં
પ્રણામ કરે છે, એ વ્યવહારનયનો નમસ્કાર છે.

નમસ્કાર સામાયિકભાવને ઊંચો લાવે છે, તેનું કારણ અહંભાવને દબાવી લઘુત્વભાવને આગળ કરે છે, તેથી સમત્વભાવ પુષ્ટ થાય છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવને અનંત પુણ્યરાશિથી મળેલ મનનું અંતિમ ફળ 'નમન' છે. 'નમન'નો ભાવ સિદ્ધ થયે મન કૃતાર્થ થઈ પોતાની મેળે ચાલ્યું જાય છે અને નિર્વિકલ્પ સ્થિતિ મેળવી આપે છે.

પુણ્યથી મળેલી વસ્તુને પુણ્યના માર્ગે વાપરવી,
તે પુણ્યાનુબંધી પુણ્યની નિશાની છે.

મન મેળવવા માટે સૌથી અધિક પુણ્ય આવશ્યક છે.
હવે તેને જો 'નમન' ક્રિયા માટે વાપરવામાં ન આવે,
તો તે પુણ્ય પાપાનુબંધી બની જાય છે.

'નમન' ક્રિયા વિના મનની સાર્થકતા થતી નથી.
ધનની સાર્થકતા જેમ યોગ્યને આપવાથી થાય છે, તેમ
મનની સાર્થકતા યોગ્યની આગળ 'નમ્ર' બનવાથી થાય છે.

નમનને યોગ્ય પોતાના સિવાય બધા છે,
કારણ કે બધા જ જીવો પોતાની ઉત્ક્રાંતિમાં મદદગાર છે.

'પોતે નમનને યોગ્ય નહિ' તેનું કારણ

પોતાને નમવાથી ભાવના બદલે હાનિ થાય છે.

પોતાને ન નમવું અને પોતા સિવાય બધાને નમવું એ જ જિનશાસનનો, દ્વાદશાંગીનો, સકલ પ્રવચનનો સાર છે. સમિતિ-ગુપ્તિ નમસ્કારને ભાવવાનું અનન્ય સાધન છે, તેથી તે પ્રવચનની માતા કહેવાય છે.

ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણા સમિતિ અને પારિષ્ઠાપનિકા સમિતિનું પ્રયોજન બીજા સર્વ જીવોને પોતાના સમાન અથવા પોતાથી અધિક માનવા તે છે. તેમની રક્ષા વડે પોતાની જ ઉન્નતિ કરનારા થાય છે એવો નમસ્કારભાવ જીવનસ્પર્શી બનાવવા માટે છે.

મન-વચન-કાયગુપ્તિનું પ્રયોજન પણ નમનભાવ ટકાવવા, સ્થિર અને સુદૃઢ કરવા માટે છે. મનમાંથી આર્ત-રૌદ્ર ટાળવા, ધર્મ-શુક્લ ધ્યાવવા તથા નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિવાળા બનવું એ મનોગુપ્તિનું પ્રયોજન તથા વચન-કાયા વડે કોઈને પણ અપકારક ન થઈ, સૌને ઉપકારક થવું એ વચન અને કાયગુપ્તિનું પ્રયોજન છે. તેથી નમસ્કારભાવરૂપી દ્વાદશાંગી-સકલ પ્રવચનનો સાર પેદા થાય, રક્ષણ થાય, શુદ્ધિ થાય છે.

નમસ્કાર ભાવ અને સામાયિક ભાવને શુદ્ધ કરનાર એથી જ સમિતિ-ગુપ્તિ માતાની જેમ માતા કહેવાય છે.

'<u>માનવ પ્રભુ બને</u>'

<u>એ રીતે સમગ્ર વિશ્વનું તંત્ર ચાલી રહેલું સમજાય છે.</u>
<u>તેના પ્રાણાધાર રૂપે પ્રભુજીનો સંકલ્પ કામ કરી રહ્યો છે.</u>

એ સંકલ્પ એટલો દૃઢ છે કે

વિશ્વવ્યવસ્થાને તેને આધીન થવું જ પડે છે.

<u>પ્રભુજીનો આ સંકલ્પ જ 'કૃપા' નામથી ઓળખાય છે.</u>

અખિલ વિશ્વના સંચાલનનો ભાર તે કૃપા સિવાય બીજા કોઈના પણ માથે ઢોળવાનો જ્યારે પ્રયાસ થાય છે, ત્યારે અનેક પ્રકારની અવ્યવસ્થાઓ આપોઆપ જન્મે છે. પ્રભુજીનો સંકલ્પ કહો કે કૃપા કહો, તેના પ્રભાવે જ એક જીવ બીજા જીવ પ્રત્યે કૃપાળુ બને છે, એટલે તો તત્કાળ પ્રભુજીની કૃપાને અધિક પાત્ર બને છે. પ્રભુજીની કૃપાને પાત્ર બનવાનો રાજમાર્ગ એટલે સર્વ જીવ હિતપરાયણતાનો ભાવ કે માત્ર પોતાના સ્વાર્થથી પર બનવાનો પ્રયાસ. મહાપર્વના મંગળકારી દિવસો આ પરિણામને સારી રીતે સ્પર્શી શકે છે, તેથી સર્વ ઉદ્યમ વડે આ પરિણામને સ્પર્શાવવા પર્યુષણમાં પ્રયત્ન એ કર્તવ્ય છે.

## <u>અગ્રપૂજાનું રહસ્ય</u> ભા-૨ુ૨

<u>ગન્ધપૂજા</u> આપણા પાર્થિવભાગની જડતાને દૂર કરવા છે.
<u>પુષ્પપૂજા</u> આપણા આકાશભાગની જડતાને દૂર કરવા છે.
<u>ધૂપપૂજા</u> આપણા વાયુભાગની જડતાને દૂર કરવા માટે છે.
<u>દીપપૂજા</u> આપણા તૈજસભાગની જડતાને દૂર કરવા છે.
<u>સ્નાત્રપૂજા</u> આપણા નાદભાગની જડતાને દૂર કરવા છે.

o <u>અંતરમાં કરૂણા અને વર્તનમાં અહિંસા,</u>
<u>એ એક સિક્કાની જ બે બાજુઓ છે.</u>
વિશ્વમૈત્રી, વિશ્વકલ્યાણ, વિશ્વશાંતિ એ તેનો પ્રભાવ છે.
<u>અહિંસામાં અદ્ભુત શક્તિ છુપાયેલી છે.</u>
માનવની મહત્તા એની કરૂણા અને
અહિંસામય ધર્મભાવનાને લીધે જ છે.

o અર્થને જોનારો ભ્રષ્ટ થાય છે અને
આંતરિક છુપાયેલા તત્ત્વને જોનારો આત્મા મુક્ત થાય છે.

તૃણાદપિ સુનીચેન ।

તૃણ પણ બીજાનું કંઈક તો કરે છે, બદલામાં તે માંગતું કંઈ નથી, જ્યારે મનુષ્ય બધા પાસેથી લઈને કોઈને કંઈ આપતો નથી. મનુષ્ય માંગે છે બધા પાસે, પણ કરતો કોઈનું નથી, તેથી તે તો તૃણથી પણ તૃણ છે.

વૃક્ષ જાતે જ સહન કરે છે પણ અકામપણે.

'વૃક્ષથી પણ વધુ સહન કરવું' એટલે મનુષ્યને જે સમજણ છે, સંસ્કાર છે, તેના વડે અકામપણે સહેવું. સહન કરવાથી એકાંત લાભ છે એમ માની સમત્વભાવે અને પરમ આનંદપૂર્વક સહન કરતાં શીખવું જોઈએ. સંસ્કારહીન વૃક્ષ પણ જો સહન કરવા જ જન્મે છે, તો સંસ્કારવાન મનુષ્ય તો સહેવા જ સર્જાયો છે એમ સમજવું. બીજાને પીડા આપ્યા વિના પોતે પીડા સહન કરે છે એવું વૃક્ષનું દૃષ્ટાંત દૃષ્ટિ સમક્ષ રાખીને સહિષ્ણુ બનવું જોઈએ. તૃણ અને વૃક્ષથી પણ પોતે નીચ છે એમ સમજીને માન-મદને છોડી નિર્માનીપણું રાખવું જોઈએ તથા તૃણ અને વૃક્ષની જેમ બીજાને માન આપતાં શીખવું જોઈએ.

આટલી યોગ્યતાના પાયા ઉપર જ
પ્રભુની ભક્તિ કરવાના અધિકારી બની શકાય છે.

'तूलं तृणादपि लघु तूलादपि हि याचकः ।
वायुना किं न नीतोऽसौ मामयं प्रार्थयिष्यति ॥१॥

તૃણથી હલકું આકડાનું રૂ છે, તેથી પણ હલકો યાચક છે, તો પણ તે 'મારી પાસે માગશે' એવા ભયથી વાયુ એ યાચકને ખેંચી ગયો નહિ, એ આ શ્લોકનો ભાવાર્થ છે.

મનુષ્ય યાચક છે,

તૃષ્ણા-વૃત્તિ યાચક નહિ પણ દાતાર છે,

માત્ર તેમનું દાતારપણું સમજાયેલું નહિ.

સંસાર એવા છતાં મનુષ્ય યાચક રહે છે, પણ દાતાર બનતો નહિ, તે તેના એકેન્દ્રિયપણાં કરતાં પણ નીચતાનું સૂચક છે. તે નીચતાનું નિવારણ યાચકપણું છોડીને દાતારપણું આવે તો જ થઈ શકે. મનુષ્ય દાતાર બને તો તેવા વસ્તુનું દાન કરી શકે છે, જે વસ્તુનું દાન કરવાની બાબત કોઈની શક્તિ નહિ. એવું દાન તે જ્ઞાનનું દાન છે, અભયદાન છે, ધર્મોપકારક એવું અનુકંપા અને સુપાત્રદાન છે, તેથી મનુષ્યનું પ્રધાન કર્તવ્ય તો માન છોડીને દાન દેવું તે જ છે. અમાનિના માનદેન। પંક્તિનો એ જ તાત્પર્યાર્થ છે.

નમો અરિહંતાણં।

એ તાત્ત્વિક રીતે માન દેવાની સાત્ત્વિક પ્રક્રિયા છે.

ૐ સ્વીકારવાચક છે.

જગતમાં બનતા સુખ અને દુઃખના તમામ બનાવોનો શાંતિપૂર્વક તથા સન્માનપૂર્વક અને પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરીને તે તમામ બનાવોના દ્રષ્ટા પણ બનવું, તે ધર્મધ્યાનની જ એક અનોખી - આગવી પ્રક્રિયા છે.

સુખ અને દુઃખના તમામ બનાવોનો અસ્વીકાર કરવો
તે 'આર્તધ્યાન' છે, નારાજ થઈને તેનો પ્રતિકાર કરવા
સતત ઉદ્યમ કરવો એ 'રૌદ્રધ્યાન' છે તથા
સ્વીકારપૂર્વક સદ્ઉદ્યમ કરવો એ 'શુક્લધ્યાન' છે.

આર્તધ્યાનમાં નિમગ્ન જીવને
ૐપૂર્વક નમો અરિહંતાણં બોલાય છે,
તેથી ધર્મધ્યાનની ભૂમિકા ઉપર આરૂઢ થવાય છે.
જેઓ ધર્મધ્યાનની ભૂમિકા ઉપર આરૂઢ છે,
તેઓને માટે ૐ વિના પણ
'નમો અરિહંતાણં' બોલાય છે.

નમો અરિહંતાણંને શુક્લધ્યાનનો હેતુ બનાવવા માટે
'નમો' એ 'તાણં' એટલે પ્રભુનો નમસ્કાર એ સૌનું
રક્ષણ કરનાર છે, એવી ભાવના દૃઢ કરવી જોઈએ.
અરિહં = પ્રભુભક્તિયુક્ત પોતાનો જ શુદ્ધ આત્મા.
તેને થતો નમસ્કાર સર્વ અનર્થોનો પ્રતિઘાત કરનારો છે
અને સર્વ ઇષ્ટોને મેળવી આપનારો છે.

'તાણં' પદમાં આખી ચૂલિકા સમાઈ જાય છે.
અનર્થનો પ્રતિઘાત-અર્થની પ્રાપ્તિ એ ચૂલિકાનો અર્થ છે.
તે 'તાણં' પદમાં સમાઈ જાય છે.

ભા. સુદ ૨

'નમો'માં ત્રાણશક્તિ તથા શરણશક્તિ છે.
નમસ્કાર સર્વ પાપનો પ્રતિઘાત કરીને
સર્વ મંગળને ખેંચી લાવે છે
એ ભાવ 'નમો + તાણં'માં રહેલો છે.
'અરિહં' મધ્યપદ છે, અરિહં
અરિહંતનો નમસ્કાર ત્રાણ અને શરણ આપનારો છે,
એની ભાવના વારંવાર કરવાથી 'આત્મલાભ' થાય છે.
આત્મલાભ માટે સત્ત્વ પુષ્ટ થવું જોઈએ.
અરિહંતના ધ્યાનથી સત્ત્વ પુષ્ટ થાય છે તથા
સત્ત્વ પુષ્ટ થવાથી ધ્યાનની વૃદ્ધિ થાય છે.
એ ધ્યાન શુક્લધ્યાન રૂપ બની
આત્મજ્ઞાનનું કારણ થવાથી
'ૐ નમો અરિહંતાણં ।'
એ આઠ અક્ષરનો મહામંત્ર
ધર્મધ્યાન અને શુક્લધ્યાનની પુષ્ટિનું કારણ બને છે.
ચિત્તે ચલતિ સંસારો, નિશ્ચલે મોક્ષ ઉચ્યતે ॥
:અર્થ:
ચિત્ત ચાલે તે સંસાર, નિશ્ચલચિત્ત તે મોક્ષ કહેવાય છે.

# આઠ પ્રકારના આત્મા

(૧) દ્રવ્યાત્મા = ત્રિકાળવર્તી સર્વ જીવને.
(૨) કષાયાત્મા = કષાયયુક્ત સકષાયીને.
(૩) યોગાત્મા = બધા યોગવાળા - સંસારીને.
(૪) ઉપયોગાત્મા = સિદ્ધ - સંસારી ઉભયને.
(૫) જ્ઞાનાત્મા = સમ્યગ્દૃષ્ટિ જીવોને.
(૬) દર્શનાત્મા = સર્વ જીવોને.
(૭) ચારિત્રાત્મા = વિરતિધરોને. (લબ્ધિરૂપ નહિ.
(૮) વીર્યાત્મા = સકલ વીર્યવાળા સંસારીને સત્તા એ ↑

o અભિષ્વંગને અયોગ્ય વિષયો ઉપર પણ અભિષ્વંગ કરવો તે રાગ નથી, માત્સર્યને અયોગ્ય એવા જીવો ઉપર માત્સર્ય ભાવ કરવો તે દ્વેષ છે. તે અગ્નિજ્વાળાની જેમ સંતાપ ઉપજાવનારો છે. વિષયો હેય છે, કેમકે તે સર્વ અભિષ્વંગના કારણ છે, જ્યારે આત્મતત્ત્વ ઉપાદેય છે,

કેમકે તેનું ધ્યાન વિરક્તિ પેદા કરે છે.

જીવો માત્સર્યને યોગ્ય નહિ કિન્તુ મૈત્રીને યોગ્ય છે.

વિષયો અભિષ્વંગને નહિ, કિન્તુ વિરક્તિને યોગ્ય છે.

વિષયોનો સંગ છોડવો જોઈએ,

કેમકે તે પાંચેપાંચ વિષયો અશુભ ધ્યાનના હેતુ છે.

શુક્લધ્યાનના હેતુરૂપ પરમેષ્ઠિસંગ આદરવા યોગ્ય છે,
એવા લાભને રોકનાર 'મોહ' કર્મવાદ છે. એ જ અજ્ઞાન
અને મિથ્યાત્વ છે. 'અવિદ્યા' પણ તેને જ કહે છે.
વિષયો ત્યાજ્ય છે, કેમકે તે સર્વે આશ્રવના હેતુ છે.
પરમેષ્ઠિઓ ઉપાદેય છે, કેમકે તેઓ સંવરના હેતુ છે.
વિષયોના ઉપલક્ષણથી પુદ્ગલરાશિ કે જડતત્ત્વ સમજવું
અને પરમેષ્ઠિઓના ઉપલક્ષણથી જીવરાશિ કે ચેતનતત્ત્વ.
ચેતનતત્ત્વ અથવા જીવરાશિનું ધ્યાન એ ઉપાદેય છે.
જડતત્ત્વ અથવા તો પુદ્ગલરાશિનું ધ્યાન એ હેય છે.

ધ્યાનથી સંગ અને સંગથી ધ્યાન થાય છે.

જડનો સંગ વર્જવાથી જડનું ધ્યાન રોકાય છે, જડનું
ધ્યાન તજવાથી જડનો સંગ-આસક્તિ કે રાગ રોકાય છે.
ચેતનનો સંગ કરવાથી ચેતનનું ધ્યાન અને તેનાથી
ચેતનનો સંગ, પ્રેમ, પ્રીતિ, ભક્તિ, મૈત્રી થાય છે.
પરમેષ્ઠિઓનું ધ્યાન પરમેષ્ઠિઓનો સંગ કરાવે છે.

પરમેષ્ઠિઓનો સંગ પરમેષ્ઠિઓનું ધ્યાન કે
ઉપલક્ષણથી ચૈતન્યનું ધ્યાન કરાવે છે.

વિષયોનો સંગ વિષયોનું ધ્યાન કરાવે છે અને
વિષયોનું ધ્યાન વિષયોનો સંગ કરાવે છે.

અસત્સંગ ત્યાજ્ય છે, સત્સંગ ઉપાદેય છે.

જેનું રહસ્ય અસત્ એટલે જડ અને સત્ એટલે ચેતન. તેનો સંગ તેના ધ્યાનનો હેતુ થાય છે, માટે અસત્માં હેય બુદ્ધિ અને સત્માં ઉપાદેય બુદ્ધિ એ ખરો વિવેક છે. તે વિવેક નમસ્કારના જાપથી પેદા થાય છે.

કંચન-કામિની હેય છે, દેવ-ગુરુ ઉપાદેય છે.

કંચન-કામિની સર્વ પુદ્ગલરાશિનું ઉપલક્ષણ છે. અભિષ્વંગ-અશુભધ્યાનને પેદા કરનાર મનોરમરૂપ આદિ પુદ્ગલોનું કેન્દ્ર જે નિવાસસ્થાન કંચન-કામિની છે. એ રીતિએ દેવ-ગુરુ સર્વ જીવરાશિનાં ઉપલક્ષણ છે.

શુભધ્યાનને પેદા કરનાર

સમસ્ત ચૈતન્ય તત્ત્વનો સંગ્રહ દેવ-ગુરુમાં આવી જાય.

અશુભધ્યાનનું કારણ હોવાથી કંચન-કામિની ત્યાજ્ય તથા શુભધ્યાનનો હેતુ હોવાથી દેવ અને ગુરુ ઉપાદેય છે. અશુભધ્યાન અશુભ અને શુભધ્યાન શુભ પ્રવૃત્તિજનક છે.

શુભાશુભ પ્રવૃત્તિ શુભાશુભ ગતિનો હેતુ છે.

શુભ ગતિ મોક્ષ છે, અશુભ ગતિ સંસાર છે.

અંતિમ હેયતત્ત્વ સંસાર-અંતિમ ઉપાદેય તત્ત્વ મોક્ષ છે. સંસાર-મોક્ષના હેતુ કંચન-કામિની અને દેવ-ગુરુ

હોવાથી તે પણ અનુક્રમે હેયોપાદેય ગણાય છે. દેવ-ગુરુનો સંગ્રહ નમસ્કારમંત્રમાં હોવાથી તે પરમ ઉપાદેય બને છે.

ૐ નમો અરિહંતાણં

ૐ અશુભ ધ્યાન નિવારક તથા શુભ ધ્યાનોત્પાદક છે.

અરિહંત એ શુદ્ધ આત્મસ્વરૂપ છે.

તેનો નમસ્કાર કર્મજન્ય ઉપદ્રવોથી ત્રાણકારક-રક્ષક છે.

તે નિરાધારને આશ્રય આપનારો છે.

ભવ સમુદ્રમાં ડુબતા જીવોને દ્વીપ સમાન આધાર છે અને ભવ કૂપમાં પડતા જીવોને બહાર કાઢવા માટે આલંબન છે.

અરિહંતનો નમસ્કાર એ

ત્રાણ, શરણ, આધાર, આલંબન, આશ્રય છે.

અનાદિ અવિદ્યારચિત બુદ્ધિને વિષે સાક્ષીનો તાદાત્મ્યભાવ અધ્યાસ દૃઢતાવાળો હોવાથી સંસારાત્મક હૃદયગ્રંથિ છુટે તથા આત્માને લગતા અનેક સંશયો ચાલ્યા જાય છે: તે સાક્ષી છે કે કર્તા? સાક્ષી બ્રહ્મરૂપ છે કે બ્રહ્મભિન્ન? જો બ્રહ્મરૂપ હોય, તો તે જાણવાને શક્ય છે કે કેમ? જાણવાને શક્ય હોય તો પણ માત્ર જ્ઞાન વડે જ મુક્તિ સંભવે છે કે નહિ? વળી પ્રારબ્ધ સિવાયના આગામીકાળે ફળનારા વિદ્યાજનિત કર્મો આત્મદર્શન વડે નાશ પામે છે.

વિશ્વવ્યવસ્થા ન તો દુઃખમય છે અને ન દુઃખ માટે છે,
પરન્તુ સુખના ઉત્તરોત્તર વિકાસ માટે જ છે.

વિશ્વમાં આપણને જે પ્રતિકૂળતા દુઃખરૂપ અનુભવાય છે, તેનું કારણ આપણી અજ્ઞાનતા, અનભિજ્ઞતા, વિવેકશૂન્યતા છે. એટલે જ શાસ્ત્રકારો સમ્યગ્દર્શન ઉપર ભાર મૂકે છે. પદાર્થવિજ્ઞાનના વિશ્વના નિયમ અટલ અને અફર છે.

જેમ તત્ત્વજ્ઞાનથી પ્રારબ્ધ કર્મ પ્રબળ છે,
તે રીતે પ્રારબ્ધ કર્મથી યોગાભ્યાસ અધિક બળવાન છે.

સ્વાભાવિક ધર્મોનો નિઃશેષ નાશ થઈ શકે નહિ,
પરન્તુ તેનો અભિભવ અટકાવ કરવો એ અશક્ય નથી.

જળનું દ્રવત્વ જળ સાથે મૃત્તિકા મેળવી અટકાવી શકાય, અગ્નિનું ઉષ્ણત્વ પ્રતિબંધક મણિ, મંત્ર, ઔષધાદિથી પ્રતિબંધ કરી શકાય છે, તેમ જ યોગાભ્યાસથી સકળ ચિત્તવૃત્તિઓનો અભિભવ કરી શકાય છે. શાસ્ત્રીય પુરુષાર્થને પ્રારબ્ધ કર્મ કરતાં વધુ બળવાન ન માનીએ તો ચિકિત્સાશાસ્ત્રથી આરંભીને મોક્ષશાસ્ત્ર પર્યન્ત સર્વ શાસ્ત્રો વ્યર્થ જ ઠરે. જો એકવાર પુરુષાર્થ નિષ્ફળ ગયાથી સદા તેની નિષ્ફળતા ગણાતી હોય, તો કોઈ રાજા શત્રુથી એકવાર પરાજય પામે તો તેણે સૈન્યાદિ યુદ્ધ સામગ્રીઓનો ત્યાગ જ કરી દેવો ઘટે.

ન હ્યજીર્ણભયાદાહાર-પરિત્યાગઃ, ભિક્ષુકભયાદ્વા
સ્થાલ્યનધિશ્રયણં, યૂકાભયાદ્વાપ્રાવરણ-પરિત્યાગઃ ।

(પરિશિષ્ટ-૨૭)

જીવન્મુક્તિનું જે સુખ શ્રેષ્ઠ પ્રારબ્ધથી પણ
સાક્ષાત ઉપજતું નથી, તે સુખને મુમુક્ષુ
યોગાભ્યાસરૂપ સ્વપ્રયત્ન દ્વારા ઉત્પન્ન કરે છે.

કર્મ પોતે અદૃષ્ટ હોવાથી દૃષ્ટ-પ્રત્યક્ષ સાધનસંપત્તિ વિના ફળ આપવાને અસમર્થ છે. માટે જ અન્નાદિ ફળ મેળવવા કૃષિ આદિ અને ધનાદિ ફળ મેળવવા માટે વાણિજ્યાદિ દૃષ્ટ સામગ્રીની અદૃષ્ટની સાથે જરૂર છે. જીવન્મુક્તિ માટે પણ યોગાભ્યાસરૂપ દૃષ્ટ પ્રયત્ન જરૂરી છે.

જીવન્મુક્ત, સ્થિતપ્રજ્ઞ, ભગવદ્ ભક્ત,
ગુણાતીત અને અતિવર્ણાશ્રમી પર્યાયાર્થક શબ્દો છે.

ભિક્ષાદિમાં પ્રવૃત્તિ તે રાગાનુકૂળ પ્રવૃત્તિ છે.
ચૌર્યાદિથી વિમુખતા તે દ્વેષાનુકૂળ પ્રવૃત્તિ છે.
સર્પાદિથી ખસી જવું તે ભયાનુકૂળ પ્રવૃત્તિ છે.
ઇતરયોગી કરતાં અધિક સમાધિ સેવવી તે માત્સર્યાનુકૂળ પ્રવૃત્તિ છે, છતાં ધૂમ, ધૂલિ તથા મેઘાચ્છન્ન ગગનની જેમ જીવન્મુક્ત આત્મા તેનાથી નિર્લિપ્ત રહે છે.

આત્મા = વૃત્તિરહિત ચિત્ત.

સંપ્રજ્ઞાત સમાધિમાં મનોવૃત્તિથી આત્માનંદ અનુભવાય છે,
અસંપ્રજ્ઞાતમાં તેમ થતું નથી.
તેમાં તો સ્વયંપ્રકાશ ચૈતન્ય આત્મરૂપ જ અનુભવાય છે.
તે સંતોષવૃત્તિરૂપ નથી કિન્તુ સંસ્કાર શેષરૂપ છે.

પ્રારબ્ધના યોગે ઉપજેલા રાગને લઈને
કદાચિત અલ્પ ધૈર્યવાન મુમુક્ષુથી નિષેધનું ઉલ્લંઘન
થવાથી કોઈ ઉત્કટ પાપ થઈ જાય.

સ્ત્રી શરીર શબતુલ્ય છે, તેનાં જે કામાંગ:
એનું તે સ્પર્શન અયોગ્ય, જાણું નિંદ્ય છે. નિંદ્ય કેવા રીતે?

स्त्रीणामवाच्यदेशस्य क्लिन्ननाडीव्रणस्य च ।
अभेदेऽपि मनोभेदात् जनः प्रायेण वञ्च्यते ॥१॥
चर्मखण्डं द्विधा भिन्नं अपानोद्गार धूपितं ।
ये रमन्ति नरास्तत्र कृमि तुल्याः कथं न ते ॥२॥

ॐ

येन पूर्णमिवाकाशं भवत्येकेन सर्वदा ।
शून्यं यस्य जनाकीर्णं तं देवा ब्राह्मणं विदुः ॥
यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाऽभूद्विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥

(પરિશિષ્ટ-૨૮)

જનવાળા સ્થળમાં આત્મા સિવાય અન્યની વાર્તાઓ થવાથી
તે આનંદસ્વરૂપ આત્મપ્રતીતિરહિત હોઈને
શૂન્યસ્થળની પેઠે યોગીને તે ક્લેશ આપે છે.

પરસ્પરના સદ્ભાવે સદ્ભાવ તે અન્વય,
પરસ્પરના અભાવે પરસ્પરનો અભાવ તે વ્યતિરેક.

લક્ષણ બે પ્રકારનું: તટસ્થ અને સ્વરૂપ.

ઉત્સાહરૂપ નિશ્ચય તે પુરુષપ્રયત્ન.

વિવેચનપૂર્વક નિશ્ચય તે વિવેક.

તત્ત્વજ્ઞાનનું સાધન શ્રવણ-મનનાદિ છે.

મનોનાશનું સાધન યોગાભ્યાસ છે તથા
વાસનાનાં ક્ષયનું સાધન વિરોધી વાસના ઉપજાવવી તે છે.

अभयं सत्त्वसंशुद्धिः ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥१॥
अहिंसा सत्यमक्रोधः त्यागः शान्तिरपैशुनं ।
दयाभूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलं ॥२॥
तेजः क्षमा धृतिः शौच-मद्रोहो नातिमानिता ।
भवन्ति संपदं दैवी-मभिजातस्य भारत ॥३॥
दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ ! संपदमासुरीं ॥४॥

(પરિશિષ્ટ-૨૯)

गुणाः शमादयो ध्यानात् शमादिभ्यस्तथाऽऽत्मता।
परस्परं विवर्धन्ते द्वेपम्ररसरसी इव ॥१॥
शमदमादि आत्मध्यानना साधन छे.
शान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो
भूत्वाऽऽत्मन्येवाऽऽत्मानं पश्येत्।
दृढभावनया त्यक्त-पूर्वापर-विचारणं।
यदादानं पदार्थस्य वासना सा प्रकीर्तिता॥(परिशिष्ट-३०)

कार्यनी निवृत्ति जे रीते थाय:

विरोधिना सद्‌भावथी तथा सामग्रीनी निवृत्तिथी.
तेल, वाट आदि दीपनी सामग्री छतां विरोधि वायु दीपकने शांत करे छे, ते रीते अनारब्ध कर्मोनो नाश वडे अने भोगवटा वडे आरब्ध कर्मोनी संपूर्ण निवृत्ति थाय छे.

मोहनुं नाश करावनारी शुद्ध वासना छे.

लोकवासना = सर्व कोई मारी स्तुति करे, कोई पण मारी निंदा न करे एवुं आचरण एं क्लेश ते प्रकारनो अभिनिवेश. ए प्रकारे जनवुं अशक्य छे, तेथी ते मलिन वासना छे.

विद्यते न खलु कश्चिदुपायः
सर्वलोक-परितोष-करो यः।
सर्वथा स्वहितमाचरणीयं
किं करिष्यति जनो बहुजल्पः॥१॥(परिशिष्ट-३१)

વિદ્વાનથી અત્યંત પામર સુધીનો લોક
પરનિંદાના અનાદિ અભ્યાસથી અભ્યસ્ત છે.
આ રીતે લોકવાસનાને મલિન ગણીને યોગશાસ્ત્રમાં
ઈશ્વરની નિંદા અને સ્તુતિમાં સમાનતા કથન કરેલી છે.

શાસ્ત્ર વાસના ત્રણ પ્રકારની છે:

(૧) પાઠ વ્યસન (૨) શાસ્ત્ર વ્યસન (૩) અનુષ્ઠાન વ્યસન.

જેની વૃત્તિ અંતર્મુખ થઈ નથી તથા
જેને સદ્ગુરુની કૃપા પ્રાપ્ત થઈ નથી તેને કોઈ કાળે પણ
માત્ર શાસ્ત્રોના અભ્યાસથી અધ્યાત્મવિદ્યા પ્રાપ્ત થતી નથી.

नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन च ।
बहुशास्त्रकथा कन्थारोमन्थेन वृथैव किं ।
अन्वेष्टव्यं प्रयत्नेन तत्त्वज्ञैर्ज्योतिरान्तरं ॥ (પરિશિષ્ટ-૩૨)

અર્થવાદરૂપી વચનથી આત્મલાભ થતો નથી. આત્મતત્ત્વના
અનુષ્ઠાન માત્રથી નિશ્ચયવાળી શુદ્ધિ પ્રાપ્ત થતી નથી.
સ્નાનપાનાદિ પ્રયોજન અલ્પ જળાશયમાં પણ સિદ્ધ થાય
અને ચોતરફથી ભરેલા મોટા જળાશયમાં પણ સિદ્ધ થાય.

ત્રણ પ્રકારે ભ્રાન્તિસ્વરૂપ દેહવાસના

દેહાત્મબુદ્ધિ, ગુણાધાન બુદ્ધિ અને દોષાપનયન બુદ્ધિ.
ગુણાધાન બે પ્રકારનું છે: શાસ્ત્રીય અને લૌકિક.

अन्तर्मलिनो देहो देही चाऽन्तर्निर्मलः ।
उभयोरन्तरं ज्ञात्वा कस्य शौचं विधीयते ॥१॥

(परिशिष्ट-३३)

मांसासृक्पूयविण्मूत्र-स्नायुमज्जास्थि-संहतौ ।
देहे चेत् प्रीतिमान् मूढो भविता नरकेऽपि सः ॥१॥
स्वदेहाऽशुचिगन्धेन न विरज्येत यः पुमान् ।
विरागकारणं तस्य किमन्यदुपदिश्यते ॥२॥

(परिशिष्ट-३४)

सत्त्वात् संजायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥१॥

(परिशिष्ट-३५)

केशकज्जलधारिण्यो दुःस्पर्शा लोचनप्रियाः ।
दुष्कृताग्निशिखा नार्यो दहन्ति तृणवन्नरान् ॥१॥
कामना किरातेन विकीर्णा मुग्धचेतसां ।
नार्यो नरविहंगानामंगबंधन-वागुराः ॥२॥

(परिशिष्ट-३६)

न पाणिपादचपलो, न नेत्रचपलो यतिः ।
न च वाक् चपलश्चैवमिति शिष्टस्य लक्षणम् ॥१॥

(परिशिष्ट-३७)

अजिह्वः षंडकः पंगुरन्धो बधिर एव च ।
मुग्धश्च मुच्यते भिक्षुः षड्भिरेतैर्न संशयः ॥१॥

(પરિશિષ્ટ-૩૮)

આસ્વાદ અને સત્ત્વવ્રતવાળો રહે, તે અજિહ્વ છે.
જેમ આજે જન્મેલા અને સો વર્ષવાળી સ્ત્રીને વિષે
જે પુરુષ વિકારરહિત રહે છે,
તેમ સોળ વર્ષની સ્ત્રીને જોઈને પણ
જે પુરુષ નિર્વિકાર ચિત્તવાળો રહે, તે ષંઢ છે.
જેનું ગમન ભિક્ષા કે મળમૂત્ર વિસર્જન પુરતું છે અને
જે એક યોજન ઉપરાંત જતો નથી, તે પંગુ છે.
ચાલતાં કે ઊભા રહેતાં જેની દૃષ્ટિ
સોળ હાથ ભૂમિથી દૂર જતી નથી, તે અંધ છે.
શુભાશુભ શ્રવણ કર્યે જે હર્ષ-શોક ન કરે, તે બધિર છે.

सांनिध्ये विषयाणां च समर्थोऽविकलेन्द्रियः ।
सुप्तवद्वर्तते नित्यं भिक्षुर्मुग्धः स उच्यते ॥
न निन्दां न स्तुतिं कुर्यात् न किंचित् मर्माणि स्पृशेत् ।
नातिवादी भवेत्तद्वत् सर्वत्रैव समो भवेत् ॥
न संभाषेत् स्त्रियं कांचित् पूर्वदृष्टां च न स्मरेत् ।
कथां च वर्जयेत् तासां न पश्येत् लिखितामपि ॥

(પરિશિષ્ટ-૩૯)

ચિરકાળપર્યંત નિરંતર અને આદરપૂર્વક સેવેલા વિવેક તથા ઇંદ્રિયનિરોધાદિ મૈત્ર્યાદિ ભાવનાઓથી સ્થિર થાય અને આસુરી સંપત્તિરૂપ મલિન વાસનાઓ ક્ષય પામે છે. તેમનો ક્ષય થવાથી શ્વાસોચ્છ્વાસ અને નિમેષોન્મેષની જેમ બુદ્ધિપ્રયત્ન વગર પ્રવર્તેલા મૈત્રી આદિ વાસનાઓ વડે વ્યવહાર કરતાં છતાં તે કદી સિદ્ધ ન થાય, અગર કાંઈ બાધા રહે તો પણ તેની ચિંતાનો ત્યાગ કરી તથા નિંદ્રા, તંદ્રા, મનોરાજ્ય (મનના મિથ્યા તરંગો) પ્રયત્ન વડે શાંત કરીને જ ચૈતન્યવાસનાનો અભ્યાસ કરવો. જડ ચેતન સાથે ભાસે છે, છતાં ચેતનની સત્તાથી જ જડ ભાસે છે, તેથી જડને ગૌણ બનાવવું - ઉપેક્ષા કરી અને ચૈતન્યને મુખ્ય બનાવવું ચૈતન્યની વાસના જ આરૂઢ કરવી.

જેમ શ્વાસોચ્છ્વાસ ક્રિયા અનાયાસ થાય છે, તેમ જડની ઉપેક્ષાપૂર્વક કેવળ ચૈતન્યને વિષે જ મનની સ્વાભાવિક પ્રવૃત્તિ થાય ત્યાં સુધી ચૈતન્યવાસનાનો અભ્યાસ કરવો. મૈત્રી, મુદિતા આદિ શુભ વાસનાઓનો અભ્યાસ કર્યા વિના ચૈતન્યવાસના સ્થિર થઈ શકતી નથી.

જેમ પાયો મજબૂત કર્યા વિના સ્થંભ - ભીંત આદિના આધારરૂપ ઘર ચિરકાળ ટકી શકે નહિ અથવા વિરેચન વડે

સર્વ દોષોને કાઢ્યા વિના રસાયનનું સેવન આરોગ્યપ્રદ થતું નથી, તેમ જ મૌન આદિ શુભ વાસનાઓના અભ્યાસ વિના પ્રથમથી જ ચૈતન્યવાસના સિદ્ધ થઈ શકતી નથી.

કર્તા (બુદ્ધિ) - કરણ (મન)ના અનુસંધાનપૂર્વક આરંભકાળમાં જે ચિન્માત્ર વાસના છે, તેને 'ધ્યાન' એવી સંજ્ઞા છે.

બુદ્ધિ તથા મનના અનુસંધાન વિના
જે 'સમાધિ' નામની ચિદ્વાસના છે, તે ધ્યેયરૂપ છે.

विचारितमलं शास्त्रं चिरमुद्ग्राहितं मिथः ।
संत्यक्तवासनान्मौना-दृते नास्त्युत्तमं पदं ॥१॥
परिसमाप्य मुक्तो हि भोगो भवति तुष्टये ।
विरसाद् सेवितश्चौरो मैत्र्यमेति न चौरताम् ॥२॥
भविष्यं नानुसंधत्ते नातीतं चिन्तयत्यसौ ।
वर्तमान निमेषं तु हसन्नेवाऽनुवर्तते ॥३॥
जारिस सिद्धसहावो तारिस भावो सव्वजीवाणं ।
तेणं सिद्धंत रुई, कायव्वा भव्वजीवेहिं ॥४॥

- सिद्धप्राभृत टीका (પરિશિષ્ટ-૪૦)

ज्ञात्वा देवं सर्वपाशापहानिः
क्षीणैः क्लेशैर्जन्म-मृत्यु-प्रहाणिः ।
अध्यात्मयोगाधिगमेन देवं
मत्वा धीरो हर्षशोकौ जहाति ॥ (પરિશિષ્ટ-૪૧)

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं मनः ॥
यतो निर्विषयस्यास्य मनसो मुक्तिरिष्यते ।
अतो निर्विषयं नित्यं मनः कार्यं मुमुक्षुणा ॥
निरस्त-विषयासंगं संनिरुद्धं मनो हृदि ।
यदा यात्युन्मनीभावं तदा तत्परमं पदं ॥
तावदेव निरोद्धव्यं यावद् हृदि गतं क्षयं ।
एतज्ज्ञानं च ध्यानं च शेषो न्यायस्य विस्तरः ॥
प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुरा ।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥
असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत् कामहेतुकम् ॥
-अ-१, श्लोक १-८ (परिशिष्ट-४२)

तमोगुण उद्‌भवे त्यारे आसुरी संपत्ति उदय पामे छे.
रजोगुण वृद्धि पामे छे त्यारे
लोकवासनादि त्रण वासनाओ उदय पामे छे.
सत्त्वगुणनो उदय थाय छे त्यारे दैवी संपत्ति उपजे छे,
अंतःकरण त्रिगुणात्मक भासे छे,
परंतु मननुं मुख्य उपादान सत्त्वगुण छे.

રજો-તમો-સત્ત્વગુણાત્મક મનના ઉપસંહારક હોવાથી સાધનાવાન પુરુષના યોગાભ્યાસ વડે રજો-તમોગુણ દૂર થયે કેવળ શુદ્ધ સત્ત્વરૂપ અંતઃકરણ જ અવશેષ રહે છે. ચંચળતાના કારણભૂત રજોગુણથી રહિત ચિત્ત અગ્ર્ય હોય. તમોગુણશૂન્ય હોવાથી સૂક્ષ્મ હોય છે. તમોગુણ ભ્રાન્તિકલ્પિત અનાત્મસ્વરૂપ સ્થૂલ પદાર્થાકાર થવામાં કારણભૂત છે.

દૃશ્યતે ત્વગ્ર્યયા બુદ્ધ્યા સૂક્ષ્મયા સૂક્ષ્મદર્શિભિઃ । સૂરિઃ
સૂક્ષ્મદર્શી પુરુષો

અગ્ર્ય તથા સૂક્ષ્મબુદ્ધિ વડે આત્માનું દર્શન કરે છે.

अनात्मन्यात्मभावेन, देहभावनया तथा ।
पुत्रदारैः कुटुम्बैश्च चेतो गच्छति पीनतां ॥
अहंकार-विकारेण ममता-मललीलया ।
इदं ममेति भावेन चेतो गच्छति पीनतां ॥
आधि-व्याधि-विलासेन समाश्वासेन संसृतौ ।
हेयाहेय-विभागेन चेतो गच्छति पीनतां ॥
स्नेहेन धनलोभेन लाभेन मणियोषितां ।
आपातरमणीयेन चेतो गच्छति पीनतां ॥
दुराशाक्षीरपानेन भोगानिलबलेन च ।
आस्थादानेन चारेण चित्तं हि याति पीनतां ॥

- योगवाशिष्ठ (પરિશિષ્ટ-૪૩)

तस्य चित्तमचित्तं स्यात् तच्चित्तं सत्त्वमुच्यते ।

અર્થાત્: જ્ઞાની પુરુષોનું ચિત્ત પણ અચિત્ત હોય અર્થાત્ નિર્વિકલ્પ છે. જ્ઞાન સહિતનું ચિત્ત સત્ત્વ કહેવાય છે. વિષયોની કામનાજન્ય ચિત્તગત સંસ્કાર તે માનસવાસના-આંતરવાસના અને વિષયોપભોગજન્ય સંસ્કાર એટલે વિષયવાસના - બાહ્યવાસના. આસુરીવાસનાનો ક્ષય કરનારી દૈવીવાસના એ પરમ સમ્યક્ત્વનું સાધન છે.

મૈત્ર્યાદિ ભાવો વડે દ્વેષાદિ વાસના ક્ષય છે અને શુદ્ધ ચૈતન્યભાવના વડે તે શુદ્ધિ થાય છે. આત્મધનને ચોરનાર 'મન' નામનો ચોર છે. મનનો ઉદય પુરુષના નાશરૂપ છે, મનનો નાશ પુરુષના અભ્યુદયરૂપ છે.

हस्तं हस्तेन संपीड्य दंतैर्दन्तान् विचूर्ण्य च ।
अंगान्यंगैः समाक्रम्य जयेदादौ स्वकं मनः ॥(परिशिष्ट-४४)

માનસવાસના - લોકૈષણા વગેરે - મૃદુ.

વિષયવાસના - દંભ, ગર્વ આદિ - તીવ્ર.

अध्यात्मविद्याधिगमः साधुसंगम एव च ।
वासनासंपरित्यागः प्राणस्पंदनिरोधनं ॥ અર્થાત્:

અધ્યાત્મવિદ્યા ગ્રહણ ન કરી શકે તેને માટે સત્પુરુષોનો સમાગમ, તેના અભાવે વિવેક વડે વાસનાત્યાગ, તે પણ

ન થઈ શકે તેને માટે પ્રાણવાયુનો નિરોધ એ ઉપાય છે.

અધ્યાત્મવિદ્યા એ દૃશ્યનું મિથ્યાત્વપણું તથા
દૃષ્ટાનું સ્વયંપ્રકાશત્વપણું જણાવે છે.

ચિત્તની ઉત્પત્તિનાં બે કારણ છે:
એક પ્રાણની ગતિ અને બીજું દૃઢ વાસના.
તે બંને પરસ્પર પણ એકબીજાને પ્રેરે છે.
જેમાંથી એકના નાશથી બંનેનો નાશ થાય છે.

કોઈપણ પદાર્થને સત્ય માનીને તેને રાગ વડે સેવવો તે તથા 'આ સુખનો હેતુ છે માટે ગ્રાહ્ય છે, આ સુખનો હેતુ નથી માટે અગ્રાહ્ય છે' એ ચિત્તનું સ્વરૂપ કહેવાય છે.

પોતાનો વ્યાપાર પ્રાણાધીન હોઈ ઇંદ્રિયો 'પ્રાણ' કહેવાય છે.

ઉચ્છ્વાસ આંતરકુંભકનો અને શ્વાસ એ બાહ્યકુંભકનો વિરોધી છે. શરીરનું હાલવું બંને કુંભકનું વિરોધી છે.

મનસશ્ચેન્દ્રિયાણાં ચ હ્યૈકાગ્ર્યં પરમં તપઃ ।
તજ્જ્યાયઃ સર્વધર્મેભ્યઃ સ ધર્મઃ પર ઉચ્યતે ॥

અર્થાત્: મન અને ઇન્દ્રિયોની એકાગ્રતા તે શ્રેષ્ઠ તપ છે તેથી મહાન એવી તે સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ કહેવાય છે.

अन्तः शीतलतायां तु लब्धायां शीतलं जगत् ।
अन्तस्तृष्णोपतप्तानां दावदाहमिदं जगत् ॥१॥

(પરિશિષ્ટ-૪૫)

चित्तरूपी पशुने स्वाधीन वर्तावावाना जे उपाय छे:
अेक तो शत्रु-मित्रादिमां समभाव राखवो ते मृदु उपाय
अने बीजो प्रत्याहार आदि कठण उपाय - तेमां मृदु
उपाय वडे चित्त विना विलंबे वश थाय अने बीजा
हठयोग वडे सत्वरे वश न थतां लांबे काळे वश थाय छे.

० दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥१॥

० ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ।

अर्थ: भगवानने जाणीने सर्व पाश वडे मुक्त थाय छे.

योग = जे मैत्री आदि वडे चित्तनी प्रसन्नता जणावे.
मैत्री आदि चार साधनो अभय आदि दैवी संपत्तिओनां,
अमानित्व आदि ज्ञानसाधनोनां तथा जीवन्मुक्त अने
स्थितप्रज्ञनां लक्षणोनां उपलक्षण छे. ए सर्व शुभ
वासनारूप होवाथी मलिन वासनानो क्षय करनार छे.

संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धि र्यो मद्भक्तः स मे प्रियः ॥१॥
(परिशिष्ट-४६)

द्वे पदे बंध-मोक्षाय, ममेति न ममेति च ।
ममेति बध्यते जंतुर्न ममेति प्रमुच्यते ॥(परिशिष्ट-४७)

## મૈત્ર્યાદિ ભાવો વડે શું પ્રાપ્ત થાય?

મૈત્ર્યાદિ ભાવો વડે આનંદ, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાન તથા યોગમાં સ્થિરતા, દાન, ઇંદ્રિયનિગ્રહ, સ્વાધ્યાય, યજ્ઞ, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, પૈશુન્યરહિતપણું, ભૂતદયા, અલોલતા, કોમળતા, લજ્જા, અચપળતા, તેજ, ક્ષમા, ધૈર્ય, શૌચ, અદ્રોહ, અતિમાનનો અભાવ; વળી અમાનીપણું, અદંભીપણું, ગુરુની સેવા, પવિત્રતા, સ્થિરતા, મનનો નિગ્રહ, વિષયોનો વૈરાગ્ય, જન્મ-મૃત્યુ આદિ વિષે દુઃખ અને દોષદૃષ્ટિ, સ્ત્રી-પુત્રાદિમાં અહંબુદ્ધિનો અભાવ, હર્ષ-શોકરહિતપણું, અવ્યભિચારિણી ભક્તિ, એકાન્ત દેશનું સેવન, આત્મ-જ્ઞાનમાં નિષ્ઠા, તત્ત્વજ્ઞાનના પ્રયોજનરૂપ મોક્ષનું દર્શન તથા શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન-સમાહિતપણું, મુમુક્ષુત્વ, વિવેક, વૈરાગ્ય, અનુદ્વેગ, શ્રદ્ધા, અસ્પૃહા, સંતોષ, આત્મરતિ અને આત્મતૃપ્તિ પ્રાપ્ત થાય છે.

સર્વભૂતહિતે રતાઃ ।

મનુષ્યે મનુષ્યનું નહિ, પણ સર્વ ભૂત પ્રાણીમાત્રનું હિત હૈયે ધરવું જોઈએ. સર્વ જીવો કુટુંબી છે, ભાઈઓ-બહેનો છે, એમ માનીને જીવન ગુજારવું જોઈએ.

o તન કો જોગી સબ કરે, મન કો બિરલા કોય.

સહેજે સિદ્ધિ પાઈએ, જો મન જોગી હોય.

o રામનામ કી લૂંટ હૈ, લૂંટ શકે તો લૂંટ,

આખર દિન પછતાયેગા, જબ આવે જમદૂત.

o તુલસી જગ મેં સબસે મિલીયે ડીલીયે ધાય,

ક્યા જાને ક્યા વેશ મેં નારાયણ મિલ જાય.

o ચિન્તા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.

'ભૂતદયા છે ધર્મ બધાના મૂળમાં,

સઘળા સંતોનો છે એ ઉપદેશ જો.'

ફક્ત પ્રભુના જ કિંકર બનો, બાબાના નહિ.

કિંકર બનવું એટલે શુદ્ધ હૃદયે પ્રભુના દાસાનુદાસ થવું.

તેમની ઇચ્છાનુસાર સેવા કરવી.

પ્રભુની ઇચ્છા એ જ આપણી ઇચ્છા. મન મોટું કરવું.

ભક્તિ એટલે ભગવાન જેવા થવું. કુંતામાતાએ માત્ર દુઃખ

જ માગ્યું. ભજન એટલે કોઈના દુઃખનું ભંજન કરવું તે.

દેહ તે પાણીનો પરપોટો અને વાદળનો ગોટો છે.

એકબાજુ જૈનશાસન અને જિનેશ્વરદેવ,

બીજી બાજુ મોહ અને તેનું શાસન.

એક જીવને રડાવનાર, બીજાને દુઃખ દેનાર - આત્મધન લૂંટનાર.

## મોહ અને તેનું શાસન એટલે

દ્રવ્યથી ઘાતીકર્મો અને ભાવથી અંતરંગ શત્રુઓ.
તેનાથી બચાવવા માટે અઘાતીકર્મોનું શુભાશુભ બળ છે.
શુભ બળ યોગ્ય આત્માઓનું રક્ષણ-પાલન કરે અને
અશુભ બળ અયોગ્ય આત્માઓની અયોગ્યતા દૂર કરવા
તેનો ઉપાયરૂપે નિગ્રહ કરે.

અઘાતીકર્મો એટલે જાણે જિનેશ્વરોના માણસો અને
ઘાતીકર્મો એટલે જાણે મોહના માણસો.

મોહની સેનાથી છોડાવવા અઘાતીકર્મોરૂપ જિનેશ્વરોની સેના છે. આમ ન હોય તો અઘાતીકર્મોદયજન્ય ભાવોથી વિરુદ્ધ વિચાર કરવો, તેને 'આર્તધ્યાન' ન કહી શકાય અને એનાથી દુર્ગતિ થાય છે, એમ પણ ન કહેવાય.

## આર્તરૌદ્ર ધ્યાનનો તાત્વિક અર્થ

અઘાતીકર્મોની આજ્ઞાને તોડવા તે છે અને
તે ધ્યાન કરવાની આજ્ઞા જિનેશ્વરની સેનાની હોવાથી
એ જિનાજ્ઞાને તોડવારૂપ છે, તેથી પાપ છે.

ધર્મધ્યાન એ જિનાજ્ઞાને કે જિનની સેનાની આજ્ઞાને
પ્રસન્નતાપૂર્વક સ્વીકારવારૂપ છે,
એટલે સામાયિક-સમાધિ-સમતારૂપ હોઈ ઉપાદેય છે.

આમ અઘાતી કર્મોનો નિગ્રહ પણ આત્મોપકારક હોવાથી તેના વિરુદ્ધ ધ્યાનને આર્તરૌદ્રરૂપ - એમ કહેલ છે.

પરપીડેહ સૂક્ષ્માऽપિ વર્જનીયા પ્રયત્નતઃ |
તદ્વત્તદુપકારેऽપિ યતિતવ્યં સદૈવ હિ ||(પરિશિષ્ટ-૪૮)

મૈત્રીપાલનનો અર્થ માત્ર 'અહિત ક્રિયાનો અભાવ' જ કરવામાં આવે અને હિતક્રિયા કરવામાં ન આવે, તો તે ફળપ્રદ પણ નથી.

સર્વ ધર્મો આખરે તો ઈશ્વરપ્રાપ્તિના જ માર્ગો છે. જેમ વર્ષાનું એક બિન્દુ અનેક બિન્દુઓ સાથે નદી-નાળાં વાટે સાગરમાં ભળે છે અને પછી તેનું આગવું અસ્તિત્વ રહેતું નથી, તેમ આત્મસાત્ થયેલા ધર્મસાગરમાં બધા ધર્મો અલગ ન રહેતાં એક જ બની જાય છે.

૦ ભાષાઓ ભલે જુદી - જુદી હોય,
પણ સંગીતની સારેગમ તો સર્વત્ર એક જ છે,
કારણકે સંગીતમાં આત્માનું મિલન છે.
પ્રભુ સુધી પહોંચવાનો એક માર્ગ સંગીત છે.
ઈશ્વર એ જ આજે મનુષ્યજાતની
ઊંડી અને વ્યાપક માંગ છે.
આજ્ઞા = શાસ્ત્રોક્ત વિધિ - નિષેધ.

ज्ञानस्य फलं विरतिः ।
જ્ઞાનમાંથી વૈરાગ્ય જન્મે. સાચું જ્ઞાન વૈરાગ્ય પેદા કરે જ.
सा विद्या या विमुक्तये ।
જન્મ-મરણના બંધનમાંથી મુક્ત કરે તે વિદ્યા.
पढमं नाणं तओ दया ।
પ્રથમ જ્ઞાન પછી દયા. એ જ જ્ઞાનપૂર્વકની ભક્તિ છે.
'नमो अरिहंताणं'मां ४ अतिशय
नमो अरि + हंताणं = અપાયાપગમાતિશય
नमो अरिहं + ताणं = પૂજાતિશય
नमो अरिहंत + आणं = જ્ઞાનાતિશય
{नमो दुर्वाररागादि... = વચનાતિશય
{नमो वीअरागाणं इत्यादि = વચનાતિશય
ઈત્યાદિ ભાવોનું અનુચિંતન ભવનાઈકરણને નક્કર બનાવે
અને એ નમસ્કાર મહામંત્ર તેમાં પોતાની બળ પૂરે છે.
Imp. 'नमो'मां न + अ + म + ओ
એકાક્ષરી કોષના હિસાબે આ ચારે અક્ષરોમાં
न = સૂર્યના પ્રકાશથી, अ = વિષ્ણુ (સ્થિતિ),
म = મહેશ-શિવ (વ્યય) અને ओ = બ્રહ્મા (ઉત્પાદ).
પ્રત્યેક વસ્તુમાં રહેલ દૈવતવાળાં આ ત્રણે મૂળ તત્ત્વો
જાણી-દેખી શકાય છે.

આ રીતે એકમાત્ર 'નમો'માં

ત્રિપદી તથા અ હ મ સુધીના સર્વ અક્ષરો રહેલાં છે. ત્રિપદીને 'ત્રયાતનુ' અથવા 'બીજત્રયી' પણ કહેવાય છે. 'નમો'ના છેલ્લા અક્ષર 'મો'ને ઉલટાવવાથી જેમ ઓમ થાય છે, તેમ નવકારના આખા પ્રથમપદના ઉચ્ચારથી પણ દીર્ઘપ્લુત ઓમના જ દિવ્ય આંદોલનો ઉત્પન્ન થાય છે. પ્રથમ પાંચ પદોને છેડે રહેલ 'ણં'ને જો વાક્યાલંકારરૂપ ગણવામાં આવે તો જેમ અલંકૃત યુવતીનો દેહ જુદા જુદા ભાવો ઉત્પન્ન કરે છે, તેમ અલંકારયુક્ત સૂત્રો કે વાક્યો પણ બોલનારમાં કોઈ અદ્વિતીય ભાવો ઉત્પન્ન કરે છે. જેમ સુવર્ણ કે હીરા-મોતીના ઝવેરાતના દાગીનાનાં શરીરના અંગ-પ્રત્યંગ સાથે થતાં સતત સ્પર્શથી રોમરાજી દ્વારા તે દ્રવ્યોના સૂક્ષ્મ અસરો શરીરમાં પ્રવેશીને કોઈ વિશિષ્ટ શક્તિઓ-ભાવનાઓ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધરાવે છે,

તેમ શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનોમાં પણ

વારંવાર આવતા 'ણં'કારથી એક જાતિનો અનુભવ થાય છે.

स्त्री-क्षौर-मधु-मांसानि रविवारे करोति यः ।
सप्तजन्म भवेद्रोगी जन्मजन्म दरिद्रता ॥

(પરિશિષ્ટ-૪૯)

આજે રવિવારની રજાઓમાં આ ચારે વસ્તુઓ વધતી
જાય છે માટે રોગાદિનું પ્રમાણ પણ વધતું દેખાય છે.

રવિવારે લવણ પણ વર્જનીય કહ્યું છે.

ચણા, તુવેર, અડદ, ચોળા, બેંગણ, ભેંસનું દૂધ-ઘી વગેરેમાં
પૃથ્વીતત્ત્વ-ચરબીની પ્રધાનતા છે, તેથી તેને આમિષરૂપ
કહ્યાં નથી ઘઉં, ચોખા, મગને નિરામિષ દ્રવ્યો કહ્યાં છે.

૦ માનવ પરમાત્માને સર્વ શક્તિમાન માને છે
પરંતુ સર્વજ્ઞ માનતો નથી, તે તેની કમનસીબી છે, નહીં તો
તે ઈચ્છીત વસ્તુ માટે પ્રભુ પાસે યાચના જ કેમ કરે?
શું પ્રભુ તેની જરૂરીયાત જાણતો નથી?
પ્રભુને તો ફક્ત સર્વ સમર્પણ જ કરવાનું રહે છે.

દરેક મહાત્માઓ જુદા-જુદા શબ્દોમાં
તે જ એક વાતને વારંવાર રજુ કરે છે કે
આત્માની આખી જે સાધનાનો પાયો ચિત્તશુદ્ધિ ઉપર છે.
તે પાયો તૈયાર થયા પછી ઈમારત ચણાતા વાર નહિ લાગે.

ચિત્તશુદ્ધિ = અહંકાર નિવૃત્તિ - દીનવૃત્તિ - સમર્પણ ભાવ-
સર્વ પ્રત્યે સમભાવ; આત્મોત્કર્ષ = પરાપકર્ષથી સદા પર.
સાધનાના ટોચ સુધી પહોંચવા પૂર્વાભ્યાસ - સુંદર ચારિત્રની
આવશ્યકતા છે, સામાન્ય માનવનું તો તેમાં ગજુ નથી.

સામાન્ય માનવની દૃષ્ટિ ભેદભાવ વગરની હોતી નથી.
તે પૂર્વગ્રહથી દૂષિત, મારા-તારામાં અટવાયેલી હોય છે.
સામાન્ય માનવ પ્રાયઃ સમન્વયાત્મક બુદ્ધિથી રહિત હોય છે.
ગૂઢ વસ્તુના રહસ્યોને સમજવા તેને માટે અતિ દુષ્કર છે.
ફરી ફરી વાંચીને અભ્યાસ દ્વારા અનુભવ મેળવે,
તેને જ કંઈક સમજાય છે.

સજ્જનને આદર્શ જેવ [illegible] ગાળણના દોષ અને પીણાના ગુણ જુએ છે, જ્યારે તથાભવ્યત્વનો પરિપાક પીણાના દોષ અને ગાળણના ગુણ જુએ છે. ગાળણના ગુણ જોવા તે નમસ્કાર છે, તથાભવ્યત્વનો પરિપાક છે. ગાળણના દોષ જોવા તે અહંકાર છે, સજ્જનનો પરિપાક છે.
પ્રાણિમાત્ર પોતાનાથી અને બાળમાત્ર પરથી છે, એ દૃષ્ટિ નિર્મોહ છે, એથી બોલ અને દ્વેષ બંને જતાં રહે છે.
નાનાએ મોટાની સેવા અને મોટાએ નાનાનું રક્ષણ કરવું
એ જ પરસ્પર સાપેક્ષ સમજાય છે.
એક ચૂકતાં બીજું ચૂકાય છે, તેમાં પહેલું રક્ષણ એ પ્રથમ નંબરે અને બદલામાં સેવા મળવી એ બીજા નંબરે ઘટે.
આમ જગતના સર્વ જીવોનું જીવન પરસ્પર સાપેક્ષ છે.
ઉભય (રક્ષા-સેવા)ના બળે જીવ ઊર્ધ્વગમન કરી શકે છે.

એક જીવની અપેક્ષાએ

મોટાની સેવા અને નાનાની રક્ષા બંને સમાન કક્ષાએ છે.

નાનાની રક્ષા મોટાની સેવાથી અને

મોટાની સેવા નાનાની રક્ષાથી યથાર્થ - ચરિતાર્થ બને છે.

આ દૃષ્ટિએ નમસ્કાર અને સામાયિક બંને સાપેક્ષ છે.

એકના અભાવે બંનેનો અભાવ સમજાય છે, કારણકે

બંનેમાં તાણાવાણાની જેમ નમસ્કાર ભાવ રહેલો છે.

જીવમાત્રને પરસ્પર ભાવોની અસરો થાય છે.

ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય:

એ ત્રણની પ્રરૂપણારૂપ શરીરવાળા અરિહંત 'ત્રયાતનુ'.

યોનિ = ત્રિકોણ, મુદ્રા, આકૃતિ અથવા

मिथः कनिष्ठिके बध्वा तर्जनीभ्यामनामिके ।

अनामिकोर्ध्वसंश्लिष्ट दीर्घमध्यमयोरधः ॥

अंगुष्ठाग्रं द्वयं न्यस्येत् योनिमुद्रेयमीरिता ॥ (परिशिष्ट-५०)

પાતંજલ યોગસૂત્ર પાદ-૨ સૂત્ર-૨૨ ટીકામાં કહ્યું છે કે:

एकात्मश्रुतीनां च प्रमाणान्तरविरोधात् कथंचित्

देशकालादिभागाऽभावेन भक्त्यापि उपपत्तेः ।

અર્થાત્: આત્માનું એકત્વ પ્રતિપાદન કરનાર શ્રુતિમાં

જે એકત્વ જણાવ્યું છે, તે અન્ય પ્રમાણોથી બાધિત છે,

તેથી કથંચિત્ તે એકત્વમાં અભેદ માનવામાં આવે છે.
તે ભક્તિભાવ પ્રદર્શિત કરવા, ઉપચરિત કે ગૌણાર્થક છે.

ભા. વદ ૧૧, ગુરુવાર

સર્વ આસ્તિક દર્શનકારો માને છે કે ધર્મભાવનામાં જે રીતિએ ધર્મનું માહાત્મ્ય વર્ણવ્યું છે, તે પારમાર્થિક છે. મોક્ષમાં મુખ્ય હેતુ પરમાત્માની અલૌકિક કરુણા છે અને તે જીવોના શુભ અદૃષ્ટને આધીન-સાપેક્ષ છે. અનાદિકાલીન શુભતા પણ જીવમાત્ર સાથે રહેલી છે

ઉપરોક્ત આ વાત સર્વ દર્શનોને માન્ય છે.

'નમો અરિહંતાણં'માં...

Most Important

'નમો' એ જીવને ન્યાય છે.
'અરિહં' એ શિવને ન્યાય છે.
'તાણં' એ જગતને ન્યાય છે.

'નમો'માં એક સાથે ક્રોધ, માન, માયા, લોભ એ ચારેનો નાશ કરવાની શક્તિ છે. જીવ, જગત અને ઈશ્વરને એક સાથે સ્મરણ કરવા માટે અને સર્વની ક્ષમા માંગવા માટે નમસ્કારનું પ્રથમપદ પૂર્ણતયા સમર્થ છે. આત્મસમભાવનું કારણ દયા, દયાનું કારણ શ્રુતજ્ઞાન છે. દુરવગાહ શ્રુતજ્ઞાનનો પાર પમાડનાર પંચ નમસ્કાર છે.

આસો સુદ ૭, સોમ

જ્ઞાન અને ચારિત્રનું પરંપરજનક નમસ્કાર છે.
તત્ત્વતઃ નમસ્કાર એ જ્ઞાન અને ચારિત્ર ઉભયરૂપ છે.
સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં પ્રકૃષ્ટભાવ વડે કરાતો એકપણ
નમસ્કાર તેવા પ્રકારના અધ્યવસાયનો હેતુ થાય છે કે જે
અધ્યવસાયથી શ્રેણીની પ્રાપ્તિ કરીને જીવ ભવસાગર તરે.
કાર્યમાં કારણનો ઉપચાર કરીને અહીં કહેવાય છે કે
એકપણ નમસ્કાર સ્ત્રી, પુરુષ યા નપુંસકને ભવસાગરથી
પાર ઉતારે છે. શ્રેણીરૂપી કાર્યનું કારણ નમસ્કાર હોવાથી
'નમસ્કાર જ પાર કરનારો છે' એમ કહ્યું તો છે, કિન્તુ
તો પણ 'ચારિત્રની નિષ્ફળતા સાબિત થશે' એવી શંકા ન
કરવી, કેમકે ચારિત્ર તેવા પ્રકારના અધ્યવસાયરૂપ જ છે.

o विना गुरुभ्यो गुणनीरधिभ्यो
जानाति धर्मं न विचक्षणोऽपि ।
आकर्णदीर्घोज्ज्वललोचनोऽपि
दीपं विना पश्यति नान्धकारे ॥

અર્થઃ ગુણસાગર ગુરુભગવંત વિના ચતુર નર પણ
ધર્મને ન જાણે. કાન સુધીના લાંબા (મનોહર) નેત્રવાળો
વ્યક્તિ પણ દીપક વિના અંધકારમાં જોઈ શકતો નથી.

પાંચ મનનીય અનુપ્રેક્ષા:  ૐ  કારતક સુદ ૫, સોમવાર

(૧) અચિન્ત્યશક્તિયુક્ત દ્રવ્યનો પ્રભાવ એ જ અનુગ્રહ, કૃપા, દયા, ઉપકાર, જે વસ્તુસ્વભાવના નિયમથી થાય.

(૨) પાંચ સમવાયમાં પરમાત્મ અનુગ્રહનો સમાવેશ કર્મ અને પુરુષકાર ઉભયમાં થાય છે. કર્મ શુભ સામગ્રી આપે. અરિહંતાદિની પ્રાપ્તિ શુભકર્મથી છે. તેમના પ્રત્યે નમ્રવૃત્તિ અને આરાધના પર્યંતના ભાવ પુરુષકારરૂપ છે. બંનેમાં પ્રધાનતા અચિન્ત્યશક્તિ યુક્ત અરિહંતાદિ નિમિત્તની છે, તેથી પાંચે સમવાય પ્રભુને આધીન છે, એમ કહી શકાય.

(3) શ્રુતની પ્રાપ્તિમાં શ્રુતબોધ અને સાથે શ્રુતવૃદ્ધિના અભિલાષરૂપ પ્રાર્થના, આશંસા, પ્રણિધાન સહાયક છે. એકલા ઉદ્યમથી શ્રુતસાગરનો પાર કે રહસ્ય ન પમાય.

તે માટે એમ પ્રાર્થનારૂપ પ્રણિધાનની જરૂર છે, એ જ રીતે ચારિત્રની શુદ્ધિમાં સમિતિ-ગુપ્તિ આદિના ઉદ્યમની સાથે ચારિત્ર ધર્મવાનની ભક્તિ, અનુમોદના, નમન, પ્રશંસા આદિ પ્રણિધાન પણ અતિઆવશ્યક છે. પ્રણિધાન કે પ્રાર્થનાશૂન્ય શ્રુત અને ચારિત્ર સાનુબંધ બનતા નથી અને તેથી તેઓ પ્રકર્ષપર્યંત પહોંચતા નથી. ધર્મને બનાવનાર પ્રાર્થના, સ્તુતિ, અભિલાષ ઇત્યાદિ છે.

અભિલાષાદિ ઉત્પાદક શ્રુત સમ્યગ્દર્શન શુદ્ધિકારક છે.
ઉદ્યમાદિમાં પ્રેરક શ્રુત એ ચારિત્રમાં પરમ સહાયક છે.

(૪) પ્રેક્ષાપૂર્વકારિ સ્તવમાં પ્રવૃત્તિ કરે,
તેમાં સ્તોતવ્ય સંપદા, તેના હેતુની સંપદા પ્રત્યે જિજ્ઞાસા, પરંપરા મૂલશુદ્ધિનું અન્વેષણ, ફલપ્રધાન, પ્રવૃત્તિશીલ, વિશુદ્ધિ નિપુણારંભ, સામાન્ય અને વિશેષરૂપ ફલદર્શી, વિશિષ્ટ નિશ્ચયપ્રિય, અતિગંભીર, ઉદાર, દીર્ઘદર્શીપણું
ઇત્યાદિ કારણો હેતુઓ આપી શકાય.

(૫) પ્રભુમાં ક્ષાયિકી દયા માનવામાં બાધ નથી, એ રીતે ક્ષયોપશમ ભાવનાં ગુણો ક્ષાયિકભાવ વખતે કાયમ રહે છે.

o પ્રપંચ શબ્દમાં : પ્ર = પરબ્રહ્મ, પંચ = પાંચ ભૂત.
વંધ્યા સ્ત્રી ખરી અને સુત ખોટો. એ જેના યોગ વડે 'વંધ્યાસુત' એ મિથ્યા. તેમ બ્રહ્મ ખરું અને પંચભૂત ખોટું. જેના યોગથી પ્રપંચ એટલે વિશ્વ, તે મિથ્યાપદાર્થ. બ્રહ્મચૈતન્યનાં જીવ અને ઈશ્વર એવાં બે રૂપ ઉપર જ સંસાર ઘડાયો છે. ચૈતન્યનો જીવભાવ અવિદ્યા ઉપર અને ચૈતન્યનો ઈશભાવ વિદ્યા ઉપર બંધાયેલો છે.
જ્યારે જીવની વિષયભોગની વાસના ટળે,
ત્યારે દ્વૈતભાવ એની મેળે અળપાઈ (દૂર થઈ) જાય છે.

## ચાર પ્રકારે વાણી

(૧) પરાવાણીમાં શબ્દ વાચક અને અર્થ વાચ્ય સંયુક્ત દશામાં રહેલ છે. વાચક અને વાચ્ય અંશ સંયુક્ત રહે છે. આપણા ઘણું એટલે પરાવાણીમાં ગુપ્ત રહે છે.

(૨) જ્યારે વાચક શબ્દ અને વાચ્ય અર્થને બુદ્ધિમાં સમજી શકે, ત્યારે તે પશ્યંતીવાણી ગણાય છે.

(૩) મધ્યમાવાણી આગળ વધીને પ્રાણના વેગથી મુખનાં વાણીનાં સ્થાનને સંદર્ભે ઢીલ આપે છે અને અર્થમય વિચારને જ સંદર્ભે ઉચ્ચરિત શબ્દના રૂપથી સમજે છે.

(૪) મધ્યમાવાણી અંતઃસંકલ્પનું રૂપ બદલીને બહારના મનુષ્ય સમજી શકે તેવા વર્ણ, પદ અને વાક્યના રૂપમાં કંઠાદિ સ્થાનો સાથે અથડાઈ વૈખરી રૂપે બહાર આવે છે. આ વૈખરીવાણીમાં ઘોષ (નાદ) વેરાય છે કે ખરે છે.

0 વિજ્ઞાનયુગે માનવ સમક્ષ નિકંદનની કે પરિવર્તનની જે પસંદગી મૂકી છે, તે આપણા ઉપર છે.

0 સાહિત્યનો ધ્યેય આદર્શ રજૂ કરવાનો હોવો જોઈએ, કેવળ મનોરંજનનો નહિ.

o

*Trust in the Divine and you will always be protected.*

# નવકારમંત્ર પદ

મહામંત્ર છે મહીમો જગમાં, એક જ આ નવકાર રે...
ધૂન લગાવો સાથે મળી સૌ, એ છે તારણહાર રે ...(૧)
નમઉ અરિહંતાણં કહેતાં, કરીએ સાગર પાર રે ...(૨)
નમસ્કાર હોજો સિદ્ધોને, કોટિ કોટિ વાર રે ...(૩)
હે આચાર્ય ભગવંતોને હું, વંદુ વારંવાર રે ...(૪)
ઉપાધ્યાય ઉપદેશ કરીને, કરે સૌનો ઉદ્ધાર રે ...(૫)
સાધુની સેવા કરવાને, થાજો સૌ તૈયાર રે ...(૬)
એ પાંચેની ભક્તિ કરીને, સફળ કરો અવતાર રે ...(૭)
આ નવકારમાં અનેક ગુણો છે, કહેતા ના'વે પાર રે ...(૮)
એમાં ચૂલિકાઓ સમાણી, ચૌદ પૂરવનો સાર રે ...(૯)
ધન્ય ધન્ય અવતાર જેનો, સમરે આ નવકાર રે ...(૧૦)
મહામંત્રને સદા એ સમરી, મળી સહુ નરનાર રે ...(૧૧)
જેના પ્રભાવે જૈન શાસનમાં, વર્તે જયજયકાર રે ...(૧૨)

o

અનાદિના નાદનો રે, કિસ્સો વિશેષ કહાય?
એ તો મધ્યમા-વૈખરી રે, વચન ઉલ્લેખ કરાય રે. (૧)
ધ્યાન ટાણે પ્રભુ તું હોવે રે, અલખ અગોચર રૂપ:
પરા-પશ્યંતી ભાષાને રે, ગ્રંથ પ્રમાણે મુનિરૂપ રે. (૨)
લખિયા વંદી કુંદનલાલ...

## અભિનન્દન જિન સ્તવન

પ્રભુ તુજ દરિશન મળીયો અલવે,*
મન થયો હવે હળવે હળવે,
સાહિબા અભિનંદન દેવા,
મોહના અભિનંદન દેવા,
પુણ્યોદય એ મોટો માહરો,
અણચિંત્યો થયો દરિશણ તાહરો. સા...(૧)
દેખત ખેવ* હરી મન લીધું,
કામણગારે કામણ કીધું,
મનડું જાયે નહીં કોઈ પાસે,
રાત દિવસ રહે તાહરી પાસે. સા...(૨)
પહેલું તો જાણું હતું સોહેલું,
પણ મોટા'શું મળવું દોહેલું,
સોહેલું જાણી મનડું વળગ્યું,
થાય નહિ હવે કીધું અળગું. સા...(૩)
રૂપ દેખાડી હોઓ અરૂપી,
કીમ ગ્રહવા એ અકળ સ્વરૂપી?
તાહરી વાત ન જાણી જાયે,
કહો મનડાની શી ગતિ થાયે? સા...(૪)

* અલવે = આ અવસરે, ખેવ = તરત જ.

પહેલાં જ્ઞાન પછી કરે ક્રિયા,
તે પરમારથ સુજ્ઞના દરિયા,
વસ્તુ જાણ્યે મન દોડાવે,
તે તો મૂરખ બહુ પસ્તાવે. આ...(૫)
તે માટે તું રૂપી-અરૂપી,
તું શુદ્ધ, બુદ્ધ ને સિદ્ધ સ્વરૂપી,
એહિ સ્વરૂપ ગ્રહીનું જગ તારવું,
તવ ભવરહિત થવું મન મારવું. આ...(૬)
નિજ ગુહ્ય જ્ઞાન-ધ્યાનમાં રહીયે,
ઈમ સહજું પણ સુલભ જ કહીયે,
માનવિજય વાચક પ્રભુ ધ્યાને,
અનુભવરસમાં લહ્યો એકતાને. આ...(૭)

°

ૐમિતિ એકાક્ષરં બ્રહ્મ ।
ૐમિતિ એકાક્ષરં આત્મા ।
નામે તો જગમાં રહ્યો, સ્થાપના પણ તિમહી,
દ્રવ્યે ભવમાંહે વસે, પણ ન કળે કીમહી. ...(૧)
ભાવપણે સવિ એકરૂપ, ત્રિભુવન મેં ત્રિકાળે,
તે *પારગને વંદીયે, ત્રિહું યોગે સ્વભાવે. ...(૨)

*પારગ = પરમાત્માને

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૯)**
તે કાલે તે સમયે પ્રભુ મહાવીરના ઘણા બધા નિર્ગ્રંથ શિષ્યો મન વડે જીવોને અનુગ્રહ કરવા સમર્થ હતા, એટલે મન વડે જ શ્રાપ કે અનુગ્રહ કરવા સમર્થ હતા, એવી જ રીતે વાણી અને કાયા વડે પણ. - શ્રી ઔપપાતિક સૂત્ર

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૯)**
ગુરુનો એક ગુણ 'સર્વ જીવોના હિતને શોધનારા' તેવા તેવા વિવિધ ઉપાયોને ગ્રહણ કરવા વડે સામાન્યથી સર્વ જીવોને પ્રિય (ગમતું) કરવામાં પરાયણ (તત્પર) હોય. - ધર્મસંગ્રહ

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૦)**
જેને 'મેં કર્યું' આવો અહંકારભાવ નથી અને જેની બુદ્ધિ લેપાતી નથી, તે આ લોકોને હણીને પણ હણાતો નથી કે (કર્મથી) બંધાતો નથી.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૧)**
હે અર્જુન! યંત્રમાં આરૂઢ થયેલા સર્વ જીવોને માયા વડે ભમાવતા ઈશ્વર સર્વ જીવોના હૃદયમાં જ રહે છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૪)**
જ્ઞાનાદિમય શુભ પરિણામ એ નિશ્ચય સમ્યક્ત્વ અને બીજું અર્થાત્ વ્યવહાર સમ્યક્ત્વ તે તમારૂં સાધુપણું, તે સમ્યક્ત્વનું કારણ કહેલું છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૪)**
સર્વ જીવો પ્રત્યે મૈત્રી, ગુણવાન પ્રત્યે પ્રમોદ, અવિનયી પ્રત્યે માધ્યસ્થ્ય અને દુઃખી જીવો પ્રત્યે કરૂણા - આ ચાર ભાવનાઓ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ છે. જેના વડે તે જણાઈ નથી કે અભ્યાસ કરાઈ નથી, તેઓને ધર્મ અત્યંત દુર્લભ છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૩૩)**
હે નાથ! (તારી-મારી વચ્ચેનો) ભેદ દૂર થયે છતે પણ તારો હું છું પણ તું મારો

નથી, કારણકે સમુદ્રનો તરંગ કહેવાય પણ સમુદ્રને કયારેય તરંગ કહેવાતો નથી.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૫૬)**

સર્વ જીવોમાં રહેલા આત્માને અને પોતાના આત્મામાં રહેતા સર્વ જીવોને જે યોગયુકત આત્મા જુએ છે, તે બધે સમાન દ્રષ્ટિવાળો બને છે. - ૬-૨૯

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૫૬)**

રાગાદિથી અદૂષિત હૃદય, જુઠું ન બોલતી સારી વાણી અને હિંસાદિથી રહિત કાયા આ ત્રણે કેશવ (પરમાત્મા)ની આરાધના સ્વરૂપ છે. ચિત્ત પ્રસન્નતા, સમતા, મૌન, આત્માનો નિગ્રહ અને ભાવોની અત્યંત શુદ્ધતા, એ પાંચ માનસિક તપ કહેવાય છે. - ૧૭-૧૬

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૫૭)**

કોઈને ઉદ્વેગ ન કરે, સત્ય-પ્રિય-હિતકારી બોલવું તથા વારંવાર અભ્યાસ કરવો, તે વાણીનો તપ કહેવાય છે. - ૧૭-૧૫

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૫૭)**

દેવ-બ્રાહ્મણ-ગુરુ-પંડિતોની પૂજા, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા, એ પાંચ શારીરિક તપ કહેવાય છે. - ૧૭-૧૪

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૫૭)**

મારો આત્મા તું છે, મતિ પાર્વતી છે, પ્રાણો સહચર છે, શરીર ઘર છે, વિષયોના ઉપભોગની રચના એ તારી પૂજા છે, સમાધિની અવસ્થા તે નિદ્રા છે, પગનો સંચાર એ પ્રદક્ષિણા વિધિ છે, સર્વ વાણી એ સ્તોત્રો છે તથા જે-જે કાર્ય હું કરૂં છું, તે-તે બધું હે શંભુ! તારી આરાધના સ્વરૂપે છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૫૭)**

દેહનું અભિમાને ગળે છતે અને પરમાત્મા જણાયે છતે જયાં-જયાં મન જાય છે, ત્યાં-ત્યાં વધુને વધુ શ્રેષ્ઠ પ્રાપ્ત થાય છે.

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૬૬)

જ્યારે આના હૃદયમાં રહેલી જે સર્વ ઈચ્છાઓ સંપૂર્ણ છોડાય છે હવે, (ત્યારે) મનુષ્ય અમર થાય છે અને બ્રહ્મ સમાન થાય છે. વિષયમાં દોષને જોઈને જે બુદ્ધિશાળી, પંડિત પુરૂષો ઈચ્છાઓના બંધનથી મુકત થાય છે, તે મુક્તિના માર્ગમાં જનાર છે. વસ્તુનું યથાર્થ દર્શન, એના અનર્થોનું ચિંતન એ સંકલ્પમાત્ર એવી પણ ઈચ્છાઓના વધના ઉપાય તરીકે ઈચ્છાય છે.

સાંભળેલી કે જોયેલી પણ ભોગવવા યોગ્ય એવી જે કોઈ વસ્તુમાં 'આ સારૂં છે' એવી બુદ્ધિનો ત્યાગ થાય, તો ઈચ્છાઓ ક્યારેય ઉદય પામે નહીં.

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૭૧)

તત્ત્વના અર્થનો બોધ તે જ્ઞાન, સમાધિ તે પ્રસન્નતા, બધાનાં સુખની ઈચ્છા તે દયા, સમાન ચિત્તપણું તે સરળતા, ક્રોધ એ દુર્જયશત્રુ, લોભ એ અંત ન થાય તેવો રોગ, સર્વ જીવોનું હિત કરે તે સજ્જન અને નિર્દય હોય તેને દુર્જન કહેલો છે.

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૮૨)

નેત્રોમાં સજલતા, મુખ ઉપર મનોહરતા, શરીર ઉપર સ્નિગ્ધતા, વાણીમાં મધુરતા, હૃદયમાં દયાળુતા, વિષયોમાં નિર્લેપતા, કાર્યમાં નિરાસકતતા, ફળમાં નિર્લોભતા, ભોજનમાં અલ્પતા, વર્તનમાં ઉદારતા, ગુરુ પ્રત્યે શરણતા, ઈશ્વર પ્રત્યે એકાગ્રતા અને ભજનમાં નિર્લજ્જતા જોઈએ.

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૦૬)

તૃણથી પણ અત્યંત નમ્ર, વૃક્ષથી પણ સહિષ્ણુ, માન વિનાનાં અને માન આપનારા થવા વડે હમેંશા પ્રભુ કીર્તન કરવા યોગ્ય છે.

## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૧૩)

છ પ્રકારના દ્રવ્ય માનેલા છે, તેમાં પુરુષને અત્યંત ધ્યાન કરવા યોગ્ય છે. દ્રવ્યધ્યેય બહારની વસ્તુઓ છે અને ચેતનાસ્વરૂપ ચેતના એ ભાવધ્યેય છે. વળી ધ્યાનના પર્યાયો ધ્યેય સમાન જ હોય છે.

### પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૧૮)
'પહેલું અભિન્ન છે અને બીજું ભિન્ન છે' એમ ત્યાં સુધી જ કહેવાય છે, જ્યારે ભિન્નમાં અભ્યાસ થયા પછી અનાકૂલપણે અભિન્નમાં ધ્યાન કરે છે.

### પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૨૬)
સર્વ જીવોનો અદ્વેષી મૈત્રીસભર, કરૂણાવાન, મમતારહિત, નિરંહકારી, સુખ અને દુઃખ પ્રત્યે સમાન મનવાળો તથા ક્ષમાવાન હોય છે. - गीता, अ. १२

### પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૪૦)
સર્વ જીવોને વિષે મૈત્રી, અધિક ગુણવાન ઉપર પ્રમોદ, અવિનિત ઉપર માધ્યસ્થ અને દુઃખી જીવો ઉપર કરૂણા વડે વાસિત થયેલું કોઈક પુન્યશાળીનું અંતઃકરણ ૪૨ પ્રકારે શુભ કર્મ (પુન્ય) બાંધે છે.

### પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૪૫)
જડબુદ્ધિવાળો જીવ પુષ્પો માટે તળાવમાં જાય, નિર્જન ઘોર જંગલમાં પ્રવેશે અને વિશાળ પર્વત ઉપર ભમે. આટલું કષ્ટ સહન કરવાની બદલે હે શંકર! આપને સારી ભાવનાવાળું એક માત્ર ચિત્ર સમર્પણ કરીને સૂખપૂર્વક રહેવાનું અહો, આ માનવ કેમ નથી જાણતા?

### પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૪૮)
વિષયોને વિશે દૂર ન કરી શકાય એવી જે પ્રીતિ અવિવેકીઓને છે, તે પ્રીતિ તને યાદ કરતા એવા મારા હૃદયમાંથી દૂર થાઓ. - વિષ્ણુપુરાણ

### પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૪૯)
અલૌકિકને વિષે સ્નેહ, પ્રેમ અને શ્રદ્ધાનો અતિરેક તે અનુરાગનું સ્વરૂપ છે. પૂજાદિને વિષે અનુરાગ તે 'ભક્તિ' છે. ન કહેવાય એવી ક્રિયા અને કદી જોવાય નહીં એવું જે કાંઈપણ તે કરે છે, તે કામની ચેષ્ટા છે.

### પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૫૦)
શિષ્યના શરીરમાં કૃપા દ્વારા જોવાથી, સ્પર્શ કરવાથી અને શબ્દથી જે પરમાત્માનો પ્રવેશ કરાવાય છે, તે દેશિક છે. - યોગવશિષ્ઠ

જેમ ગુરૂમહારાજ તેમ જ ભગવાન અને જેમ ભગવાન તેવી જ રીતે ગુરૂમહારાજ - અત્યંત ભક્તિપૂર્વક પૂજા કરવા યોગ્ય છે. તે બંનેમાં કોઈ ભેદ નથી.

- યોગશિખોપનિષદ

**પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૬૩)**

પોતાની નિંદા અને બીજાની પ્રશંસારૂપ જ્ઞાનને અનુકૂળ વ્યાપાર, એ નમસ્કાર પદનો અર્થ થાય છે.

**પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૧૭૭)**

અજીર્ણના ભયથી આહારનો ત્યાગ કરાતો નથી, ભિખારીના ભયથી થાળીનો ત્યાગ કરાતો નથી, (વાળની) જૂ નાં ભયથી કપડાનો ત્યાગ કરાતો નથી.

**પરિશિષ્ટ - ૨૮ (પૃષ્ઠ ૧૭૮)**

જે એકમાત્ર બ્રહ્મ વડે આકાશની જેમ હંમેશા પૂર્ણ રહે છે અને જેની આસપાસ ઘણા લોકો હોવા છતાં જે શૂન્ય અર્થાત્ એકાંત અનુભવી શકે છે, તે 'બ્રાહ્મણ' કહેવાય છે. જે બ્રહ્મરમણતામાં સર્વ જીવોને આત્મસ્વરૂપે જ જાણતો હતો, તે સમયે એકત્વ (જીવો સાથે અભેદ)ને અનુભવતા એવા તે આત્માને વળી મોહ શું અને શોક શું?

**પરિશિષ્ટ - ૨૯ (પૃષ્ઠ ૧૭૯)**

અભયદાન, સત્ત્વની શુદ્ધિ, જ્ઞાનયોગમાં દઢતા, દાન, ઈન્દ્રિયોનું દમન, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, ક્રોધ, ત્યાગ, શાન્તિ, અપૈશુન, પ્રાણીઓને વિશે દયા, અલોલુપતા, માર્દવ, લજ્જા, અચપલતા, તેજ, ક્ષમા, ધૃતિ, પવિત્રતા, અદ્રોહ, નિરાભિમાનતા... હે ભરત! ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયેલાને આ ગુણોરૂપી દૈવી સંપત્તિ પ્રાપ્ત થાય છે તથા હે અર્જુન! દંભ, દર્પો, અભિમાન, ક્રોધ, પારુષ્ય (કઠોરતા) અને અજ્ઞાન... ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયેલાને આ આસુરી સંપત્તિ પ્રાપ્ત થાય છે. - ૧ થી ૪

**પરિશિષ્ટ - ૩૦ (પૃષ્ઠ ૧૮૦)**

શાન્ત, દાન્ત, સહનશીલ તથા સમાધિવાન થઈને (સાધક) આત્મામાં જ આત્માને જુએ છે. દઢ ભાવના દ્વારા દૂર કરી છે પૂર્વાપર વિચારણા, એ આત્માનું જે પદાર્થનું ગ્રહણ કરવું, તે 'વાસના' કહેવાય છે.

ॐ

## પરિશિષ્ટ - ૩૧ (પૃષ્ઠ ૧૮૦)

ખરેખર સર્વલોકને સંતોષ થાય એવો કોઈ ઉપાય નથી, તેથી સર્વથા પોતાનું હિત આચરવું. ઘણું બોલવાવાળો માણસ શું કરશે?

## પરિશિષ્ટ - ૩૨ (પૃષ્ઠ ૧૮૧)

આ આત્મા, પ્રવચન, બુદ્ધિ કે ઘણા શ્રુત વડે મેળવાય એવો નથી. ઘણા શાસ્ત્રોની કથા-સ્વરૂપકથાને ફોગટ જ મંથન કરવા વડે શું? તત્ત્વને જાણનારાઓ વડે પ્રયત્નપૂર્વક આંતરજ્ઞાનને શોધવું જોઈએ.

## પરિશિષ્ટ - ૩૩ (પૃષ્ઠ ૧૮૨)

દેહ અત્યંત મલિન છે અને દેહી (આત્મા) અંત્યત નિર્મળ છે. આ બંનેનું અંતર જાણીને કોને પવિત્ર કરવું (તે વિચારો).

## પરિશિષ્ટ - ૩૪ (પૃષ્ઠ ૧૮૨)

(૧) લોહી, પરૂ, વિષ્ટા, મૂત્ર, સ્નાયુ, મજ્જા, અસ્થિના સમૂહવાળા એવા મારા દેહમાં જો પ્રીતિવાળો છે, તો મૂઢ એવો તે નરકમાં જ ઉત્પન્ન થશે.

(૨) જે પુરૂષ પોતાના દેહની અશુચિની ગન્ધ વડે વૈરાગ્ય નથી પામતો, તેને બીજું કયુ વૈરાગ્યનું કારણ ઉપદેશાય?

## પરિશિષ્ટ - ૩૫ (પૃષ્ઠ ૧૮૨)

સત્વગુણથી જ્ઞાન થાય છે, રજસગુણથી લોભ જ થાય છે, તમસગુણથી પ્રમાદ અને મોહ થાય છે અને આ બંને અજ્ઞાન જ છે.

## પરિશિષ્ટ - ૩૬ (પૃષ્ઠ ૧૮૨)

(૧) કલેશરૂપી કાજલને ધારણ કરનારી દુષ્ટ સ્પર્શવાળી પણ આંખને પ્રિય લાગતી, દુષ્કૃત રૂપી અગ્નિની શિખા સમાન સ્ત્રીઓ તૃણની જેમ મનુષ્યોને બાળે છે.

(૨) કામ નામના ભિલ્લ વડે મુગ્ધ ચિત્તવાળા એવા નર-નારીઓનાં અંગબંધન માટે જાળ વિકુર્વી છે.

## પરિશિષ્ટ - ૩૭ (પૃષ્ઠ ૧૮૨)

સાધુના હાથ-પગ ચપળ ન હોય, નેત્ર ચપળ ન હોય અને વાણી પણ ચપળ ન હોય. શિષ્ટપુરૂષનાં આ લક્ષણો બતાવ્યા છે.

## પરિશિષ્ટ - ૩૮ (પૃષ્ઠ ૧૮૩)

ભિક્ષુ અજિહ્વ, નપુંસક, પાંગળો, અંધ, બધિર અને મુગ્ધ - આ છ વિશેષણો વડે કહેવાય છે, તેમાં સંશય નથી.

## પરિશિષ્ટ - ૩૯ (પૃષ્ઠ ૧૮૩)

વિષયોના સાંન્નિધ્યમાં સમર્થ, અવિકલેન્દ્રિય, સૂતેલાની જેમ હંમેશા વર્તતો હોય, તે ભિક્ષુ 'મુગ્ધ' કહેવાય છે. નિંદા ન કરે, સ્તુતિ ન કરે, કોઈ મર્મને ન સ્પર્શે, બહુ બોલનારો ન હોય - આ ગુણોવાળો દરેક જગ્યાએ સમતાવાન થાય. તે સ્ત્રીઓ સાથે ન બોલે, પૂર્વે જોયેલું સ્મરણ ન કરે અને સ્ત્રીકથા ન કરે, તેઓનું લખેલું પણ ન જુએ.

## પરિશિષ્ટ - ૪૦ (પૃષ્ઠ ૧૮૫)

(૧) 'નિર્મળ ભાવ વડે વારંવાર પરસ્પર ચર્ચા-વિચારણા કરેલું શાસ્ત્ર સાચું જ છેજી એવી વાસનાથી મૌન થઈ જવા સિવાય શ્રેષ્ઠ પદ કોઈ નથી અર્થાત્ સમ્યગ્જ્ઞાન પામીને મૌન થવું.

(૨) (તે જીવ પરમાત્મા બને છે કે જે) સંતોષપૂર્વક ભોગવાયેલો ભોગ સંતોષ માટે થાય છે, જાણીને મદદ કરાયેલો ચોર મિત્ર બનીને ચોરપણું છોડી દે છે.

(૩) જે ભવિષ્યની કલ્પનામાં રાચતો નથી, ભૂતકાળનો શોક કરતો નથી અને વર્તમાનના સમયને હસતો જ અનુવર્તીને જીવે છે. જેવા પ્રકારનો સિદ્ધ ભગવાનનો સ્વભાવ છે, તેવા પ્રકારનો સર્વ જીવોનો સ્વભાવ છે. તેથી ભવ્ય જીવો વડે આ સિદ્ધાંતમાં જ રૂચિ કરવા યોગ્ય છે. - સિદ્ધપ્રાભૃત ટીકા

## પરિશિષ્ટ - ૪૧ (પૃષ્ઠ ૧૮૫)

ભગવાનને જાણીને સર્વ પાશ દૂર થાય છે, કલેશ ક્ષય થવાથી જન્મ-મૃત્યુ ક્ષય થાય છે. અધ્યાત્મ યોગની જાણકારી વડે દેવને જાણીને હર્ષ-શોક તજાય છે.

## પરિશિષ્ટ - ૪૨ (પૃષ્ઠ ૧૮૬)

મનુષ્યોનું મન જ કર્મબંધ અને મોક્ષનું કારણ છે. વિષયમાં આસક્ત મન કર્મબંધ માટે થાય છે અને વિષય વગરનું મન મુક્તિ માટે થાય છે. જે કારણથી નિર્વિષય એવા આ મનની મુક્તિ ઈચ્છાય છે, તે કારણથી મુમુક્ષુ વડે મનને હમેંશા નિર્વિષયી બનાવવું. જ્યારે હૃદયમાં સમ્યગ્ નિરોધ કરેલું મન ઉન્મનીભાવને પામે છે, ત્યારે તે પરમપદને પામે છે. ત્યાં સુધી જ મનનો રોધ કરવો કે જ્યાં સુધી હૃદયમાં રહેલો વિષયાસંગ ક્ષય થાય. આ જ જ્ઞાન અને ધ્યાન છે, બાકી યુક્તિઓનો વિસ્તાર છે. અસુર લોકો પ્રવૃત્તિ અને નિવૃત્તિ (વિવેક) જાણતા નથી. પવિત્રતા કે આચાર કે સત્ય તેઓમાં હોતું નથી. તે લોકો જગતને અસત્, અપ્રતિષ્ઠ અને ઈશ્વર વગરનું કહે છે. વળી તેઓ જગતને પરસ્પર કાર્ય-કારણભાવ વિનાનું અને માત્ર વિષયોની ઈચ્છાપૂર્તિનું કારણ કહે છે. - અ. ૭, શ્લોક ૭ - ૮

## પરિશિષ્ટ - ૪૩ (પૃષ્ઠ ૧૮૭)

જડમાં આત્મભાવથી અને શરીરભાવથી પુત્ર, પત્ની, કુટુંબ વડે ચિત્ત કર્મથી પુષ્ટ થાય છે. અહંકારનાં વિકાસથી મમતારૂપી મલની લીલાપૂર્વક 'આ મારૂં' એ પ્રમાણેનાં ભાવથી ચિત્ત કર્મથી પુષ્ટ થાય છે. આધિ-વ્યાધિ હોવા છતાં ભોગવિલાસનું આશ્વાસન હોવાના કારણે સંસારમાં આ છોડવા જેવું અને આ છોડવા જેવું નથી, એવો વિભાગ ન કરવાથી ચિત્ત કર્મથી પુષ્ટ થાય છે. માત્ર શરૂઆતમાં જ મનોહર પરિણામે નહીં એવા સ્નેહથી, ધનના લોભથી, મણિ અને સ્ત્રીઓના લાભથી ચિત્ત કર્મથી પુષ્ટ થાય છે. દુરાશા રૂપ ખીર પીવાથી, ભોગરૂપી પવનના બળથી અને કાયમ રહેવાનું છે એવા આચરણથી ચિત્ત કર્મથી પુષ્ટ થાય છે. - યોગવશિષ્ઠ

## પરિશિષ્ટ - ૪૪ (પૃષ્ઠ ૧૮૮)

હાથને હાથ વડે દબાવીને, દાંતોનો દાંતો વડે ચૂરો કરીને, અંગોને અંગો વડે આક્રમણ કરીને અર્થાત્ અત્યંત દૃઢ સંકલ્પ કરીને પહેલા પોતાના મનને જીતો.

## પરિશિષ્ટ - ૪૫ (પૃષ્ઠ ૧૮૯)

અંદર શીતળતા મેળવાયે છતે આખું જગત શીતળ છે, અંદર તૃષ્ણાથી યુક્ત હોય તેને આ જગત દાવાનળ સમાન છે.

પરિશિષ્ટ - ૪૬ (પૃષ્ઠ ૧૯૦)
સંતોષી, સતત યોગી, પુરુષાર્થવાળો, દૃઢ નિશ્ચયવાળો, મારામાં જ મનને અર્પણ કરેલો જે મારો ભકત છે, તે મને પ્રિય છે.

પરિશિષ્ટ - ૪૭ (પૃષ્ઠ ૧૯૦)
ન મમ = મારૂં કંઈ નથી. મમ = મારૂં છે. આ બે પદો મોક્ષ અને કર્મબંધના છે. 'મમ' પદથી જીવ બંધાય છે અને 'ન મમ' પદથી જીવ મુકત થાય છે.

પરિશિષ્ટ - ૪૮ (પૃષ્ઠ ૧૯૪)
અહીં સૂક્ષ્મ પણ પરપીડા પ્રયત્નપૂર્વક ત્યાગ કરવા યોગ્ય છે. તેની જેમ ઉપકાર કરવામાં પણ હમેંશા પ્રયત્ન કરવો જોઈએ.

પરિશિષ્ટ - ૪૯ (પૃષ્ઠ ૧૯૬)
જે વ્યક્તિ રવિવારે સ્ત્રીસંભોગ, હજામત, મધ અને માંસનો ઉપયોગ કરે, તે સાત જન્મ સુધી રોગી અને ભવોભવ દરિદ્રતાને પામે છે.

પરિશિષ્ટ - ૫૦ (પૃષ્ઠ ૧૯૯)
પરસ્પર કનિષ્ઠાને બાંધીને, તર્જનીઓ વડે અનામિકાઓને બાંધીને અનામિકાને ઉંચી જોડ રાખી લાંબી કરવી, બે મધ્યમાને નીચી રાખવી તથા બંને અંગુઠાને આગળ રાખવા, તે 'યોનિમુદ્રા' કહેવાય છે.







ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ - ૧૯૭૧ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# હ્રીંકાર માહાત્મ્યમ્

હ્રીં એ ત્રિભુવનસ્વામિની છે.

ત્રૈલોક્યાક્ષર હ્રીંકાર એ

સાધકનું હિત, લાભ, શુભ, કલ્યાણાદિ કરનારો છે.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in